અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ જુલાઈ ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ વદ ૧૦ | અંક : ૩૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### લોકસભામાં રાહુલ ગાંધીના શાબ્દિક પ્રહારો

## બજેટમાં ખેડૂતો અને મધ્યમ વર્ગ માટે કાંઈ પણ નથી : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

લોકસભામાં કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ ખેડૂત, પેપર લીક, દેશમાં ફેલાયેલો ડર, બજેટ અને ટેક્સ સાથે જોડાયેલા મુદ્દા પર મોદી સરકારને ઘેરી છે. રાહુલે કહ્યું કે દેશમાં ડરનો માહોલ છે. આ ડર સમગ્ર દેશમાં ફેલાયેલો છે. બીજેપીના અંદરના લોકો ડરેલા છે. મંત્રીઓ ડરેલા છે અને દેશના ખેડૂતો ડરેલા છે. રાહુલ ગાંધીએ તે પછીથી અભિમન્યુ સાથે જોડાયેલી પ્રાચીન ઘટનાનો ઉલ્લેખ કરતા સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે હજારો વર્ષ પહેલા હરિયાણામાં અભિમન્યુને ૬ લોકોએ ચક્રવ્યુહમાં મારી નાંખ્યો હતો. ચક્રવ્યૂહની અંદર ડર અને હિંસા થાય છે અને અભિમન્યુને તેમાં ફસાઈને ૬ લોકોએ મારી નાંખ્યા હતા.

તેમણે કહ્યું કે મેં ચક્રવ્યહૂ વિશે રિસર્ચ કર્યું અને જાણયું કે તેનું બીજું નામ હોય છે- પદ્મવ્યૂ, જે કમળના ફૂલના આકારનું હોય છે. રાહુલ ગાંધીએ આગળ કહ્યું કે ૨૧મી સદીમાં એક નવો ચક્રવ્યૂહ આવ્યો છે, તે પણ કમળના આકારનો છે. જે ચક્રવ્યૂહમાં અભિમન્યુને ફસાવવામાં આવ્યો હતો, આ જ વાત હિન્દુસ્તાનની જનતાની સાથે થઈ રહી છે. હિન્દુસ્તાનના યુવાનો, ખેડૂતો, માતાઓ-બહેનો, સ્મોલ અને મીડિયમ બિઝનેસની સાથે કરવામાં આવી રહ્યું છે. આ ચક્રવ્યુહનું ચિન્હ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની છાતી પર લઈને ચાલી રહ્યાં છે. મહાભારતવાળા ચક્રવ્યૂહના ૬ લોકો દ્રોણાચાર્ય, કર્ણ, કૃપ ાચાર્ય, કૃતવર્મા, અશ્વધામા અને શકુની કન્ટ્રોલ કરી રહ્યાં હતા. આજે પણ ૬ લોકો કન્ટ્રોલ કરી રહ્યાં છે. જેમાં નરેન્દ્ર મોદીજી, અમિત શાહ જી, મોહન ભાગવત જી, અજિત ડોવાલ જી, અંબાણી અને અદાણી જી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે બજેટમાં તમે ઈન્ટર્નશીપ પ્રોગ્રામની વાત કરી અને કહ્યું કે ઈન્ટર્નશીપ પોગ્રામ હિન્દુસ્તાનની પાંચ સૌથી મોટી કંપનીઓમાં થશે. તો આપણા દેશના ૯૯ ટકા યવાઓને આ પોગ્રામથી કોઈ ફાયદો થવાનો નથી. બજેટ સ્પીચનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે નાણાં મંત્રી નિર્મલા સીતારમણે પેપર લીક વિશે બજેટ સ્પીચ દરમિયાન કઈ કહ્યું નથી અને એજ્યુકેશન સેક્ટર માટે આ વખતે ઓછા પૈસા આપવામાં આવ્યા છે. યુવાઓ માટે પેપર લીક સૌથી જરૂરી મુદ્દો છે, તેમણે આ અંગે એક શબ્દ પણ કહ્યો નથી. તમે એક તરફ પેપરલીક ચક્રવ્યૂહ અને બીજી તરફ બેરોજગાર ચક્રવ્યૂ બનાવી દીધો છે.

### રાહુલએ ખેડૂત, પેપર લીક, દેશમાં ફેલાયેલો ડર, બજેટ અને ટેક્સ સાથે જોડાયેલા મુદ્દા પર મોદી સરકારને ઘેરી



રાહુલે ગૃહમાં કહ્યું કે, 'બજેટમાં ખેડૂતો અને મધ્યમ વર્ગ માટે કાંઈ પણ નથી. આ લોકો માત્ર અંબાણી અને અદાણી સાચવી રહ્યા છે.' તો અધ્યક્ષે કહ્યું કે, 'તમે તેમના પર ટિપ્પણી ન કરી શકો, કારણ કે તેઓ ગૃહના સભ્ય નથી.' ત્યારબાદ રાહુલે કહ્યું કે, 'શું હું તે લોકોને ૩, ૪ અથવા છ૧ અને છ૨ કહી શકું છું. દેશના બિઝનેસ પર આ બંનેનો હોલ્ડ છે. આપણે તેમના વિશે બોલવું તો પડશે જ, આપણે ચુપ ન રહી શકીએ. તમે (અધ્યક્ષ) ઈચ્છો તો, તેમના (અદાણી-અંબાણી) વિશે સંબોધન કરવા માટે અલગ વ્યવસ્થા આપી શકો છો, પરંતુ અમને ચૂપ ન કરી શકો.' દેશમાં ફક્ત બે લોકો અર્થતંત્ર સંભાળી રહ્યા છે એમ કહીને રાહુલ ગાંધીએ સવાલ કર્યો કે 'બજેટમાં યુવાઓ માટે તમે શું કર્યું? તેનાથી શું એક પણ યુવાને રોજગારી મળશે? તમારો જે ઈન્ટર્નશિપ પ્રોગ્રામ છે તે ફક્ત એક મજાક છે કેમ કે તમે જ કહ્યું છે કે ઈન્ટર્નશિપ દેશની ફક્ત ટોપ ૫૦૦ કંપનીઓમાં જ થશે. તમે પહેલા યુવાઓના પગ ભાંગી નાખ્યા અને પછી તમે પાટાપિંડી કરવાના પ્રયાસ કરી રહ્યા છો.' આ દરમિયાન તેમણે પેપર લીકનો મુદ્દો પણ ઉઠાવ્યો. તેમણે કહ્યું કે 'યુવાઓને તમે એક તરફ પેપરલીક, બીજી તરફ બેરોજગારીના ચક્રવ્યૂહમાં ફસાવ્યા. ૧૦ વર્ષમાં ૭૦ વખત પેપર લીક થયા છે. પેપર લીક અંગે બજેટમાં એક શબ્દ ઉચ્ચાર્યો નથી. એજ્યુકેશન બજેટમાં જે પૈસા આપવાના હતા તે પણ ન આપ્યા. બીજી બાજુ પહેલીવાર તમે સૈન્યના જવાનોને અગ્નિવીરના ચક્રવ્યૂહમાં ફસાવ્યા. અગ્નિવીરો માટે પણ એક રૂપિયો આપ્યો નથી.'

### ભારતમાં નોકરીની કોઈ અછત નથી : કેન્દ્ર સરકાર

## દેશમાં નોકરીઓની અછત નથી, લોકોને ભરમાવવામાં આવ્યા : મનસુખ માંડવીયા

### નેશનલ કરિયર સર્વિસ પોર્ટલ પર ઉપલબ્ધ ૧૯ લાખથી વધુ રોજગારની તકો : માંડવિયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



ભારતમાં બેરોજગારી દર સતત વધી રહ્યો છે. આ વર્ષે માર્ચમાં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારતમાં બેરોજગારોમાં ૮૦ ટકા યુવાનો જ છે. હાલમાં જ લોકસભા ચૂંટણીમાં રોજગારી ટોચનો મુદ્દો હતો. આ પ્રકારના રિપોર્ટ હોવા છતાં નોકરીઓ અંગે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, દેશમાં નોકરીઓની અછત નથી, લોકોને ભરમાવવામાં આવ્યા છે. મનસુખ માંડવિયાએ નેશનલ કરિયર સર્વિસ પોર્ટલ પર ઉપલબ્ધ ૧૯ લાખથી વધુ રોજગારની તકો હોવાનો દાવો કરતાં લોકસભામાં જણાવ્યું હતું કે, દેશમાં નોકરીઓની કોઈ અછત નથી.

ટીએમસીના સાંસદ કલ્યાણ બેનરજી દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃ ત્વ હેઠળની સરાકરે રોજગાર સર્જન માટે અનેક યોજનાઓ જાહેર કરી છે અને હવે બેરોજગારી દર ઘટી ૩.૨ ટકા થયો છે. તથા ભવિષ્યમાં તે ૩ ટકાથી વધુ ઘટવાનો આશાવાદ છે. જ્યારે કોઈપણ દેશની અર્થવ્યવસ્થા સાતથી આઠ ટકાના દરે વધે છે, તો તેની પાછળ તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ છે, સેવા ક્ષેત્રમાં વૃદ્ધિ છે, ઉત્પાદન ક્ષમતામાં વધારો છે. આ બધુ વધી રહ્યું હોય તો રોજગારની તકો પણ વધે છે. ચિંતા કરવાની વાત નથી. નેશનલ કરિયર સર્વિસ પોર્ટલ પર એમ્પ્લોયર્સે ૧૯ લાખ રોજગારીની તકો પોસ્ટ કરી છે. જેમાં લોકો અરજી કરી શકે છે. બેરોજગારી એક ગંભીર મુદ્દો છે, જે ભારતના આર્થિક દ્રષ્ટિકોણને પડકારે છે. વિવિધ કાર્યબળ ધરાવતા વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશો પૈકી એક એવા ભારતમાં બેરોજગારી દરમાં ઉતાર-ચડાવ દેશના વિકાસ અને વૃદ્ધિ પર અસરો કરે છે. ભારતમાં વર્તમાન બેરોજગારીના દરના સવાલમાં શ્રમ મંત્રીએ જવાબ આપ્યો છે કે, તમારા પરિવારમાં કોઈને પણ નોકરી જોઈએ, તો જો તે યોગ્યતા ધરાવતુ હશે તો નોકરી મળશે. દેશમાં નોકરીઓની કોઈ અછત નથી. પહેલા બેરોજગારી દર ૬ ટકા હતો. આજે ઘટી ૩.૨ ટકા થયો છે. જે ભવિષ્યમાં ૩ ટકાથી વધુ ઘટશે.

### ન્યૂઝ બ્રિફ

#### બાબા રામદેવે દવા પર કરેલો દાવો પરત ખેંચવો પડશે



। નવી દિલ્હી, તા.૨૯ ।

યોગગુરુ બાબા રામદેવને આજે સોમવારે ફરી એકવાર કોર્ટ તરફથી ઝટકો લાગ્યો છે. હવે દિલ્હી હાઈકોર્ટે બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને સોશિયલ મીડિયા પરથી દાવો પાછો ખેંચવા કહ્યું છે જેમાં 'કોરોનિલ'નો કોરોનાના ઈલાજ તરીકે પ્રચાર કરવામાં આવ્યો હતો. આ સાથે એલોપેથીની અસરને લઈને જે વાતો કહેવામાં આવી છે તે પણ પાછી લેવી પડશે. કોર્ટે તેમને ૩ દિવસમાં આવું કરવા માટે કહ્યું છે.

#### બારામુલ્લા જિલ્લાના સોપોર વિસ્તારમાં વિસ્ફોટ

। જમ્મુ, તા.૨૯ ।

જમ્મુ-કાશ્મીરના બારામુલા જિલ્લાના સોપોર વિસ્તારમાં વિસ્ફોટમાં ચાર લોકોના મૃત્યુ થયા છે. શેર કોલોનીમાં ભંગારના વેપારી ટ્રકમાંથી માલ ઉતારી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. ઘટનાસ્થળે લોકોની ભીડ એકઠી થઈ ગઈ છે અને સમગ્ર વિસ્તારમાં હોબાળો મચી ગયો છે.

### સુપ્રીમ કોર્ટ EDની અરજી ફગાવી । કોર્ટે તેના જામીનનો નિર્ણય યથાવત રાખ્યો છે

## ઝારખંડના સીએમ હેમંત સોરેનને સુપ્રીમ કોર્ટે આપી રાહત

। (એજન્સી) ઝારખંડ, તા.૨૯ ।

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. હેમંત સોરેનના જામીન અકબંધ રહેશે. સુપ્રીમ કોર્ટે જામીનના આદેશમાં દખલ કરવાનો ઈનકાર કર્યો છે. હાઈકોર્ટ દ્વારા હેમંત સોરેનને આપ વામાં આવેલ જામીન સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. EDએ ઝારખંડ હાઈકોર્ટના જામીનના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે હાઈકોર્ટનો આદેશ સારો નિર્ણય છે. ન્યાયાધીશે તાર્કિક ચુકાદો આપ્યો છે. અમને ઓર્ડરમાં દખલ કરવામાં રસ નથી. જોકે, હાઈકોર્ટની ટિપ્પણીની ટ્રાયલ પર કોઈ અસર થશે નહીં. ઝારખંડ મુક્તિ મોરચા એટલે કે જેએમએમ નેતા સોરેનની ૩૧



જાન્યુઆરીએ જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ પહેલા જ હેમંત સોરેને ઝારખંડના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. હાઈકોર્ટમાંથી જામીન મળ્યા બાદ સોરેને ૪ જુલાઈએ ફરીથી મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. સોરેનને જામીન આપતી વખતે ઝારખંડ હાઈકોર્ટે કહ્યું હતું કે આ કેસને જોતાં અરજદાર સમાન પ્રકૃતિનો ગુનો કરે તેવી કોઈ શક્યતા નથી. સોરેનની જામીન અરજીનો વિરોધ કરતા EDએ આરોપ લગાવ્યો હતો કે તેણે રાજ્યની રાજધાનીમાં બડગામ વિસ્તારમાં ૮.૮૬ એકર જમીન ગેરકાયદેસર રીતે હસ્તગત કરવા માટે મુખ્યમંત્રી તરીકેના તેમના હોદ્દાનો દુરુપયોગ કર્યો હતો. EDએ દાવો કર્યો હતો કે તપાસ દરમિયાન હેમંત સોરેનના મીડિયા સલાહકાર અભિષેક પ્રસાદે સ્વીકાર્યું હતું કે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને તેમને આ પ્લોટની માલિકી બદલવા માટે સત્તાવાર ડેટા સાથે ચેડા કરવાની સૂચના આપી હતી. EDએ કહ્યું હતું કે જ્યારે પ્લોટ પર અતિક્રમણ કરવામાં આવી રહ્યું હતું, ત્યારે તેના મૂળ માલિક રાજકુમાર પહાને ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો.

#### કોચિંગ આજે એક પ્રકારનો ધંધો બની ગયો છે : ઉપરાષ્ટ્રપતિ

। નવી દિલ્હી, તા.૨૯ ।

દિલ્હીમાં IAS કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પાણી ભરાવાને કારણે ત્રણ વિદ્યાર્થીઓના મૃત્યુના મુદ્દાનો આજે સોમવારે સંસદમાં પડઘો પડ્યો. જ્યારે રાજ્યસભામાં આ અંગે ચર્ચા થઈ તો અધ્યક્ષ જગદીપ ધનખરે પણ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે, કોચિંગ આજે એક પ્રકારનો ધંધો બની ગયો છે. જ્યારે આપણે મોટાભાગે અખબારો વાંચીએ છીએ, ત્યારે આપણને પ્રથમ એક કે બે પાનામાં તો તેમની જાહેરાતો જ જોવા મળે છે."

### બિહાર સરકારને સુપ્રીમ કોર્ટમાંથી ઝટકો

## ૬૫ ટકા રિઝર્વેશનના આદેશ પર રોક લગાવવાનો પટના હાઈકોર્ટનો ચુકાદો સુપ્રીમે યથાવત રાખ્યો

### સપ્ટેમ્બરમાં આ મામલે વિગતે સુનાવણી કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



બિહાર સરકારને સુપ્રીમ કોર્ટે સોમવારે મોટો ઝટકો આપ્યો છે. બિહારમાં રિઝર્વેશનને વધારીને ૬૫ ટકા કરવાની વિરુદ્ધ પટના હાઈકોર્ટનો ચુકાદો હાલ યથાવત રહેશે. સુપ્રીમ કોર્ટે તેની પર રોક લગાવવાથી ઈક્રાર કર્યો છે. કોર્ટે કહ્યું છે કે તે સપ્ટેમ્બરમાં આ મામલે વિગતે સુનાવણી કરશે. પટના હાઈકોર્ટે બિહાર સરકારના રિઝર્વેશનને વધારવાના નિર્ણયને રદ કરી દીધો છે. તે પછીથી રાજ્ય સરકાર તેની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગઈ છે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પટના હાઈકોર્ટના આદેશ પર રોક લવવાથી ઈક્રાર કર્યો છે. હાઈકોર્ટે બિહાર સરકારના તે નિર્ણય રદ કર્યો હતો, જેમાં સરકારી નોકરીઓ અને શિક્ષણ સંસ્થાઓમાં એડમિશન માટે પછાત વર્ગોના રિઝર્વેશનમાં વધારો કરવામાં આવ્યો હતો. બિહાર સરકારે પછાત વર્ગ, એસસી અને એસટી સમાજમાંથી આવતા લોકો માટે સરકારી નોકરીઓ અને શિક્ષણ સંસ્થાઓમાં એડમિશન માટે મળનારા આરક્ષણની સીમાને ૫૦ ટકાથી વધારીને ૬૫ ટકા કરી દીધી હતી. બિહાર સરકાર તરફથી જ્યારે આરક્ષણની સીમા વધારવામાં આવી તો આ મામલે પટના હાઈકોર્ટમાં ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જેમાં રાજ્યના નિર્ણયને બંધારણીય રીતે પડકારવામાં આવ્યો હતો. હાઈકોર્ટે માર્ચમાં આ અંગે દાખલ અરજીઓ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. તે પછીથી ૨૦ જૂને હાઈકોર્ટે બિહાર સરકારને મોટો ઝટકો આપતા કહ્યું કે સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં રાજ્ય દ્વારા નિર્ધારિત ૬૫ ટકા આરક્ષણ સીમાને રદ કરવામાં આવી.

બિહાર સરકારે ગત વર્ષે નવેમ્બરમાં અધિકારિક રીતે રાજ્ય ગજેટમાં બે વિધાયકોને નોટિફાઈ કર્યા હતા. તેનો હેતુ પછાત અને વંચિત સમાજના લોકોને આરક્ષણની સીમાને વધારવાનો હતો. વિધાયકોની સાથે બિહાર તે મોટા રાજ્યોમાં સામેલ થઈ ગયું, જ્યાં સૌથી વધુ આરક્ષણ આપવામાં આવી રહ્યું હતું. આરક્ષણ સીમાને ૬૫ ટકા કરનારા રાજ્યમાં કુલ આરક્ષણ ૭૫ ટકા સુધી પહોંચી ગયું છે.

## પાકિસ્તાનમાં બે જૂથો વચ્ચે લોહિયાળ સંઘર્ષ, ૩૬ લોકોના મોત, ૧૬૨ ઘાયલ

### અથડામણ પેવાર, ટાંગી, બાલિશખેલ, ખાર કાલે, મકબાલ, કુંજ અલીઝાઈ, પારા ચમકાની અને કેરમાન સહિતના અન્ય વિસ્તારોમાં ફેલાઈ ગઈ હતી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પાકિસ્તાનમાં રવિવારે બે કબીલાઓ વચ્ચે હિંસક અથડામણના સમાચાર આવ્યા છે. આ સંઘર્ષમાં ૩૬ લોકોના મોત થયા હતા અને ૧૬૨ લોકો ઘાયલ થયા હતા. બે જૂથો વચ્ચેનો સંઘર્ષ પ્લોટ વિવાદ તરીકે શરૂ થયો અને ભયાનક હિંસામાં ફેરવાઈ ગયો.

આ વિવાદ ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના અશાંત આદિવાસી જિલ્લામાં થયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે પાંચ દિવસ પહેલા અપર કુર્રમ જિલ્લાના બોશેરા ગામમાં ભીષણ અથડામણ શરૂ થઈ હતી.



ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં અશાંત આદિવાસી જિલ્લામાં જમીનના ટુકડાને લઈને બે જાતિઓ વચ્ચે સશસ્ત્ર અથડામણમાં ઓછામાં ઓછા ૩૬ લોકો માર્યા ગયા અને ૧૬૨ અન્ય ઘાયલ થયા, અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. તમને જણાવી દઈએ કે આ વિસ્તારમાં આદિવાસીઓ અને ધાર્મિક જૂથો વચ્ચે ઘાતક સંઘર્ષ તેમજ સાંપ્રદાયિક અથડામણ અને આતંકવાદી હુમલાઓ થયા છે. કુર્રમના ડેપ્યુટી કમિશનર જાવેદુલ્લા મહેસૂદે જણાવ્યું કે અફઘાનિસ્તાનની સરહદે આવેલા ખૈબર પખ્તુનખ્વાના કુર્રમ જિલ્લામાં છેલ્લા પાંચ દિવસમાં આદિવાસી અથડામણમાં ૩૬ લોકો માર્યા ગયા અને ૧૬૨ અન્ય ઘાયલ થયા.પોલીસે જણાવ્યું હતું કે સત્તાવાળાઓએ આદિવાસી વડીલો, લશ્કરી નેતૃત્વ, પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રની મદદથી થોડા સમય પહેલા બોશેરા, મલિકેલ અને દાંદર વિસ્તારોમાં શિયા અને સુન્ની જાતિઓ વચ્ચે યુદ્ધવિરામ હાંસલ કર્યો હતો. જો કે જિલ્લાના અન્ય કેટલાક ભાગોમાં હજુ પણ ગોળીબાર ચાલુ છે. એક અધિકારીએ કહ્યું કે અન્ય વિસ્તારોમાં પણ યુદ્ધવિરામ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આદિવાસી લડવૈયાઓએ ખાઈ ખાલી કરી છે, જે હવે કાયદાના અમલીકરણના નિયંત્રણ હેઠળ છે. ચાર દિવસ પહેલા જમીનના વિવાદને લઈને બે જાતિઓ વચ્ચે અથડામણ થઈ હતી. અથડામણ પેવાર, ટાંગી, બાલિશખેલ, ખાર કાલે, મકબાલ, કુંજ અલીઝાઈ, પારા ચમકાની અને કેરમાન સહિતના અન્ય વિસ્તારોમાં ફેલાઈ ગઈ હતી.

## સપા સાંસદ અફઝલ અંસારીને હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૯ ।

સમાજવાદી પાર્ટીના સાંસદ અફઝલ અંસારીને આજે સોમવારે અલ્હાબાદ હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. અલ્હાબાદ હાઈકોર્ટે ગેંગસ્ટર એક્ટ હેઠળ ચાર વર્ષની સજા વિરુદ્ધ અફઝલ અંસારીની અપીલ સ્વીકારી લીધી છે. જેને પગલે કોર્ટે રાજ્ય સરકાર અને દિવંગત ધારાસભ્ય કૃષ્ણાનંદ રાયના પુત્ર પિયુષ રાયે કરેલી અફઝલ અંસારીની સજા વધારવાની અપીલને ફગાવી દીધી હતી. જસ્ટિસ સંજય કુમાર સિંહે આ આદેશ આપ્યો હતો. ત્રણેય અપીલો પર લાંબી સુનાવણી બાદ કોર્ટે ૪ જુલાઈના રોજ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. અફઝલ અન્સારી વતી વરિષ્ઠ એડવોકેટ ગોપાલ ચતુર્વેદી અને ડી.એસ. મિશ્રા તેમજ એડવોકેટ ઉપેન્દ્ર ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, પ્રોસિક્યુશન દ્વારા તૈયાર કરાયેલા ગેંગ ચાર્ટમાં ઘણા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો પરંતુ ગેંગસ્ટર કેસમાં કાર્યવાહી માત્ર ત્રણ જ લોકો સામે કરવામાં આવી હતી.

## પૃથ્વી પર તો ઠીક પણ અંતરીક્ષમાં પણ થઈ ઓલિમ્પિકની ઉજવણી!

। (એજન્સી) નાસા, તા.૨૯ ।

પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪ની શરૂઆત થઈ ગઈ છે. જેમાં મનુ ભાકરે દેશ માટે મેડલ જીતીને ખાતું પણ ખોલી નાખ્યું છે. પૃથ્વી પર તો ઓલિમ્પિક્સનો ક્રેઝ છે જ પરંતુ સ્પેસ સ્ટેશન પર અવકાશયાત્રીઓમાં પણ વિવિધ રમતો રમતા જોવા મળ્યા હતા. નાસાએ એક વીડિયો પોસ્ટ કર્યો છે. નાસાએ ઠ એકાઉન્ટ પર વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં હાજર અવકાશયાત્રીઓ શૂન્ય ગુરુત્વાકર્ષણમાં મશાલ (ટોર્ચ) સાથે જોવા મળે છે. ત્યારબાદ સ્પોર્ટ્સ ઈવેન્ટનો વારો આવે છે. જેમાં કોઈ રેસ લગાવી રહ્યું છે, કોઈ ગોળાફેંક કરી રહ્યું છે, કોઈ વેઈટ લિફ્ટિંગ, તો કોઈ રનિંગ જેવી ગેમની નકલ કરતા જોવા મળે છે. હાલ આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે. વીડિયો પર લોકોએ અલગ-અલગ કોમેન્ટ પણ કરી છે. તેમજ લોકોએ આ વીડિયોના વખાણ પણ કર્યા છે.

## મોહરમ પર કંગના રનૌતે ટ્વીટ કરતા લોકોએ કરી ટ્રોલ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૯ ।

કંગના રનૌતનું તાજેતરનું ટ્વીટ ચર્ચામાં છે. તેણે મોહરમના શોક મનાવતા મુસ્લિમોની ક્લિપ ફરીથી પોસ્ટ કરી છે. તેની સાથે કંઈક એવું લખવામાં આવ્યું છે જે સંકેત આપી રહ્યું છે કે હિંદુઓએ પણ આવા યુદ્ધ માટે તૈયાર રહેવું જોઈએ. કંગનાના ટ્વીટ પર લોકો તરફથી અલગ-અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. કેટલાક લખી રહ્યા છે કે મુસ્લિમોનો આ શોક ડરામણો છે, કેટલાક લખી રહ્યા છે કે કંગના હિંદુઓને ભડકાવી રહી છે, તો કેટલાક તેને યાદ અપાવી રહ્યા છે કે હવે તે સાંસદ છે તો તેણે આ પ્રકારનું ટ્વીટ ન કરવું જોઈએ. કંગનાએ ટ્વીટ કર્યું, આ વિચિત્ર અને ડરામણું છે પરંતુ આ પ્રકારની દુનિયામાં ટકી રહેવા માટે શું હિન્દુ પુરુષોએ પણ આવી લડાઈ માટે જરૂરી તાલીમ લેવી જોઈએ? વાતાવરણ જોતાં લોહી ગરમ કરવામાં કોઈ તકલીફ નથી ખરું? ક્લિપમાં કેટલાક લોકો તલવાર વડે માથા પર મારતા જોવા મળે છે.

ન્યૂઝ બ્રિફ

## મહાદેવ એપથી પર અબજનો સટ્ટો રમાડનારની ધરપકડ

। (એજન્સી) કચ્છ, તા.૨૯ ।

ભારતની સૌથી મોટી સટ્ટા બેટિંગ ધરાવતી એપ્લિકેશનનો ભાગીદાર પાટણમાંથી પકડાયો છે. પાટણમાં ભુજ સરહદી રેન્જ પોલીસ ત્રાટકી હતી અને સટ્ટાકિંગને ઝડપી લીધો હતો. મહાદેવ સટ્ટા એપ્લિકેશનમાં ભાગીદારી ધરાવતા ભરત ચૌધરીને સરહદી રેન્જ પોલીસે બાતમીને આધારે ઝડપ્યો હતો. દુબઈ રહેતો ભરત ચૌધરી તેના વતન પાટણ પહોંચ્યો હતો, જ્યાંથી ભુજ સરહદી રેન્જ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલા આરોપીના મોબાઈલની તપાસ કરતાં મહાદેવ બુકના માલિકો સાથેના વાર્ષિક ૫૨૧૩ કરોડના હિસાબો મળ્યા હતા. સરહદી રેન્જ પોલીસે મહાદેવ બુકના ભાગીદાર ભરત ચૌધરીને પાટણની યશ ટાઉનશીપ ખાતેથી ઝડપી પાડ્યો હતો. ઉપરાંત પોલીસ તપાસમાં આરોપીના મોબાઈલમાંથી ૨૩ આઈડી મળી આવી હતી. આ સાથે જ તપાસમાં દુબઈના સૌરભ ચંદ્રાકર, અતુલ અગ્રવાલ, દિલીપ પ્રજાપતિ, સિંગ રવિકુમાર અને રોનક પ્રજાપતિના નામ ખુલ્યા છે. સટ્ટા બજારના મહાદેવ એપના સૌરભ અને અતુલ સાથેના વૉટ્સએપ ગ્રુપમાં વાર્ષિક ૫૨૧૩,૬૪૯૪૫૩૦ના હિસાબ મળી આવ્યા છે. પોલીસે મોબાઈલ અને કાર સહિત ૧૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. જ્યારે આરોપી ૧ ઓગસ્ટ સુધીના રિમાન્ડ પર છે.

## ફાઇનાન્સ કંપનીના ઉઘરાણીના ત્રાસથી યુવકે આપઘાત કર્યો

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરતમાં ફાઈનાન્સ કંપનીના ઉઘરાણીના ત્રાસથી સ્વિગીમાં ફુડ ડિલિવરીનું કામ કરતો યુવકે તાપીમાં કૂદકો મારી આપઘાત કર્યો છે. યુવકે એલ એન્ડ ટી ફાઈનાન્સમાંથી હપ્તા પર બાઈકની ખરીદી કરી હતી. બાઈકનો હપ્તો બાકી હોવાથી ફાઈનાન્સર ઉઘરાણી માટે દબાણ કરતા હતા. યુવકે આપઘાત પહેલા ડાયરીમાં સ્યુસાઈડ નોટમાં આપઘાતનાં પાછળ ફાયનાન્સ કંપની જવાબદાર હોવાનો ઉલ્લેખ કર્યો છે. હવે ફાઈનાન્સ કંપની પરિવારને હપ્તા ભરવા દબાણ કરી રહ્યું છે. સુરત શહેરના ડીંડોલી વિસ્તારમાં આવેલ સાયન્સ સિટી માં રહેતો ૨૩ વર્ષીય કુંજલ જશવંત રાઠોડ સ્વિગીમાં ફુડ ડીલીવરી કરવાનું કામ કરતો હતો. ત્રણ બહેનોના એકના એક ભાઈ કુંજલે શુક્રવારે સાંજે કેબલ સ્ટેઈડ બ્રિજ પરથી તાપીમાં પડતું મુકી દીધું હતું. કુંજલની બાઈક કેબલ સ્ટેઈડ બ્રિજ પરથી મળી આવતા પરિવારે ફાયરબ્રિગેડને જાણ કરી હતી. ફાયર ઓફિસર સંપત સુથાર અને તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી તાપીના પાણીમાં કુંજલની શોધખોળ હાથ ધરી હતી. જોકે તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. શનિવારે પણ ફાયરબ્રિગેડની ટીમ દ્વારા કુંજલની શોધખોળ હાથ ઘરવામાં આવી હતી.

### આજીવિકા ઊભી કરવા માર્કેટ પ્લેટફોર્મ પૂરું પડાય છે

# સખીમંડળની ૮૫૦૦ બહેનોએ લીંબોળી એકત્ર કરીને ૪ કરોડની આવક મેળવી

### ૩૧ જુલાઇએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી સ્વસહાય જૂથની મહિલાઓ સાથે "સખી સંવાદ કાર્યક્રમ"માં સામેલ થશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

રાજ્યમાં મિશન મંગલમ અંતર્ગત શરૂ કરવામાં આવેલા મહિલા સ્વસહાય જૂથો આ દિશામાં સાર્થક નિવડ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, સ્વસહાય જૂથોને વધુ મજબૂત કરવામાં આવ્યા છે. ૩૧ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વસહાય જૂથની મહિલાઓ સાથે "સખી સંવાદ કાર્યક્રમ" માં સામેલ થશે. ગુજરાતના ગામડાઓની મહિલાઓની સાફલ્યગાથાઓ આજે સૌ માટે પ્રેરણા બની છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યની ૮૫૦૦ મહિલાઓએ, ત્રણ મહિનામાં ૫ હજાર મેટ્રિક ટન લીંબોળી એકત્ર કરીને ૪ કરોડની આવક મેળવી છે. GNFC દ્વારા નીમ પ્રોજેક્ટ અન્વયે લીંબોળીનો ઉપયોગ નીમ કોટેડ યુરિયા માટે, દવાઓ, નીમ ઓઈલ તેમજ અન્ય ઉત્પાદનો બનાવવામાં થાય છે. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની (GLPC) હસ્તક સ્વ સહાય જૂથની મહિલાઓ લીંબોળી એકત્ર કરીને, તેના વેચાણથી આવક મેળવી રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં મે થી જુલાઈ માસ દરમિયાન રાજ્યના ૧૫ જિલ્લાના સ્વ સહાય જૂથોની ૮૫૦૦ મહિલાઓએ લીંબોળી એકત્ર કરીને ૪ કરોડની આવક મેળવી છે. વર્ષ ૨૦૧૦માં મિશન મંગલમ શરૂ થયા બાદ અત્યાર સુધીમાં ગુજરાતના ૨૮ જિલ્લાઓમાં તાલીમ સંસ્થાઓ દ્વારા ૩.૧૩ લાખથી વધુ મહિલાઓને આત્મનિર્ભર બનવા માટે વિવિધ વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવી છે. રાજ્યમાં ૨.૭૯ લાખથી વધુ સ્વ સહાય જૂથોમાં ૨૭ લાખથી વધુ પરિવારો જોડાયેલા છે. આ પૈકી પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત ૨૩ લાખથી વધુ મહિલાઓને જીવન વીમા અને સ્વાસ્થ્ય સુરક્ષાનો લાભ મળ્યો છે. રાજ્યના ૧૧૮,૦૦૦ જૂથોને માઈક્રોફાઈનાન્સ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ માટે ૪૩૩૮ કરોડની લોન આપવામાં આવી છે. રાજ્યમાં ૧૧૩,૨૮૭ નવા સ્વ સહાય જૂથો બનાવવામાં આવ્યા છે અને ૧૫૬,૨૧૪ જૂથોને ફરીથી સક્રિય કરવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યારે કુલ ૨૬૯,૫૦૭ સ્વ સહાય જૂથો કાર્યરત છે. મહિલાઓ માટે આવકના સ્ત્રોત વધારવાના હેતુથી, એગ્રી ન્યૂટ્રી ગાર્ડનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેમાં સ્વસહાય જૂથોને ઉત્તમ ગુણવત્તાના બીજ આપીને ન્યૂટ્રી ગાર્ડન બનાવવા માટે મદદ કરવામાં આવે છે.

### ગુજરાતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ નોંધાયો

# હિંમતનગર વિસ્તારમાં રેલવે અંડરબ્રિજના પાણીમાં બસ ડૂબી

### ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।



હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગુજરાતના વિવિધ ભાગોમાં હળવાથી ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જેમાં આગામી બે દિવસ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તો બીજી તરફ જાણિતા આગાહીકાર અંબાલાલ પટેલે પણ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ આગાહી કરી છે. ફરી એકવાર મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વરસાદી માહોલ સર્જાયો છે. ગત ચોવીસ કલાકમાં કલાકમાં ૧૧૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ત્યારે મેઘરાજાએ સાબરકાંઠા પંથકમાં કૃપા વરસાવી છે. હિંમતનગર, ઇડર, અવરલ્લી સહિતના વિસ્તારોમાં વહેલી સવારથી જ વરસાદ વરસી રહ્યો છે. વરસાદના હિંમતનગરના હમીરગઢ ગામ નજીક આવેલ અંડરબ્રિજ સહિત ઠેર-ઠેર પાણી ભરાય છે. ત્યારે હિંમતનગરથી વીરાવડા - હમીરગઢ બસ હમીરગઢ અંડર બ્રિજમાંથી પસાર થતી સેન્સર બંધ પડી જતાં પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. જેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. દર વર્ષે ચોમાસાની સિઝનમાં વરસાદના તેમજ ખેતરોના પાણી અંડરબ્રિજ પાણી ભરાય જાય છે. માહિતી મુજબ વિસનગર અને વડનગરમાં ૧-૧ ઈંચ અને જોટાણા, કડી, બહુચરાજીમાં અડધો-અડધો ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે, જ્યારે મહેસાણામાં દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં રોડ પર પાણી વળ્યા છે. વરસાદના લીધે મહેસાણા પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. રાજ્યમાં છેલ્લા કેટલાય દિવસથી દક્ષિણ અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. ૩૦મી અને ૩૧મી જુલાઈ દરમિયાન માત્ર દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. જેમાં નવસારી અને વલસાડ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે ઘણી નદીઓમાં ઘોડાપૂર આવ્યો છે. અનેક જિલ્લામાં પૂર જેવી સ્થિતિ છે. હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. લગભગ એક લાખ લોકો તેનાથી પ્રભાવિત થયા છે.

# કામરેજ વિસ્તારમાંથી ફરીવાર બે હનીટ્રેપની ઘટના સામે આવી

। (એજન્સી) કામરેજ, તા.૨૯ ।

કામરેજ વિસ્તારમાંથી ફરીવાર એકસાથે બે હનીટ્રેપ ની ઘટના સામે આવી છે, મુંબઇ અને અમદાવાદના દરજી કામના વ્યવસાય સાથે જોડાયેલા વ્યક્તિઓ સાથે હનીટ્રેપની ઘટના બની છે. ફેસબુક પર દોસ્તી કરી ગેંગ દ્વારા હનીટ્રેપ કરાતું હતું. પોલીસે મહિલા સહિત ત્રણ ઈસમોની ધરપકડ કરી છે.

કામરેજ પોલીસે હનીટ્રેપ કરતી એક ગેંગ ઝડપી પાડી છે. આ ગેંગની એક મહિલા ફેસબૂક પર શિકાર શોધી તેને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલતી. ત્યારબાદ તેની સાથે મેસેજ પર વાતચીત કરી વોટ્સએપ નંબર મેળવી લઈ વોટ્સએપ પર તેની સાથે પ્રેમભરી વાતો કરી લઈ તેને જાળમાં ફસાવતી હતી. અને ત્યારબાદ યેનકેન પ્રકારે તેની નાદારી બતાવી જાળમાં ફસાઈ ગયેલ વ્યક્તિને પોતાની નિયત કરેલ જગ્યાએ બોલાવી નક્કી કરેલ પ્લાન મુજબ મહિલાના સાગરીતો આવી જઈ જાળમાં ફસાયેલા વ્યક્તિને માર મારતા મહિલા સાથે નગ્ન અવસ્થામાં



ફોટા પાડી બદનામ કરવાની ધમકી આપતા, તેમજ પોલીસ સ્ટેશનમાં ખોટા બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા અને વ્યક્તિ પાસે રોકડ સોના-ચાંદીના દાગીના એ.ટી.એમ કાર્ડ વડે પૈસા ઉપાડી લેવા સાથે ઘટનાને અંજામ આપતા હતાં. કામરેજ પોલીસે આવી જ એક ગેંગની મહિલા સહિત ચાર લોકોની ધરપકડ કરી લીધી છે. મુંબઈ અને અમદાવાદ ખાતે રહેતા બે અલગ અલગ વ્યક્તિઓએ કામરેજ પોલીસ મથકમાં આવી પોતાની સાથે એક જ મોડસ ઓપરેન્ડીથી હનીટ્રેપ થયા હોવાની પોલીસ ફરિયાદ લખાવી હતી. પોલીસે ફરિયાદ લખાવનાર વ્યક્તિ પાસે થી હનીટ્રેપ દરમ્યાન ની વાતચીત થઈ હતી. એ બે અલગ અલગ નંબર મેળવ્યા હતાં. જોકે બે પૈકી નો એક નંબર બંધ હતો. જ્યારે બીજો નંબર ચાલુ મળી આવતા.

લોકેશનના આધારે કામરેજ તાલુકાના નનસાડ ગામ જવાના માર્ગ પર આવેલ એક સોસાયટી માંથી મહિલા સહિત ચાર લોકો ને ઝડપી લીધા હતાં. પોલીસ તપાસમાં આ ચારેય આરોપીઓએ બંને વ્યક્તિ સાથે હનીટ્રેપ કરી હોવાની કબૂલાત કરી હતી. ચાર પૈકીના એક વ્યક્તિ કચ્છ ના ગાંધીધામ ખાતે અપહરણ કેસ માં અગાઉ પણ પોલીસ ના હાથે ઝડપાય ચુક્યો છે. પોલીસે આરોપી પાસેથી હનીટ્રેપ માં લૂંટ કરેલ બે સોનાની ચેન, ૨૭ હજાર રોકડ તેમજ ચાર મોબાઈલ કબ્જે કર્યા છે. હાલ તો આ ગેંગે અગાઉ કોઈ વ્યક્તિને હનીટ્રેપનો શિકાર બનાવ્યો છે કે કેમ તે અંગે કામરેજ પોલીસ વધુ ઉંડાણપૂર્વક તપાસ કરી વહુ કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદ રેલવે સ્ટેશન પર "એક સ્ટેશન એક ઉત્પાદન" (OSOP)યોજના હેઠળ ૩૦ દિવસો માટે સ્ટોલની ફાળવણી



। અમદાવાદ, તા.૨૯ ।

ભારતીય રેલવેએ ભારત સરકારના 'વોકલ ફોર લોકલ' વિઝનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી 'એક સ્ટેશન એક ઉત્પાદન' (OSOP) યોજનાની શરૂઆત કરી છે. આનો ઉદ્દેશ સ્થાનિક અને સ્વદેશી ઉત્પાદનો માટે બજાર ઉપલબ્ધ કરાવવાની સાથે-સાથે સમાજના હાંસિયા પર રહી ગયેલા વર્ગો માટે વધારાની આવકના અવસર ઉત્પન્ન કરવાનો છે. આ યોજના હેઠળ રેલવે સ્ટેશન પર સ્વદેશી/સ્થાનિક ઉત્પાદનોના પ્રદર્શન, વેચાણ અને હાઈ વિજિલિબિટી માટે એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટની ફાળવણી કરવામાં આવે છે.

"એક સ્ટેશન એક ઉત્પાદન" (OSOP) યોજના હેઠળ, "અમદાવાદ રેલવે સ્ટેશન પર, અમને આ ઘોષણા કરતાં આનંદ થઈ રહ્યો છે કે એક પ્રતિભાશાળી કારીગર, જે પોતાના ઉત્કૃષ્ટ "ભરતકામ અને જરી, જરદોશી" કામ માટે પ્રસિદ્ધ છે, તેમને ૩૦ દિવસો માટે એક સ્ટોલની ફાળવણી કરવામાં આવી છે. અમે રેલવે સ્ટેશન પર યાત્રીઓને પ્રમાણિક ક્ષેત્રીય ઉત્પાદન ઉપલબ્ધ કરાવીને તેના શિલ્પ કૌશલ અને રચનાત્મક કામોને પ્રદર્શિત કરાવવા માટે પ્રતિબદ્ધ છીએ.

આ દુકાનોના આ વિક્રેતાઓના જીવન પર ઘણો પ્રભાવ નાખ્યો છે. તેમને આવી જગ્યાએ પોતાના સ્થાનિક ઉત્પાદનોને પ્રદર્શિત કરવા માટે એક શાનદાર મંચ મળી ગયું છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો આવે છે. આનાથી તેમના ઉત્પાદનોનું વેચાણ વધ્યું છે અને તેમના જીવનમાં ફેરફાર આવ્યો છે.

## ઉત્તર ગુજરાતમાંથી ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનો આખરે પર્દાફાશ

। (એજન્સી) ભુજ, તા.૨૯ ।

કચ્છ ભુજ સરહદી રેન્જ આઈજીની બાતમી આધારે ભુજ સાયબર સેલની ટીમે દુબઈથી પાટણ આવેલા ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમાડનાર મહાદેવ બુકના ભાગીદાર ભરત ચૌધરીને ઝડપી લઇ તેની પાસેથી ? ૧૫ લાખ ૩૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ પૂછપરછ અને યુવકના મોબાઈલની તપાસ કરતો એક વર્ષમાં ૫૨૦૦ કરોડથી વધુના હિસાબો થયાનું મળી આવતા પોલીસ ચોકી ઉઠી હતી. પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી પાટણ બી ડિવિઝન પોલીસ મથકે અન્ય પાંચ વ્યક્તિઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં વર્તમાન સમયમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક ફુલ્યુ ફાલ્યું છે. ત્યારે આ નેટવર્ક દુબઈથી સંચાલન થતું હોવાનો પર્દાફાશ થયો છે. કચ્છ ભુજ રેન્જના આઈ. જી. ચિરાગ કોરડીયા ને ખાનગી રહે બાતમી મળી હતી કે દુબઈ ખાતેથી મોબાઈલ ફોનમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમાડનાર મહાદેવ બુકનો ભાગીદાર ભરત મુમજી ચૌધરી પાટણ ખાતેની યસ સોસાયટીમાં તેના રહેણાંક મકાનમાં આવ્યો છે અને તે પોતાની એમ. જી. કંપની હેક્ટર કાર Gj01 WL 3588 વાળી ગાડીમાં બેસીને બહાર જવાનો છે ત્યારે સાયબર સેલ ભુજની ટીમે પાટણમાં ધામા નાખ્યા હતા અને આરોપીના રહેણાંક વિસ્તારમા વોચ ગોઠવી હતી. તે દરમિયાન ભરત ચૌધરી પોતાની ગાડીમાં બેસી બહાર જઈ રહ્યો હતો તે દરમિયાન પોલીસે તેને દબોચી લીધો હતો. પોલીસ સ્ટેશનને લાવી સઘન પૂછપરછ હાથ ધરી હતી. પોલીસે તેની પાસેથી ગાડી તેમજ મોબાઈલ મળી ૧૫ લાખ ૩૦ હજારની કિંમતનો મુદ્દા માલ જપ્ત કર્યો હતો.

## પશ્ચિમ રેલવે અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન દોડાવશે

। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં જન્માષ્ટમી તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે પ્રમાણે છે :

ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ અમદાવાદ-ઓખા સુપરફાસ્ટ સ્પેશિયલ (કુલ ૨ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદાવાદ-ઓખા સ્પેશિયલ ૨૫ ઓગસ્ટ ૨૦૨૪ (રવિવાર) ના રોજ અમદાવાદથી સવારે ૦૭:૪૫ કલાકે ઉપડશે તથા એ જ દિવસે ૧૭:૦૦ કલાકે ઓખા પહોંચશે. આ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૪ ઓખા-અમદાવાદ સ્પેશિયલ ૨૬ ઓગસ્ટ ૨૦૨૪ (સોમવાર) ના રોજ ઓખાથી સવારે ૦૫:૩૦ કલાકે ઉપડશે તથા એ જ દિવસે ૧૫:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, ખંભાળીયા અને દ્વારકા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ નું બુકિંગ તારીખ ૩૧.૦૭.૨૦૨૪ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

ટ્રેનોના માર્ગ, સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

વિશેષ

### કોલેજના દરેક યુવાનો કર્તવ્યનિષ્ઠાથી 'એક પેડ માં કે નામ' વાવે અને તેનું જતન-સંવર્ધન કરે

# પ્રત્યેક યુનિવર્સિટી કોઈપણ એક રમત પસંદ કરે અને એ રમતમાં યુવાનોને 'ચેમ્પિયન' બનાવવા પરિશ્રમ કરે : આચાર્ય દેવવ્રતજી

### વિકસિત ભારતના નિર્માણ માટે યુવાનો 'માય ભારત' પોર્ટલ સાથે જોડાય : પોતાના જ્ઞાનને અન્ય નાગરિકોના સુખનો આધાર બનાવે

। (માહિતી) ગાંધીનગર ।

રાજ્યપાલ અને રાજ્યની યુનિવર્સિટીઓના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને કહ્યું હતું કે, પ્રત્યેક યુનિવર્સિટી કોઈપણ એક રમત નક્કી કરે અને પસંદગીની એ રમતમાં પોતાની યુનિવર્સિટીના યુવાનોને 'ચેમ્પિયન' બનાવે. વર્ષ - ૨૦૩૬ માં ભારત-ગુજરાત ઓલિમ્પિક ના યજમાન બનવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે આપણા યુવાનોને રમતગમતમાં વિશેષરૂપે તૈયાર કરવા ખૂબ જરૂરી છે. આ માટે દરેક યુનિવર્સિટી એકબીજા સાથે ચર્ચા કરીને રમતની પસંદગી કરે, પોતાની યુનિવર્સિટીના સ્પોર્ટ્સ વિભાગને વધુ સુદ્રઢ કરે અને રમતના મેદાનો તૈયાર કરે.

રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓને વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી માર્ગદર્શન આપતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, યુવાનો ઊર્જા અને શક્તિનો અખૂટ સ્ત્રોત છે. તેમની ઊર્જાને યોગ્ય દિશા આપવાની આવશ્યકતા હોય છે. ગુજરાત વેપાર-ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રોમાં અગ્રેસર છે એમ રમત-ગમતમાં પણ ભારતનું નેતૃત્વ કરવા ગુજરાતના યુવાનો આગળ આવે. રમત-ગમતથી શારીરિક વિકાસની સાથોસાથ યુવાનોનો બૌદ્ધિક વિકાસ પણ થાય છે.



'એક પેડ માં કે નામ' વૃક્ષારોપણ-જતન-સંવર્ધનના આ મહાઅભિયાનમાં યુનિવર્સિટીઓના યુવાનો સક્રિયતાથી સહભાગી થાય એવો અનુરોધ કરતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, દેશના ૧૪૦ કરોડ લોકો એકએક વૃક્ષ વાવે તો કેટલું મોટું કામ થાય. કુલપતિઓ એક દિવસ નિશ્ચિત કરે અને તમામ કોલેજોના છાત્રો પ્રમાણિકતાપૂર્વક આ મિશનમાં જોડાઈને વૃક્ષ વાવે, પરિવારજનો, મિત્રોને પણ વૃક્ષારોપણની પ્રેરણા આપે. વૃક્ષારોપણ પછી માત્ર બે વર્ષ આપણે વૃક્ષની કાળજી લેવાની છે, ત્યાર પછી એ વૃક્ષ આખી જિંદગી આપણી સંભાળ રાખશે. આપણી આવનારી પેઢીઓનું પણ કલ્યાણ કરશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના સર્વાંગી વિકાસ માટે, ભારતને આત્મનિર્ભર બનાવવા માટે, વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ છે. સાથોસાથ સમાજ ઉપયોગી સંવેદનશીલ બાબતો પણ સતત તેમની ચિંતાનો વિષય હોય છે, એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'એક પેડ માં કે નામ' અભિયાનમાં યુવાનો કર્તવ્યનિષ્ઠાથી જોડાઈને સમાજ અને દેશ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવે એ માટે કુલપતિઓને અનુરોધ કર્યો હતો. ભારતના વિકાસમાં યુવાનો સહભાગી થાય. પોતાની બુદ્ધિ-ક્ષમતાને રાષ્ટ્રના નિર્માણમાં વાપરે અને પોતાના જ્ઞાનને ભારતના અન્ય નાગરિકોના સુખનો આધાર બનાવે એવી અપીલ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌ યુવાનોને 'માય ભારત' પોર્ટલ સાથે જોડાઈ જવા કહ્યું હતું. કુલપતિઓ આ માટે યુવાનોને પ્રેરણા આપે એમ કહીને તેમણે કહ્યું હતું કે, ભારતના ગૌરવ અને પરંપરા સાથે જોડાયેલા રહીને યુવાનો દેશભક્તિ સાથે જવાબદાર નાગરિક બને અને 'વિકસિત ભારત'ના નિર્માણમાં પોતાનું યોગદાન આપે. ગુજરાતના મહાન સપૂત સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદ ભારતને એકતાના સૂત્રમાં બાંધવાનું મહાન કાર્ય કર્યું છે. ગુજરાતની યુનિવર્સિટીઓના યુવાનો ઉત્સાહપૂર્વક અન્ય રાજ્યોના યુવાનો સાથે સાંસ્કૃતિક આદાન-પ્રદાન કરે અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત કરે. એમ કહીને રાજ્યપાલશ્રીએ કુલપતિઓને આ દિશામાં યુવાનોને પ્રેરણા મળે તેવા કાર્યક્રમોના આયોજન કરવા અનુરોધ કર્યો હતો. યુવાનો સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ સજાગ થાય તે માટે તેમને પ્રાકૃતિક ખેતીનું પણ માર્ગદર્શન આપવાનો અનુરોધ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાસાયણિક ખાતર અને ઝેરી જંતુનાશક દવાઓથી મુક્ત પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતા અનાજ, શાકભાજી અને ફળફળાદી યુવાનોને મળી રહે તે માટે કોલેજ કેમ્પસમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોના કામચલાઉ વેચાણ કેન્દ્રો ઉભા કરવા કુલપતિઓને અનુરોધ કર્યો હતો. આથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પણ પ્રોત્સાહન મળશે. કૃષિ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલા પ્રાકૃતિક ખેતી નિષ્ણાતો અન્ય કોલેજોમાં જઈને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન આપે તેવા આયોજન કરવા પણ તેમણે કહ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### પોલીસનો લોગો અને ફ્લેસર લાઈટ લાગેલી ગાડીઓમાં તોડફોડ કરી

। (એજન્સી) લખનૌ, તા.૨૯ ।

મધુબન બાપુધામ વિસ્તારમાં દિલ્હી-મેરઠ માર્ગ પર ટક્કર મારવાનો આરોપ લગાવતા કાવડિયાઓએ પોલીસનો લોગો અને ફ્લેસર લાઈટ લાગેલી ગાડીઓમાં તોડફોડ કરી હતી. રોષે ભરાયેલા કાવડિયાઓએ ડ્રાઈવરને ખૂબ જ ક્રૂરતાપૂર્વક માર માર્યો હતો અને કારને રસ્તા પર જ પલટાવી નાખી હતી. માહિતી મળતા જ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ત્યાં જઈને કાવડિયાઓને શાંત કરાવ્યા અને વાહન વ્યવહાર શરૂ કરાવ્યો હતો. પોલીસે જણાવ્યું કે જે ગાડીમાં તોડફોડ કરવામાં આવી છે તે પ્રાઈવેટ ગાડી છે. ગાડી માલિકે તેને વીજ નિગમના વિજિલેન્સ વિભાગમાં મૂકી છે. કાવડિયાઓની સંખ્યામાં વધારો થવાના કારણે પોલીસે દિલ્હી-મેરઠ માર્ગ વન વે કર્યો છે. મેરઠથી દિલ્હી તરફ જતી લેન કાવડિયાઓ માટે આરક્ષિત કરવામાં આવી છે.

### દુશ્મનના વિમાનોનો ખાતમો કરે એવા ‘સુદર્શન ચક્ર’નું પરીક્ષણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય વાયુ સેનાએ તાજેતરમાં દુશ્મનના ૮૦% વિમાનનો ખાતમો કરી નાખતા ‘સુદર્શન ચક્ર’નું સફળ પરીક્ષણ કર્યું છે. ટેસ્ટિંગ દરમિયાન ‘સુદર્શન ચક્ર’ તરફ દુશ્મનના રાફેલ, સુખોઈ અને મિગ ફાઈટર જેટ મોકલાયા હતા, જોકે આ હથિયારે તુરંત કાર્યવાહી કરી હતી અને આમાંથી ૮૦ ટકા ટાર્ગેટને તોડી પાડ્યા હતા. સુદર્શન ચક્ર એટલે કે S-400 AD વિશ્વનું સૌથી ખતરનાક એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ છે. ભારત પાસે આવા ત્રણ સુદર્શન ચક્ર છે, જ્યારે બે રશિયાથી આવવાના છે. આજે જે પરીક્ષણ કરવામાં આવ્યું છે, તેમાં વાયુસેનાના રાફેલ, Su-30 અને મિગ વિમાનોને દુશ્મનના ફાઈટર જેટ બનાવાયા હતા, તેને સુદર્શન ચક્રએ તોડી પાડ્યા છે. આજના ટેસ્ટિંગ દરમિયાન સિમ્યુલેટેડ થિયેટર લેવલનો યુદ્ધાભ્યાસ કરાયો હતો. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના પ્રવાસે ગયા હતા, જ્યાં રશિયાએ વિશ્વાસ આપ્યો હતો કે, બાકીના બે સુદર્શન ચક્ર અને S-400 એર ડિફેન્સ સિસ્ટમ ૨૦૨૫ અને ૨૦૨૬માં ભારત મોકલવામાં આવશે. યૂક્રેન સાથે યુદ્ધ ચાલતુ હોવાથી રશિયાએ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ મોકલવામાં વિલંબ કર્યો છે.

### માછીમારની જાળમાં ફસાઈ ૧૫૦૦ કિલોની વ્હેલ શાર્ક

। (એજન્સી) મછલીપટ્ટનમ, તા.૨૯ ।

આંધ્ર પ્રદેશના મછલીપટ્ટનમમાં સ્થાનિક માછીમારની જાળમાં એક વિશાળ વ્હેલ શાર્ક ફસાઈ ગઈ, જેનું વજન ૧૫૦૦ કિલોગ્રામ જણાવાઈ રહ્યું છે. વિશાળ માછલીને ક્રેનની મદદથી ગિલકલાડિંડી બંદર પર લાવવામાં આવી હતી. જાણકારી અનુસાર, મછલીપટ્ટનમ સ્થિત કૃષ્ણા જિલ્લાના સ્થાનિક માછીમારની જાળમાં ૧,૫૦૦ કિલોગ્રામ વજનની એક વિશાળ વ્હેલ શાર્ક ફસાઈ ગઈ. જાળમાં ફસાયેલી આ વિશાળ માછલીને ક્રેનની મદદથી ગિલકલાડિંડી બંદરના કિનારે લાવવામાં આવી, જેને ચેન્નઈના વેપારીઓએ તાત્કાલિક ખરીદી લીધી. ઉલ્લેખનીય છે કે આ વ્હેલ શાર્ક રાઈનકોડોન ટાઈપસ એક લુપ્ત પ્રજાતિ છે જે પોતાની ધીમી ગતિ અને મોટા આકાર માટે જાણીતી છે. દર વર્ષે ૩૦ ઓગસ્ટે સમગ્ર દુનિયામાં આંતરરાષ્ટ્રીય વ્હેલ શાર્ક દિવસ મનાવવામાં આવે છે. વ્હેલ શાર્ક એક ધીમી ગતિથી ચાલનારી ફિલ્ટર-ફીડિંગ માછલીની પ્રજાતિ છે. વ્હેલ શાર્ક મહાસાગરોના ખુલ્લા પાણીમાં રહે છે. ગુજરાતના સમુદ્રી કિનારાનું તાપમાન તેમના અનુકૂળ છે, જેના કારણે વ્હેલ શાર્ક ઈંડા આપવા માટે ગુજરાતના કિનારે આવે છે તેના કારણે વ્હેલ શાર્કને ગુજરાતની પુત્રી પણ કહેવામાં આવે છે.






નવી દિલ્હી ખાતે મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના સહિતના વિવિધ વિષયો પર એક બેઠક કરી હતી.

### કેનેડામાં ઊભી થઈ ગંભીર પરિસ્થિતિ । કેનેડામાં આ વખતે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા ઘટતા કોલેજો માટે ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે

# ભારતીય વિદ્યાર્થીઓના અભાવથી કેનેડાની કોલેજોને મોટો ફટકો

। (એજન્સી) ઓટાવા, તા.૨૯ ।

કેનેડામાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા સતત વધી રહી છે. જેના કારણે રોજગારી અને હાઉસિંગની અછત સર્જાઈ રહી હોવાના કારણે સરકાર પર તેને નિયંત્રણમાં લાવવાનું દબાણ ઊભું થયું હતું. જેના કારણે કેનેડાએ આ વર્ષની શરૂઆતમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ પરમિટ જારી કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ પર મર્યાદા લાદી હતી. જોકે, સરકારના આ પગલાથી યુનિવર્સિટીઓ અને કોલેજોની ઊંઘ ઊડી ગઈ છે. કારણ કે સરકારના આ નિર્ણયથી વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને ગંભીર બજેટ કાપની ચિંતા ઊભી થઈ છે. કેનેડિયન સરકાર દ્વારા સ્ટડી પરમિટ આપવામાં આવતી હોય છે જે કેનેડાની ડેઝિગ્નેટેડ લર્નિંગ ઈન્સ્ટિટ્યુશન્સ એટલે કે DLIમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદેશી વિદ્યાર્થીઓ માટે મહત્વની હોય છે.



કેનેડામાં આવતા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સમાં સૌથી વધુ સંખ્યા ભારતીય વિદ્યાર્થીઓની હતી. ગત વર્ષે કેનેડામાં જેટલા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ આવ્યા હતા તેમાંથી સૌથી વધુ ૩૭ ટકા સ્ટુડન્ટ્સ ભારતીય હતા. આ વર્ષે સ્ટડી પરમિટ પર મૂકવામાં આવેલા કાપના કારણે કેનેડામાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યામાં નાટ્યાત્મક ઘટાડો થયો છે. જેને ફેકલ્ટીના સભ્યો એનરોલમેન્ટમાં અચાકન અને વધુ પડતાં ઘટાડાથી ઊભી થયેલી કટોકટી ગણાવે છે. લાંગરા કોલેજના પ્રમુખ પૌલા બર્ન્સે જણાવ્યું હતું કે, ગત વર્ષ કરતાં આ વખતે ૨૦૨૫ના સ્પ્રિંગ ઈન્ટેકમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની અરજીઓમાં ૭૯ ટકાનો ધરખમ ઘટાડો નોંધાયો છે. તેમણે ઈન્સ્ટ્રક્ટર્સને મોકલેલા એક ગ્રુપ ઈમેઈલમાં લખ્યું છે કે, ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યામાં આવા તીવ્ર ઘટાડાના કારણે ફેકલ્ટી મેમ્બર્સના પગાર, લાભો અને જોબની સ્થિરતાને અસર થઈ શકે છે. યુનિવર્સિટીઓ અને કોલેજોને એટલા માટે પણ ફટકો પડી રહ્યો છે કેમ કે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ કેનેડાના ડોમેસ્ટિક સ્ટુડન્ટ્સ કરતાં ચાર ગણી વધારે ટ્યુશન ફી ચૂકવતા હોય છે. દાખલા તરીકે બ્રિટિશ કોલંબિયા યુનિવર્સિટી ખાતે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ વાર્ષિક ૪૫,૦૦૦ ડોલર એટલે કે ૩૭.૬૭ લાખ રૂપિયા ચૂકવે છે જે ડોમેસ્ટિક સ્ટુડન્ટ્સ કરતાં પાંચ ગણા વધારે છે. લાંગરા કોલેજમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા નોંધપાત્ર રહી છે. તેના કુલ વિદ્યાર્થીઓમાંથી ૩૭ ટકા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ છે. ગત વર્ષે આ કોલેજમાં ૭૫૦૦ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સે એડમિશન લીધું હતું જેમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓ ભારતના હતા. સામાન્ય રીતે કેનેડા વિદેશી માઈગ્રન્ટ્સ અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સને આવકારનારો દેશ રહ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કેનેડામાં ઈમિગ્રેશન અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા અત્યંત ઝડપથી વધી ગઈ છે. જેના કારણે કેનેડામાં હાઉસિંગની અછત સર્જાઈ છે તથા હેલ્થકેર અને અન્ય સેવાઓ પર ભારણ વધી ગયું છે. પરિણામે સરકાર પર ઈમિગ્રેશન અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા પર નિયંત્રણ મૂકવાનું દબાણ વધી ગયું હતું. તેથી સરકારે આ વર્ષની શરૂઆતથી જ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ માટે કેટલાક કડક નિયમો અમલમાં મૂક્યા છે અને સ્ટડી પરમિટ ઈસ્યુ કરવા પર પણ કાપ મૂક્યો છે. જોકે, હવે તેની અસર ત્યાંની યુનિવર્સિટીઓ અને કોલેજો પર પડી રહી છે. ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે આ કાપ અંગે સમજાવ્યું હતું કે કેનેડાનો હેતું ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સને ગુણવત્તા સભર એજ્યુકેશન મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

### મેલોનીએ મહત્વના સોદા પર હસ્તાક્ષર કર્યા

## શા માટે ઈટાલી ચીન સાથે તેની નિકટતા વધારી રહ્યું છે?

। (એજન્સી) ચીન, તા.૨૯ ।

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની ચીનના પ્રવાસે છે. મેલોનીએ રવિવારે ચીનના વડાપ્રધાન લી કિઆંગ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે ચીન સાથે ત્રણ વર્ષના એક્શન પ્લાન પર હસ્તાક્ષર કર્યા. ૨૦૨૨માં ઈટાલીના વડાપ્રધાન બન્યા બાદ મેલોનીની ચીનની આ પ્રથમ મુલાકાત છે. તેમની મુલાકાત પાંચ દિવસની છે. મેલોનીની મુલાકાતને ઈટાલી અને ચીન સંબંધોને પાટા પર લાવવા સાથે જોડવામાં આવી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે મેલોની ચીન સાથે ફરી સંબંધો સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે. મેલોનીએ જણાવ્યું હતું કે ઈટાલી અને ચીન વચ્ચે સહી થયેલ સહકાર મેમોરેન્ડમમાં ઈલેક્ટ્રિક મોબિલિટી અને રિન્યુએબલ જેવા ઔદ્યોગિક ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ચીનના પ્રીમિયર લી કિઆંગ સાથેની બેઠકમાં



મેલોનીએ કહ્યું કે અમારી પાસે ઘણું કામ છે અને હું માનું છું કે આ કામ માત્ર વૈશ્વિક સ્તરે જ નહીં પરંતુ બહુપક્ષીય સ્તરે પણ મહત્વપૂર્ણ છે. મેલોની ઘણીવાર ચીનના રોકાણને ઈટાલીની આર્થિક નબળાઈ તરીકે જુએ છે. ગત વર્ષે ઈટાલી ચીનના BRI પ્રોજેક્ટમાંથી બહાર નીકળી ગયું હતું. આ કારણે ઈટાલી અને ચીન વચ્ચેના સંબંધોમાં થોડી તિરાડ પડી હતી. પરંતુ હવે મેલોનીની મુલાકાતને બંને દેશો વચ્ચેના સંબંધોને પાટા પર લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે. તેણે રવિવારે ઈટાલી-ચીન બિઝનેસ ફોરમમાં પણ ભાગ લીધો હતો.

### રાહુલ ગાંધીના ભાષણને લઈને ભારે હોબાળો થયો

## રાહુલ ગાંધીના નિવેદન પર નાણામંત્રી નિર્મલા સીતારમણે પકડી લીધું માથું

### નાણામંત્રી નિર્મલા સીતારમણ તેમના નિવેદન પર એક મિનિટ માટે શરમાઈ ગયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

લોકસભામાં સામાન્ય બજેટ પર ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીના ભાષણને લઈને ભારે હોબાળો થયો હતો. શાસક પક્ષે રાહુલ ગાંધીના અનેક નિવેદનો સામે વાંધો ઉઠાવ્યો હતો. આ દરમિયાન સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના નેતાને ગૃહના નિયમોનું પાલન કરવાનું પણ કહ્યું હતું. પોતાના ભાષણ દરમિયાન રાહુલ ગાંધીએ સરકાર પર અનેક આરોપો લગાવ્યા હતા.

આ દરમિયાન તેમણે બજેટની ટીકા કરતા કહ્યું કે, એક સમયે ઓબીસીની ભાગીદારીનો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, કેન્દ્રીય બજેટ બનાવનારા ૨૦ અધિકારીઓમાંથી માત્ર એક લઘુમતી અને એક ઓબીસી સમુદાયમાંથી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ તેમના નિવેદન પર એક મિનિટ માટે શરમાઈ ગયા હતા. આ બાદ તે હસવા માડ્યા



હતા. જે બાદ રાહુલે કહ્યું કે જે બાદ તેણે પોતાનું કપાળ પકડી લીધું હતું. ભાષણ દરમિયાન રાહુલ ગાંધીએ સ્પીકરને બજેટ પછી હલવા સમારોહની તસવીર બતાવવાની પરવાનગી માંગી હતી, પરંતુ સ્પીકરે આ વિનંતી ફગાવી દીધી હતી. ત્યારબાદ રાહુલે આ તસવીર વિશે ખુલાસો કર્યો અને કહ્યું કે, કેન્દ્રીય બજેટ ૨૦૨૪ તૈયાર કરી રહેલા ૨૦ અધિકારીઓમાંથી માત્ર બે જ લઘુમતી સમુદાયના છે. તેણે કહ્યું કે, તે તસવીરમાં પણ હાજર નથી. ૨૦ અધિકારીઓએ મળીને ભારતનું બજેટ તૈયાર કર્યું છે, જેમાં માત્ર એક લઘુમતી છે અને એક OBC છે. બજેટના હલવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, પરંતુ દેશના ૭૩% લોકો તેમાં સામેલ નથી. કેન્દ્રીય બજેટ પર રાહુલ ગાંધીના ભાષણ દરમિયાન લોકસભામાં હોબાળો થયો હતો. ગાંધી પર નિશાન સાધતા કિરેન રિજિજુએ કહ્યું કે, તમને ગૃહના નિયમોની ખબર નથી, તમે ગૃહના અધ્યક્ષને પડકાર આપો છો. બજેટ ભાષણમાં પેપર લીક મુદ્દાનો ઉલ્લેખ ન કરવા બદલ રાહુલ ગાંધીએ નિર્મલા સીતારમણ પર પ્રહાર કર્યા હતા. આ મુદ્દે વાત કરતા તેમણે આરોપ લગાવ્યો કે, છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં પેપર લીકના ૭૦ મામલા સામે આવ્યા છે. કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ૯૯% યુવાનો કેન્દ્રીય બજેટ ૨૦૨૪માં રજૂ કરવામાં આવેલા ઈન્ટર્નશિપ પ્રોગ્રામ માટે લાયક નહીં હોય. તેમણે કહ્યું કે, તમે યુવાનો માટે શું કર્યું? આ દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ રાહુલ ગાંધીના નિવેદન પર ઉભા થયા હતા.

### ૩૪ વર્ષ બાદ ભારતમાં યોજાશે એશિયા કપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ભારત પરથી હજી ક્રિકેટ વર્લ્ડકપની જીતનો નશો ઉતર્યો નથી. જોકે ગઈકાલે ભારતીય મહિલા ટીમ પાસે એશિયા કપ જીતવાનો એક સુવર્ણ મોકો હતો પરંતુ કમનસીબે આપણે આ ચૂકી ગયા છીએ. જોકે ફરી ભારત પાસે આગામી એક-બે વર્ષમાં મોટા ખિતાબ જીતવાનો મોકો આવી રહ્યો છે. આગામી વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફી જીતવાનો ભારતીય ટીમ પાસે મોકો છે પરંતુ આ તમામ વચ્ચે મહત્વની વાત એ છે કે ૩૪ વર્ષ બાદ ભારત એશિયા કપની મેજબાની કરશે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ની જાહેરાત અનુસાર ભારતમાં ૩૪ વર્ષ બાદ એશિયા કપ યોજાશે. ૨૦૨૫નો એશિયા કપ ભારતમાં સૌથી ટૂંકા ફોર્મેટ, ૨૦માં યોજાવા જઈ રહ્યો છે. આ સાથે ૨૦૨૭નો યજમાન દેશ પણ જાહેર કરવામાં આવ્યો છે. એશિયા કપ ટૂર્નામેન્ટની ચોથી એડિશન ૧૯૯૦-૯૧માં ભારતમાં યોજાઈ હતી. યજમાન ભારતે ફાઈનલમાં શ્રીલંકાને હરાવીને પોતાનું ટાઈટલ જાળવી રાખ્યું હતું. માત્ર મેન્સ જ નહિ ૨૦૨૬ની એશિયા કપ વુમન્સનું આયોજન પણ ભારતમાં થશે. મહિલા એશિયા કપની આગામી એડિશનમાં ૧૫ મેચો હશે અને તે પણ T20 ફોર્મેટમાં રમાશે.

### પાકિસ્તાનમાં અહમદી ડોક્ટરની હત્યા કરાઈ

## ક્લિનિકમાં બે બંદૂક ધારીઓએ ગોળી મારીને એક ડોક્ટરની હત્યા કરી હતી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પાકિસ્તાનનાગુજરાતશહેરમાંએકઅહમદીડોક્ટરની હત્યા કરવામાં આવી છે. તે તેના ડેન્ટલ ક્લિનિકમાં હતો ત્યારે બાઈક પર સવાર બે અજાણ્યા બંદૂકધારીઓએ તેને ગોળી મારી દીધી હતી. આશંકા છે કે તે અહમદિયા સમુદાયનો હોવાથી તેની હત્યા કરવામાં આવી છે. પાડોશી દેશમાં અહમદી સમુદાય પ્રત્યે નફરત સામાન્ય છે અને આ સમુદાય વિરુદ્ધ વારંવાર હિંસક ઘટનાઓ બને છે.ડૉ. જકૌર અહમદીની હત્યા પર પાકિસ્તાનના રાજકીય સંગઠન જમાત-એ-અહમદીયાએ ઘટનાની નિંદા કરી છે. સંગઠને કહ્યું કે ગયા મહિને પંજાબમાં અન્ય બે અહમદિયા લોકોની પણ તેમના સમુદાયના કારણે હત્યા કરવામાં આવી હતી. જમાત-એ-અહમદિયા પાકિસ્તાનના નેતા આમિર મહમૂદે કહ્યું કે અહમદિયા સમુદાયના એક આરોપીને જામીન આપવાના પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણયથી અહમદિયા સમુદાય વિરુદ્ધ નફરતની ઝુંબેશ વધુ તીવ્ર બની છે. તેમણે કહ્યું કે સમુદાયના લોકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તેમણે પૂછ્યું, “આ નફરતના અભિયાનમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ ઝુંબેશ ચલાવનારાઓની ઓળખ ગુપ્ત નથી. સરકાર તેમની સામે કોઈ પગલાં કેમ નથી લઈ રહી?”અહમદિયા સમુદાયને પાકિસ્તાનમાં ઘણા જુલમ અને ભેદભાવનો સામનો કરવો પડે છે. ૧૯૭૪ માં, પાકિસ્તાનની સંસદે અહમદીઓને બિન-મુસ્લિમ જાહેર કર્યા. એક વર્ષ પછી, અહમદી સમુદાયને પોતાને મુસ્લિમ કહેવા અને તેમના સમુદાયનો પ્રચાર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. અહમદિયા લોકોને હજ યાત્રા માટે સાઉદી અરેબિયા જવા પર પણ પ્રતિબંધ છે.સત્તાવાર આંકડાઓ અનુસાર, પાકિસ્તાનની વસ્તીના માત્ર ૦.૦૯% અહમદીઓ છે, જે મુખ્યત્વે ૯૬.૪૭% પર મુસ્લિમ છે. રૂઢિચુસ્ત, મુસ્લિમ બહુમતી ધરાવતા પાકિસ્તાનમાં લઘુમતી સમુદાયો વારંવાર ઉગ્રવાદીઓ દ્વારા અત્યાચારની ફરિયાદ કરે છે. જમાત-એ-અહમદિયા પાકિસ્તાનના અધિકારીએ જણાવ્યું હતું કે અહમદિયા સમુદાય વિરુદ્ધ આ નફરતની ઝુંબેશ અને હિંસા ભડકાવનારાઓને ન્યાયના કઠેડામાં લાવવામાં આવે જેથી કરીને આ વિશ્વાસ આધારિત હત્યાઓને રોકી શકાય.

### ૧૭ જુલાઈના રોજ વિજયા કામ પરથી પાછી ફરી ન હતી

## પતિ-પત્નીએ વૃદ્ધ મહિલાની હત્યા કરી, પછી તેના શરીરના ટુકડા કરી નદીમાં ફેંકી દીધા

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૯ ।

૭૮ વર્ષની વિજયા માયલાપુરના એમજીઆર નગરમાં રહેતી હતી. તે રોજીરોટી મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતી હતી. ૧૭ જુલાઈના રોજ વિજયા કામ પરથી પાછી ફરી ન હતી. તેમની પુત્રી લોગ્નાયાગી ચિંતિત થઈ ગઈ અને તેને શોધી કાઢ્યા પછી, ૧૯ જુલાઈના રોજ એમજીઆર નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી. એમજીઆર નગર પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. તમિલનાડુની રાજધાની ચેન્નાઈમાંથી હત્યાનો એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે. ચેન્નાઈ પોલીસ ગુમ થયેલી વૃદ્ધ મહિલાના કેસની તપાસ કરી રહી હતી. આ દરમિયાન પોલીસને ખબર પડી કે એક દંપતિએ તેની હત્યા કરી, તેના શરીરના ટુકડા કરી અઘાર નદીમાં ફેંકી દીધા. પોલીસ પૂછપરછ દરમિયાન દંપતીએ કબૂલાત કરી હતી કે તેઓએ મહિલાની હત્યા કરી હતી.મળતી માહિતી મુજબ, ૭૮ વષીય વિજયા મૈલાપુરના એમજીઆર નગરમાં રહેતી હતી. તે રોજીરોટી મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતી હતી. ૧૭ જુલાઈના રોજ વિજયા કામ પરથી પાછી ફરી ન હતી. તેમની પુત્રી લોગ્નાયાગી ચિંતિત થઈ ગઈ અને તેને શોધી કાઢ્યા પછી, ૧૯ જુલાઈના રોજ એમજીઆર નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી. એમજીઆર નગર પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.આ પછી પોલીસે ઘણા સીસીટીવી ફૂટેજ તપાસ્યા. આ પછી પોલીસને વિજયાના પાડોશી પાર્થિબેન પર હત્યાની શંકા હતી. તેને ૨૩ જુલાઈએ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો, પરંતુ તે આવ્યો નહોતો. ત્યારબાદ પોલીસે પાર્થિબનનો સેલ ફોન ટ્રેક કર્યો અને જાણવા મળ્યું કે તે વિરુધુનગર જિલ્લામાં તેની પત્ની સાથે છુપાયેલો છે. ત્યારબાદ પોલીસે દરોડો પાડ્યો હતા પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવતાં, પાર્થિબેન અને તેની પત્ની સંગીતાએ કબૂલાત કરી હતી કે જ્યારે તેણે વિજયાને તેમના ઘરમાંથી ચોરી કરતાં પકડ્યો ત્યારે તેઓએ જ હત્યા કરી હતી. ચોંકાવનારી વાત એ છે કે તેઓએ વિજયાનું ગળું દબાવીને હત્યા કર્યા બાદ તેના શરીરના ટુકડા કરી નાખ્યા હતા. શરીરના અંગો કોથળામાં મુકવામાં આવ્યા હતા. પછી તેને બાઈક પર લઈ ગયો અને અઘાર નદીમાં ફેંકી દીધો. પોલીસને શંકા છે કે વિજયાની હત્યા તેના દાગીના માટે કરવામાં આવી હશે.

# તંત્રી લેખ...

## પેરિસ ઓલિમ્પિક માટે ઈવેન્ટ્સનું આયોજન કરતા શહેરોમાં તોડફોડ

પેરિસ ઓલિમ્પિક માટે ઈવેન્ટ્સનું આયોજન કરતા શહેરો ફરી એકવાર તોડફોડનો ભોગ બન્યા હતા. ફ્રાન્સની સરકારે સોમવારે જણાવ્યું હતું કે ઘણી ટેલિકોમ્યુનિકેશન લાઈનમાં ખામી સર્જાઈ છે. તેમજ વિવિધ શહેરોમાં ફાઈબર લાઈનો, ફિક્સ અને મોબાઈલ ફોન લાઈનોને અસર થઈ છે. સમાચાર એજન્સી એપીએ કહ્યું કે આ હિંસાથી થયેલા નુકસાનની ચોક્કસ રકમનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. તે પણ તપાસવામાં આવી રહ્યું છે કે આનાથી કોઈ ઓલિમ્પિક પ્રવૃત્તિને અસર થઈ છે કે કેમ. મરિના ફેરારી, ડિજિટલ બાબતોના પ્રભારી રાજ્ય સચિવ, ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં વધુ વિગતો આપી. તેમણે કહ્યું કે રવિવાર અને સોમવારની રાત વચ્ચે ઘણા વિસ્તારોમાંથી આઉટેજના અહેવાલો આવ્યા છે, જેનાથી ટેલિકોમ ઓપરેટરોને અસર થઈ છે. સીન નદી પર ઓલિમ્પિક ગેમ્સના ઉદઘાટન સમારોહ પહેલા ત્રણ મુખ્ય રેલ્વે લાઈનમાં તોડફોડ કરવામાં આવી હતી. તેમજ આગચંપીની ઘટનાઓને કારણે હાઈસ્પીડ રેલ સેવાને અસર થઈ હતી. શુક્રવારે રાત્રે ઓલિમ્પિક ગેમ્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. રેલ કંપની એસએનસીએફએ જણાવ્યું હતું કે તેના કામદારોએ પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પેરિસ તરફ જતી ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ તરફની ક્ષતિગ્રસ્ત રેલ લાઈનને સુધારવા માટે રાતભર કામ કર્યું હતું. કંપનીએ જણાવ્યું હતું કે શનિવારે સવારે પૂર્વીય હાઈ સ્પીડ લેન પર સામાન્ય સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. કેટલીક ટ્રેનો એકથી બે કલાક જેટલી મોડી પડી હતી,'' એમ જીજ્ઞઝ્ઞએ જણાવ્યું હતું. ઉત્તરીય માર્ગ પરનો રેલ ટ્રાફિક રવિવારે ખોરવાઈ ગયો હતો, પરંતુ આગામી સપ્તાહના અંત સુધીમાં એટલાન્ટિક માર્ગ પરની સ્થિતિમાં સુધારો થવાની ધારણા છે, એમ કંપનીએ જણાવ્યું હતું. લોકો તેમની ટ્રેનો ચલાવવાની પુષ્ટિ કરવા માટે ટેક્સ્ટ સંદેશાઓ અને ઈમેઈલ દ્વારા સંપર્ક કરવામાં આવી રહ્યા છે. પેરિસ ઓલિમ્પિકનું આયોજન કરી રહ્યું છે અને તોડફોડ અને આગચંપીની ઘટનાઓએ સુરક્ષાને લઈને ચિંતા વધારી છે. ફ્રેન્ચ અધિકારીઓ સક્રિયપણે તપાસ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે હજુ સુધી કોઈ શંકાસ્પદની ઓળખ થઈ નથી કે તેની ધરપકડ કરવામાં આવી નથી.

## અગાઉ ભારતીય રિઝર્વ બેન્કે પણ વિકાસદરનો અંદાજ ઘટ્‌ડાયો હતો

વડાપ્રધાને વિવિધ સોળ મંત્રાલયોના પારસ્પરિક જોડાણથી દેશની આર્થિક નવરચના માટે ગતિશક્તિ યોજનાની શરૂઆત કરી હતી પરંતુ એની અમલવારી માટે એમની પાસે પૂરતો સમય ન હતો જે સમય હવે ઉપલબ્ધ છે. આમ તો આ યોજના અન્ય સંખ્યાબંધ યોજનાઓનું ડેવલપમેન્ટ લિંકિંગ છે. અર્થશાસ્ત્રમાં જે કેટલીક ઈનોવેટિવ પ્રણાલિકાઓ છે એનો ભારતમાં ખરેખર જો અમલ થશે તો એનો ફાયદો આખા એશિયાના ઈકોનોમિક પરિદ્રષ્યને થશે. પરંતુ અમલવારી આપણે ત્યાં બહુ પડકારરૂપ હોય છે. મિસ્ટર મોદી ગતિશક્તિ માટે કેટલી ગતિ અને કેટલી શક્તિ દાખવી શકે છે એ જોવાનું રહે છે. વિવિધ આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ ભારતના વિકાસદરનો અંદાજ સતત ઘટાડતા રહેવાનો ક્રમ ચાલુ રાખ્યો છે. અગાઉ ભારતીય રિઝર્વ બેંકે પણ વિકાસદરનો અંદાજ ઘટ્‌ડયો હતો. જો કે વાસ્તવિકતા એ પણ છે કે કોરોનાનો બીજો રાઉન્ડ હળવો થયા પછી પ્રારંભિક તેજીને કારણે ઉત્પાદકોમાં નવી પૂછપરછ નીકળી હતી અને હવે તો અગાઉના એ દિવસો વીસરાઈ ગયા છે. ભારત એક વિરાટ મિડલ ક્લાસ માર્કેટ છે. એટલે દુનિયાભરના ઉત્પાદકોને ભારતનું આકર્ષણ તો રહેવાનું જ છે. આટલી વિરાટ જનસંખ્યાને કારણે રૂપિયો ફરતો રહેવાનો છે. એટલે વિશ્વબેંક જે મંદીનું બ્યુગલ બજાવે છે તેની તો સૌથી ઓછી અસર ભારતમાં થશે. સંયુક્ત રાષ્ટ્રસંઘ છેલ્લા ઘણા સમયથી વૈશ્વિક મંદીની નોબત વગાડે છે. રાષ્ટ્રસંઘના અર્થશાસ્ત્રીઓ એ કહ્યું છે કે દુનિયાના તમામ દેશોની સરેરાશ સ્થિતિ છેલ્લા એક દાયકામાં સૌથી તકલીફ અનુભવવા તરફ છે. એટલે કે દુનિયાનો સાર્વત્રિક વિકાસ દર પણ ઘણો નીચો જશે. ઉપરાંત વિવિધ દેશો વચ્ચેના વૈમનસ્ય ને કારણે પણ નવી આર્થિક પ્રગતિ હાંસલ કરવામાં અનેક અંતરાય ઊભા થશે. ભારતમાં કેરળનું ચોમાસુ આ અંતવેળાએ ફરી કેરળ પહોંચીને ધૂમ મચાવી રહ્યું છે અને અનેક નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે ભારતના વૃદ્ધિદરનો અંદાજ નવેસરથી ઘટાડીને ૫.૭ ટકા જાહેર કર્યો હતો. જો કે અગાઉ ઈ. સ. ૨૦૧૯ ના જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળા દરમિયાન ભારતનો વિકાસ દર ઘટીને ૪.૫ ટકા થઈ ગયો હતો, જે પણ છેલ્લા એક દાયકામાં સૌથી ઓછો હતો. અલબત્ત ઈ. સ. ૨૦૧૮ -૧૯ નો વિકાસ દર ૬.૮ ટકા એટલે કે સાત ટકા જેટલો હતો. ત્યારના એટલા ઊંચા વિકાસ દરનું એક કારણ એ પણ છે કે નોટબંધી પછી નાગરિકોના પૈસા બજારમાં થોડા સમય માટે ફરતા થયા હતા. ઉપરાંત કરન્સીમાં જ બચત રાખવાને બદલે નવા નવા રોકાણોમાં શ્રીમંતો વળ્યા હતા, જેની પ્રાસંગિક સકારાત્મક અસર વિકાસદર ઉપર થઈ હતી. અર્થશાસ્ત્રીઓ માને છે કે ત્યારે પણ દેશના ઔદ્યોગિક ઉત્પાદનો, સેવાઓ અને કૃષિક્ષેત્ર દ્વારા હાંસલ કરવાપાત્ર વિકાસ દર તો પાછળ જ રહ્યો હતો. નવા રોકાણોનો એ તબક્કો પૂરો થતાંવેંત જ આખરે વિકાસ દર નીચે આવી ગયો હતો. સામાન્ય બજેટ ૨૦૨૪ માટે સીતારામને વિકાસદરનો અંદાજ ઊંચો રાખ્યો છે. બજારમાં કેટલાક એવા કિસ્સાઓ બનવા લાગ્યા છે કે જેનાથી વેપારી આલમમાં ગભરાટ છે. લોકો માલ ઉપાડયા પછી સમયસર ચૂકવણી કરતા નથી. વળી નવા માલના ઓર્ડર આપે છે. આવા સંજોગોમાં ઉત્પાદકો મુંઝવણમાં મુકાયા છે. આ પરિસ્થિતિ ઉદ્યોગોના વિવિધ સેક્ટરમાં અત્યારે છે. ભારત સરકારના આપણા આંકડાશાસ્ત્ર વિભાગે તો ચાલુ વર્ષ માટે વિકાસદરનો અંદાજ માત્ર માઈનસમાં ઠરાવ્યો છે, જે વાસ્તવિકતાની બહુ નજીક છે. દુનિયાની ટોચની વિવિધ નાણાંકીય અને અર્થશાસ્ત્રીય સર્વેક્ષણ સંસ્થાઓએ આગામી એક વરસ સુધી વૈશ્વિક આર્થિક ચિત્ર ૨.૫ ટકાના વિકાસથી બહુ ઊંચો કૂદકો મારી શકે એમ નથી એવી દહેશત વ્યક્ત કરી છે. રોજગારીના નવા વિકલ્પો શોધવા માટે શહેરીજનોમાં એક વ્યાકુળ દોડ ચાલુ થઈ છે અને ભારત પણ તેમાંથી બાકાત નથી. વિશ્વબેંક અને ભારતીય રિઝર્વ બેંકે પણ વિકાસ દરનો અંદાજ પૂર્વે ઘટાડેલો છે. ચોતરફથી ઘટતા અંદાજના પડઘા વચ્ચે શેર બજાર એની પોતાની આગવી અદામાં ચમકારા બતાવે છે. મુંબઈના ખેલાડીઓ કહે છે કે સારા વાતાવરણની આશાએ અત્યારે સામાન્ય રોકાણકારને આકર્ષવા માટેનું હવામાન છે.

**ચિંતન તો સ્નેહની નિર્મળ ધારા લઈને જ વહે છે, એટલે વસુધૈવ કુટુંબમાંથી એનો પ્રતિસાદરૂપે પડઘો પણ સાંપડયો!**

# ખાદીનું વસ્ત્ર એક પ્રકારની વૃત્તિ છે અને એટલે એને અંગિકાર કરવાથી તે વૃત્તિ પણ નિર્મળ રહે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**રાજકારણીઓ પોતાની ઈમેજ માટે પહેરતા હોય છે પણ, ખુરશીની લાલચમાં મહદ્ અંશે, એમના ભાવ કંઈ સુધરતા નથી, અપવાદ હોય! પણ અપવાદ સિદ્ધાંત ન બની શકે, આજકાલ જુવાનીયાઓ પણ ખાદી એક ફેશન ટ્રેન્ડ તરીકે અપનાવી રહ્યા છે, એમની માનસિકતા શું હશે તે ખબર નથી! પણ કંઈક અન્ય વસ્ત્ર કરતાં અંતરમાં ટાઢક દેતી વાત તો હશે જ!**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં ઘણા વખતે મામા, મામી, માસી, સાથે રહેવાનું થયું, અને એવું લાગ્યું કે અમુક સંબંધોને ક્યારેય કાટ લાગતો નથી, કારણ કે બંને બાજુ એટલીજ લાગણી હોય છે, જે ગુણ અવગુણ ભૂલાવી દે છે! સ્વતંત્રતાનું પર્વ નજીક આવતું હોયને, વડાપ્રધાને સૌને ખાદીનું વસ્ત્ર પહેરવા અનુરોધ કર્યો. ગાંધીજીએ ખાદીનાં વસ્ત્રને એક વૃત્તિ કહી છે, કે જેને અંગિકાર કરવાથી વૃત્તિ નિર્મળ રહે છે. એટલે કે શરીરને તો શાતા આપે જ છે, પણ સાથે સાથે એ કેટલાયના જીવનનું ભરણપોષણ કરતું હોવાથી એ રીતે પણ ભીતરની ભાવનાને ઉશ્કેરતી નથી. એ રીતે પહેરાતી ખાદી તો હવે ગઈ, રાજકારણીઓ પોતાની ઈમેજ માટે પહેરતા હોય છે પણ, ખુરશીની લાલચમાં મહદ્ અંશે, એમના ભાવ કંઈ સુધરતા નથી, અપવાદ હોય! પણ અપવાદ સિદ્ધાંત ન બની શકે. આજકાલ જુવાનીયાઓ પણ ખાદી એક ફેશન ટ્રેન્ડ તરીકે અપનાવી રહ્યા છે, એમની માનસિકતા શું હશે તે ખબર નથી! પણ કંઈક અન્ય વસ્ત્ર કરતાં અંતરમાં ટાઢક દેતી વાત તો હશે જ! અને એના પરથી એવું લાગે કે હુંફ અને લાગણી માટેની તેમની ચાહ છે, તે આ વસ્ત્ર કદાચ પૂર્તિ કરતું હોય શકે! આ એક અનુમાન છે. પરંતુ ખાદી પણ આજકાલ ખૂબ જ મોંઘી થતી જાય છે, એટલે દરેકને પોસાય પણ નહીં, તો એવો કોઈ માર્ગ શોધવો પડે કે જે બાહ્ય વસ્ત્ર ગમે તે હોય, પણ અંતરની વૃત્તિને સમ રાખી શકે, અને એને કારણે જિંદગીનાં વસ્ત્રની ગુણવત્તા વધે. સ્નેહ અને સ્વીકાર આ બે ભાવ જિંદગીનાં વસ્ત્રની ગુણવત્તા વધારી શકે છે. કોઈ વાર કોઈ પ્રત્યે સ્નેહ હોય તો તો કોઈ પ્રશ્ન ઉપસ્થિત રહેતો જ નથી. પરંતુ જ્યાં સ્નેહ ન હોય ત્યાં સ્વીકાર કરી લેવાનું, એટલે કે સમાધાન કરવાની વૃત્તિ, પણ જિંદગીના વસ્ત્રને રંગીન બનાવે છે. હમણાં જ એક ચિંતનમાં લખાયું કે ચિંતનની આ ધારાને



ચાર વર્ષ પૂરા થયાં, અને આ ત્રણ વર્ષમાં કેટલાં સંબંધો બંધાયાં. ચિંતન તો સ્નેહની નિર્મળ ધારા લઈને જ વહે છે, એટલે વસુધૈવ કુટુંબમાંથી એનો પ્રતિસાદરૂપે પડઘો પણ સાંપડયો! પપ્પા જતા રહ્યા પણ કેટલાય વડીલો એ ભાવથી આશિષ આપતા રહે છે, એમાંય ખાસ કરીને અતુલ કાકા! એમના નિર્મળ પ્રેમનાં આશીર્વાદ સતત આપતા રહે છે, તો કેટલાય મોટાભાઈ થઈને નાની બેન પર સ્નેહ વરસાવે છે, મુકેશભાઈ, દિનેશભાઈ, મહેન્દ્રભાઈ, રસિકભાઈ, દેવેન્દ્રભાઈ પ્રવીણસિંહ ભાઈ, શામજીભાઈ, મિતેશ ભાઈ, સુનીલભાઈ, મોર્ડન ભાઈ તો જતાં રહ્યાં! અને બીજા પણ તો મોટી બહેન પણ ઘણા છે, અંજની દીદી, સરલા દીદી, વિભૂતિ દીદી, જયશ્રી દીદી, અને બીજા ઘણા, મિત્રનો ભાવ પણ ઘણાનો, મેહુલભાઈ અને નૈતિકભાઈ જેવા પોતાનાં અતરંગી પ્રતિભાવથી અંદરની પ્રતિભાને બહાર પણ કાઢે, અને દીકરા પણ કેટલાય આગંતુક અનિરુદ્ધ, મોમ કહે, મા કહે દીપક, અને હર્ષ ભાઈ માવડી માવડી કહે! કોઈ મિત્ર કહે કે શબ્દોને બહુ સરસ રીતે રમાડો છો!; ત્યાં થોડી એમની ભૂલ થઈ, સર્જક શબ્દને ખાઈ શકે, પી શકે, પહેરી શકે, એની પર સૂઈ શકે, એને ઓઢી શકે, બાકીની બધી જ ક્રિયા કરી શકે, પણ શબ્દ એ એની માટે બ્રહ્મ છે, અને એની સાથે તે ખીલવાડ ન કરી શકે! એટલે કે શબ્દને રમાડી ન શકે! નહીં તો સરસ્વતી રુઠી જાય! ટૂંકમાં સ્નેહ લઈને નીકળો તો આપસના વહેવારો માંથી સકારાત્મક ભાવ જ ઉદભવે! કોઈ પરાયું નથી, અને કોઈ ખરાબ નથી, બધા જ તો મારા અને પોતીકા છે!; કોઈને નફરત શું કામ કરવી! કોઈનું માઠું શું કામ લગાડવું! હશે હવે ભૂલ થઈ ગઈ, તું માફ કરી દે ને!; આવા બધા ભાવો જો આપસી વ્યવહારમાં ઉપર રહે, તો જિંદગીનાં વસ્ત્રમાં સુંદર મનમોહક રંગોળી પણ દેખાય, અને એની ગુણવત્તા પણ અદભુત હોય, એટલે કે ગમે તેટલું ખેંચવાથી એ ફાટે નહીં, પણ બંને પક્ષે આવા ભાવ હોવા એ પણ એટલું જરૂરી છે! યુગ પરિવર્તનની માત્ર વાતો કરવાથી યુગ પરિવર્તન થશે નહીં, એટલે ઘર પરિવારના બે મુખ્ય પાત્રો સ્ત્રી અને પુરુષ આ બંનેએ આવા ભાવ ઉપર રાખવાં સતત કોશિશ કરવી જોઈએ, તો જ તેમના દાંપત્યનું દામન પ્રસન્નતાથી ભરેલું રહે. દરેકનું જીવન નામનું વસ્ત્ર સંબંધોનાં અતિશય સૂક્ષ્મ તાણાવાળાથી ગુંથાયેલું હોય છે. વસ્ત્રની ગુણવત્તા સંબંધોની ગરિમા અને એમાંથી ઉપજતા સુખ, પ્રેમ, પ્રસન્નતા, પર આધારિત હોય છે. જેનાથી જિંદગીનાં વસ્ત્ર પર સુંદર રંગો નીખરતાં જોવા મળે, અને રંગોળી જેમ સૌને મનમોહિત કરે તો સમજવું કે ત્યાં સંબંધોની ગરિમા સચવાયેલી છે. પરંતુ હવે એવું વસ્ત્ર ઓછું જોવાં મળે છે, અને કદાચ જોવાં મળતું હોય, તો એ બાહ્ય રીતે મનમોહક હોઈ શકે, પણ તેની ગુણવત્તા એટલી હોતી નથી, ખેંચવાથી ફાટી પણ જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે દરેક સંબંધોના આપસના વ્યવહારનું પરિણામ અનુક્રમે હુંફ, લાગણી, આદર, સન્માન, અને વાત્સલ્ય, પ્રેમ, આત્મિયતા હોવું જોઈએ. પરંતુ આપસના વ્યવહારમાં જિંદગીનાં વસ્ત્રને ખરાબ કરનાર અથવા તો એની ગુણવત્તા ઘટાડી દેનાર, અન્ય ભાવ અંતરમાં પ્રવેશી ગયાં, અને એને કારણે વસ્ત્રની ગુણવત્તા ઘટી ગઈ. આજે જ્યારે સમાજમાં દાંપત્યજીવન બગડતા જાય છે, અને લગ્નના એક બે વર્ષમાં જ વાત છુટાછેડા સુધી પહોંચે છે. એલીમનીનાં રુપિયા લેવા માટે કોર્ટમાં કેવી કેવી દલીલો થાય છે, કે આપણને એમ થાય કે, આ બંને પક્ષના સંબધમાં શું ક્યારેય જરાય પ્રેમ રહ્યો જ નહીં હોય? માફી માંગી લેવી, અને માફ કરી દેવું, આ બંને ભાવ જ્યાં જોવા મળે ત્યાં જ દાંપત્ય ટકી શકે!: અને હા બીજું એકબીજાના ગુણોનો આદર કરવો, એ પણ મહત્વનું છે. સમય બદલાતો જાય છે, હવે સ્ત્રી પહેલાની જેમ ઘરમાં બેસી રહેતી નથી, અને એની પ્રતિભા સોળે કળાએ જ્યારે ખિલતી હોય, અને છતાં ઘરમાં જો તેનું અપમાન થતું હોય, તેને તુચ્છ ગણવામાં આવતી હોય તો એ સંબંધ કેટલો નભી શકે! એ જ રીતે પ્રતિભાનો વધુ પડતો અહમ પણ હોઈ શકે, અને એ સ્ત્રી સામેના પુરુષને પણ તુચ્છ સમજતી હોય, તો ત્યાં પણ તકલીફ થાય!: જિંદગીનું વસ્ત્ર જો મન મોહક બનાવવું હોય, મનભાવન રંગોની રંગોળી કરવી હોય, ખુશી અને પ્રસન્નતાનાં રંગો પૂરવા હોય તો, કંઈક તો ચિંતન કરવું પડે! અને સૂક્ષ્મ પીછીથી આવા નાના નાના ભાવના રંગો પુરવાથી પરિણામ ઘણું સારું આવી શકે તેમ છે!: આપણી સંસ્કૃતિને ઉજાગર કરવી હશે, તો આવી સામાજિક સમસ્યાઓનો ઉકેલ આપણે જ લાવવો પડશે, અને પરિવારના સભ્યોને ઘરની અંદર આવવાનું મન થાય એવું વાતાવરણ બનાવવું પડશે. આપણા સાંસ્કૃતિક સંસ્કારોના મૂલ્યોનું સિંચન કરવું પડશે, અને ત્યારે લગ્ન સફળ થશે, સમાજ શાંત થશે, અને સંસ્કૃતિનું ઉત્થાન થશે!: જીવનમાં સફળતા જરૂરી છે, પણ સંબંધોનાં ભોગે નહીં! એ વાત બંને પક્ષે યાદ રાખવાની છે. તો સંસ્કૃતિના ઉત્થાન માટે આપણે આપણા ઘરથી જ શરૂઆત કરી શકીએ, આપણા ઘરનાં વાતાવરણને પ્રસન્ન બનાવી શકીએ, જિંદગીના વસ્ત્રમાં નાના નાના ભાવોથી રંગોળી કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**મન વાસનામાં ફસાયેલું છે, વાસનાનો નાશ ન થાય તો તેની ભક્તિમાં કે ધ્યાનમાં સ્થિરતા આવતી નથી**

# બાલ્યાવસ્થાથી ભક્તિનો રંગ લાગે અને બુદ્ધિમાંથી કામ ગયો હોય તો માનવું કે, આ છેલ્લો જન્મ છે...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સંસારમાં કપટ ન કરો,તેમ અતિશય સરળ ન બનો, પરમાત્માનું ધ્યાન કદાચ ન કરો તો ચાલશે પણ જગતના સ્ત્રી-પુરુષનું કે જડ વસ્તુનું ધ્યાન ન કરો, જે મિત્ર નથી તે શત્રુ બનતો નથી, પણ જે મિત્ર છે તે જ એક દિવસ શત્રુ બને છે, ભરતજીનું પ્રારબ્ધ હરણ બાળરૂપ આવેલું, પ્રારબ્ધ ભોગવ્યા વગર છૂટકો નથી, જ્ઞાન થયા પછી વાસનાનો નાશ ન થાય તો જ્ઞાન દૃઢ થતું નથી.**

બહારનો સંસાર ભજનમાં વિક્ષેપ કરતો નથી. અંદરનો સંસાર ભક્તિ માં વિઘ્ન કરે છે. હરણ ઝુંપડીમાં નહીં પણ ભરતજીના મનમાં આવીને બેઠો છે. ઘર છોડ્યું, રાજ્ય છોડ્યું, રાણી છોડી, છોકરાંઓ છોડ્યાં અને હરણમાં ફસાયા. સાધક જો અતિશય પરોપકારની ભાવના રાખવા જાય લોક સાથેનામાં વિઘ્નરૂપ થાય છે. પરોપકાર કરવો એ સર્વનો ધર્મ છે. પણ એવો પરોપકાર ન કરો કે, જેથી તમને પરમાત્માનું વિસ્મરણ થાય. સંસારમાં કપટ ન કરો,તેમ અતિશય સરળ ન બનો. પરમાત્માનું ધ્યાન કદાચ ન કરો તો ચાલશે પણ જગતના સ્ત્રી-પુરુષનું કે જડ વસ્તુનું ધ્યાન ન કરો. જે મિત્ર નથી તે શત્રુ બનતો નથી, પણ જે મિત્ર છે તે જ એક દિવસ શત્રુ બને છે. ભરતજીનું પ્રારબ્ધ હરણ બાળરૂપ આવેલું. પ્રારબ્ધ ભોગવ્યા વગર છૂટકો નથી. જ્ઞાન થયા પછી વાસનાનો નાશ ન થાય તો જ્ઞાન દૃઢ થતું નથી. મન વાસના માં ફસાયેલું છે. ભરતજી મહાન જ્ઞાની છે, પરંતુ જ્ઞાન થયા પછી મન ન મરે, વાસનાનો નાશ ન થાય તો તેની ભક્તિમાં કે ધ્યાનમાં સ્થિરતા આવતી નથી. અનેક વખત વાસના ના વેગમાં જ્ઞાન વહી જાય છે. વૈરાગ્ય વગર જે ઘર છોડે તે વનમાં પણ સંસાર ઊભો કરે છે. જ્ઞાનીના બે ભેદો છે: જેણે ખૂબ ઉપાસના કરી છે તે કૃતોપાસ્તિ જ્ઞાની છે. તેને માયા સતાવતી નથી. પણ અકૃતોપાસ્તિ જ્ઞાની છે તેને માયા વિઘ્ન કરે છે. વાસનાનાશ વગર તત્ત્વાનુભવ થતો નથી. તત્ત્વજ્ઞાન થયા પછી વાસનાનો નાશ કર્યા વગર બ્રહ્મનિષ્ઠા થતી નથી. ભરતજીને અપરોક્ષ સાક્ષાત્કાર હજુ થતો નથી. તે થયો હોત તો હરણમાં મન ફસાય નહીં. આ પ્રમાણે ભરતજી હરણના લાલન પાલનમાં વ્યસ્ત રહેવા લાગ્યા અને તેમનાં સંધ્યા-પૂજા વગેરે નિત્ય કર્મો છૂટવા લાગ્યાં. ભરતજી હરણને કૂમળું કૂમળું ઘાસ ખવડાવે.હરણ કૂદકો મારે, મુનિનું અંગ ચાટે ત્યારે ભરતજી વિચારે છે કે, કેવો સુંદર છે! કેવો ડાહ્યો છે! આમ આસક્તિ વધતી ચાલી. એક દિવસ હરણ જંગલમાં રમવા ચાલી ગયું. રાત પડી પણ પરત ન આવ્યું. મુનિ ચિંતા કરવા લાગ્યા, મારા હરણને શું થયું હશે? રક્ષણ તો પ્રારબ્ધ પ્રમાણે બધાનું થાય છે. કોઈ કોઈનું રક્ષણ શું કરવાના હતા?એક ગામડીયો મોટું પોટલું માથાં પર મૂકીને રેલગાડીમાં બેઠો હતો. કોઈએ કહ્યું ત્યારે કહે કે, ગાડીમાં મૂકું તો એને ભાર લાગે ને! અજ્ઞાન પણ આવું જ છે. ભરતજી હરણબાળના રક્ષણથી ચિંતીત રહેવા લાગ્યા.તપ, સંધ્યા બધું એમાં ભૂલાઈ ગયું. કાળને કોઈની દયા આવતી નથી. કાળ કદી એવું વિચારતો નથી કે, આણે પોતાનું કાર્ય પૂરું કર્યું છે કે નથી કર્યું. માટે મૃત્યુની રોજ તૈયારી રાખો. જિંદગી એવી રીતે જીવો કે મૃત્યુ આવે ત્યારે તમે અસાવધ ન રહો. તમને ઉપાડી જવાની તક મૃત્યુને ન આપશો. ભરતજીને કાળ પકડવા આવ્યો. ભરતજીને હરણનું સ્મરણ થયું અને શ્રીહરિનું નહીં. પણ હરણનું ચિંતન કરતાં કરતાં ભરતજીએ શરીરનો ત્યાગ કર્યો. મરતી વેળા હરણના ચિંતનથી તેમને હરણનું શરીર મળ્યું. બીજા જન્મની તૈયારી મનુષ્ય આ જીવનમાં જ કરે છે. આ જીવનમાં બીયાં મળે છે, ફળ નહીં. પૂર્વજન્મમાં કરેલું તપ નિષ્ફળ જતું નથી, એટલે હરણના શરીરમાં પણ ભરતજીને પૂર્વ જન્મનું જ્ઞાન હતું. પશુપક્ષીનો અનાદર ન કરો. કોઈ મહાત્મા કોઈ કારણથી પશુપક્ષી બની આવ્યા હોય તો? અહલ્યા જેવી કોઈ મહાસતી પથ્થર થઈને આવી હોય તો? નૃગરાજા કાચિંડો થઈને આવેલા, નળકુબેર વૃક્ષ થઈને આવ્યા હતા. તેમ કોઈ સિદ્ધ પુરુષ વૃક્ષ થઈને આવેલા હોય તો? કોઈ આત્માની ભૂલ થાય તો પશુપક્ષીની યોનિમાં ભ્રમણ કરે છે. હરણના સ્વરૂપમાં ભરતજી ફરે છે. તેમને પૂર્વજન્મનું જ્ઞાન છે. વિચારે છે કે આ ગંડકીના કિનારે હું તપશ્ચર્યા કરતો. અરે, આ જગ્યાએથી હું હરણને ઊંચકી આશ્રમમાં લાવ્યો. તેની પાછળ અતિ આસક્તિને કારણે મારો આ હરણ તરીકે જન્મ થયો. હું મહાન જ્ઞાની હતો, યોગી હતો, પણ આજે ચાર પગવાળો થયો છું. મારે હવે નવું પ્રારબ્ધ ઊભું કરવું નથી. જે લઈને આવ્યો છું તે જ ભોગવવું છે.હરણરૂપી ભરત જી ગંડકી નદીમાં સ્નાન કરે છે. વૃક્ષનાં સૂકાયેલાં પાંદડાં ખાય છે. ખડ તોડી ને ખાતા નથી. કારણ તેના ઉપર જંતુ હોય છે. હિંસા થાય તો નવું પ્રારબ્ધ ઊભું થાય. હરણ શરીરમાં પણ તેઓ એકાદશી વ્રત કરે.પ્રાચીન કાળમાં ભારતમાં પશુ ઓ પણ એકાદશી કરતાં. તે પછી ભરતજીએ હરણશરીરનો ત્યાગ કર્યો. તે પછી પવિત્ર બ્રાહ્મણ ના ઘરે એમનો જન્મ થયો. સંતો જન્મ લેવા યોગ્ય પાત્ર શોધતા જ હોય છે. ભરતજીનો આ છેલ્લો જન્મ છે. પૂર્વજન્મનું જ્ઞાન છે કે, હરણમાં મન ફસાયું તેથી પશુનો જન્મ મળ્યો હતો. આ જન્મમાં મારે કોઈની સાથે બોલવું નથી. એક વખત મારી ભૂલ થઈ. હું સાવધાન રહીશ. ભલે લોકો મને જડ કહે. બાળપણથી જ ભરતજીને ભક્તિ નો રંગ લાગે છે. શાસ્ત્રમાં છેલ્લા જન્મનાં કેટલાંક લક્ષણો બતાવ્યાં છે.બાલ્યાવસ્થાથી ભક્તિનો રંગ લાગે તો માનવું કે, આ છેલ્લો જન્મ છે. બુદ્ધિમાંથી કામ ગયો હોય તો માનવું કે આ છેલ્લો જન્મ છે. જ્યાં સુધી બુદ્ધિમાં કામ છે તેણે માનવું કે ફરીથી જન્મ લેવાનો છે. વસ્તુ માત્રમાં ભગવદ્ ભાવ જાગે તો માનવું કે, છેલ્લો જન્મ છે. દૃષ્ટિ જ્યાં જાય ત્યાં ભગવાન દેખાય તો માનવું કે, આ છેલ્લો જન્મ છે. હૃદયથી અત્યંત દીન છે તો તેનો આ છેલ્લો જન્મ છે. જેની બુદ્ધિ માંથી અભિમાન નાશ પામ્યું તેનો આ છેલ્લો જન્મ છે. જડ ભરતજીનો આ છેલ્લો જન્મ હતો. એક હસતો હસતો જેલમાં જાય છે, એક રડતો રડતો જેલમાં જાય છે. સાધારણ જીવ વાસનાને આધીન થઈને સંસારમાં આવે છે. સંતો ભાગવત ઈચ્છાથી ભાગવત કાર્ય કરવા માટે સંસારમાં આવે છે. સંસારની દૃષ્ટિએ પરમનનું અને પરધનનું આકર્ષણ કરનારો ચેતન ગણાય. એટલે સંસારની. દૃષ્ટિએ સંત જડ છે.પરંતુ ખરેખર તો ચેતન આનંદમય પ્રભુને ભૂલી સંસારના મુખમાં ફસાયેલો. મનુષ્ય જ જડ છે. પ્રભુપ્રેમમાં મસ્તબનેલો દેહભાન ભૂલેલા, મહાપુરુષને જડ કેમ કહેવાય? પણા સંસારની ઊલટી રીત હોવાથી સંસારના લોકોએ ભરતજીનું નામ જડભરત રાખ્યું. લોકો ભરતજીને મૂર્ખ માને છે. ભરતજી વિચારે છે કે, ભલે લોકો મૂર્ખ માને, મારે ડાહ્યામાં કે જ્ઞાનીમાં ખપવું નથી.પૂર્વજન્મમાં જ્ઞાન બતાવવા ગયો તો દુ:ખી થયો. જ્ઞાન એ ભોગ માટે નથી. પ્રતિષ્ઠા માટે નથી, પણ મુક્તિ માટે છે. જ્ઞાનનું ફળ પૈસો કે પ્રતિષ્ઠા નથી પણ પરમેશ્વર છે.જડભરતે વિચાર કર્યો કે, પૂર્વજન્મમાં પણ સાથે વાત કરી તેથી પશુનો અવતાર મળ્યો. તેથી આ જન્મમાં હવે હું કોઈની સાથે વાત જ નહીં કરું. હવે વાત કરીશ કેવળ એક પરમાત્માની જ સાથે. વાણી અને પાણીનો દુરુપયોગ કરે છે તે ઈશ્વર નો ગુનેગાર છે. મીરાંબાઈએ પણ નિશ્ચય કરેલો કે, વાત કરીશ, બોલીશ તો ફક્ત મારા એક ગિરધર ગોપાલ-શ્રીકૃષ્ણ સાથે જ. ઈશ્વરની સૃષ્ટિમાં પ્રભુએ એક- એક કામ માટે બે-બે ઈન્દ્રિયો આપેલી દેખાય છે. એક આંખથી જોઈ શકાય છતાં બે આંખ આપી છે, પરંતુ જીભને બે કામ કરવાના છે: બોલવું અને ખાવું. માટે જીભ ઉપર વધારે સંયમ રાખવાની જરૂર છે.'' ભરતજી કહે છે કે,બીજા સાથે વાત કરું તો વાસના ઉત્પન્ન થાય ને! વેર અને વાસનાથી નવું પ્રારબ્ધ ઉત્પન્ન થાય છે અને તેથી ફરીથી જન્મ લેવા પડે છે. જડભરત દરેક રીતે મનને કાબૂમાં રાખે છે.તમારા મનને તમારે જ કાબૂમાં રાખવું પડશે. તમારા મનને બીજો કોણ કાબૂમાં રાખવા આવવાનો હતો? જડભરતના પિતા જડભરતને ભણાવવા લાગ્યા. ભણીગણી મારો પુત્ર પંડિત થાય એ તેમની આંકાક્ષા.પરંતુ આની પંડિતાઈ જુદા પ્રકારની હતી.તેનામાં પંડિતાઈ હતી. પારકાનું મન કે પારકાનું ધન હરવાની ચતુરાઈ નહીં, પણ રામજીના ચરણમાં લીન થવાની ચતુરાઈ હતી. જડભરતને મંત્ર આવડે છે, પણ બરાબર બોલતા નથી.જ્ઞાન જાહેર કરવું નથી એટલે.જડભરતજી ભગવાનના સ્મરણમાં જ લીન રહેતા. જ્ઞાન અને ભક્તિ પરિપક્વ થાય ત્યારે કવ સંસારવૃક્ષથી છૂટો થાય છે. વૃક્ષ ઉપરનું ફળ પરિપક્વ થાય એટલે આપોઆપ તે વૃક્ષથી છૂટું પડે છે તેમ. વાચક ચાહક મિત્રો જય માતાજી સુપ્રભાત ભોળાનાથ સદા શિવ દેવાધિદેવ મહાદેવની ઉપાસના આરાધનાનો શ્રાવણ માસ અને ઓગસ્ટ મહિનાનો હવે ગણતરીના દિવસોમાં શરૂ થશે ત્યારે આપણે શ્રાવણ માસની દરેક ક્ષણ સારી રીતે પસાર કરી દેવાધિ દેવ મહાદેવ ખુશ થાય તેવા પ્રયત્નો કરીએ. અસ્તુ.

### ‘ધ લિજેન્ડ’ બિલ્ડિંગમાં ૧૫ લક્ઝરી એપાર્ટમેન્ટ બનશે

# દિલીપ કુમારના બંગલા પર બનેલા હાઉસિંગ પ્રોજેક્ટમાં મોટું રોકાણ

## આ સી-વ્યૂ બિલ્ડિંગમાં ટ્રિપ્લેક્સ એપાર્ટમેન્ટ ૧૫૫ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યું

દિલીપ કુમારના આઈકોનિક બંગલાની જગ્યાએ બની રહેલ સી વ્યૂ બિલ્ડિંગમાં ટ્રિપ્લેક્સ એપાર્ટમેન્ટ ૧૫૫ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે, થોડા વર્ષો પહેલા દિલીપ સાહેબના આ બંગલા અંગે વિવાદ થયો હતો. આ પ્રોજેક્ટમાં ૨૦૦૦ ચોરસ ફૂટનું મ્યુઝિયમ પણ સામેલ છે, જે દિલીપ સાહેબને સમર્પિત છે. બોલિવૂડના દિગ્ગજ કલાકાર દિલીપ કુમારનો બંગલો મુંબઈના પાલી હિલ વિસ્તારમાં હતો. ગત વર્ષે તેને તોડીને તેની જગ્યાએ હાઉસિંગ પ્રોજેક્ટ બનાવવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. હવે સમાચાર આવી રહ્યા છે કે આ પ્રોજેક્ટમાં જંગી રોકાણ કરવામાં આવ્યું છે. દિલીપ કુમારના આઈકોનિક બંગલાની જગ્યાએ બની રહેલી આ સી-વ્યૂ બિલ્ડિંગમાં ટ્રિપ્લેક્સ એપાર્ટમેન્ટ ૧૫૫ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યું છે. તમને જણાવી




દઈએ કે, થોડા વર્ષો પહેલા દિલીપ સાહેબના આ બંગલા અંગે વિવાદ થયો હતો. રિયલ એસ્ટેટ પોર્ટલ સ્ક્વેર ફીટ ઈન્ડિયા અનુસાર, દિલીપ સાહબના બંગલાની જગ્યાએ બનેલા હાઉસિંગ પ્રોજેક્ટમાં ટ્રિપ્લેક્સ ૧૫૫ કરોડ રૂપિયામાં વેચવામાં આવ્યો છે. ઈમારતના ૯મા, ૧૦મા અને ૧૧મા માળે ફેલાયેલ આ ટ્રિપ્લેક્સ એપ્કો ઈન્ફ્રાટેક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ખરીદવામાં આવ્યું છે અને તેને વેચનારી કંપનીનું નામ બ્લેકરોક છે. ૯,૫૨૭.૨૧ ચોરસ ફૂટ કાર્પેટ એરિયા ધરાવતા આ એપાર્ટમેન્ટનો પ્રતિ ચોરસ ફૂટનો દર આશરે રૂ. ૧.૬૨ લાખ છે, જે તેને મુંબઈની સૌથી મોંઘી મિલકતોમાંની એક બનાવે છે. આ મિલકતની નોંધણી માટે રૂ. ૯.૩૦ કરોડની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં આવી છે. ૨૦૧૬માં દિલીપ કુમારે તેનો પાલી હિલ બંગલો તોડીને ત્યાં લક્ઝરી હાઉસિંગ પ્રોજેક્ટ બનાવવા માટે અશર ગ્રુપ સાથે કરાર કર્યો હતો. આ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનું નામ ‘ધ લિજેન્ડ’ છે અને તેમાં ૪ અને ૫ BHK લક્ઝરી એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટમાં ૨૦૦૦ ચોરસ ફૂટનું મ્યુઝિયમ પણ સામેલ છે, જે દિલીપ સાહેબને સમર્પિત છે. ૨૦૨૩માં, ડેવલપરે જાહેરાત કરી હતી કે ‘ધ લિજેન્ડ’ બિલ્ડિંગમાં ૧૫ લક્ઝરી એપાર્ટમેન્ટ બનાવવામાં આવશે. અગાઉ એવી પણ જાહેરાત કરવામાં આવી હતી કે આ પ્રોજેક્ટ ૨૦૨૭માં પૂર્ણ થશે અને તેનાથી લગભગ ૯૦૦ કરોડ રૂપિયાની આવક થશે.

# અક્ષય કુમારે એક વર્ષમાં ૪ ફિલ્મો કરવાના ટ્રોલિંગનો જવાબ આપ્યો

## કામ પ્રત્યે એ જ વલણ જે તેનો ટ્રેડમાર્ક રહ્યો છે તે હવે ટ્રોલ થઈ રહ્યો છે

અક્ષયના કામ પ્રત્યે એ જ વલણ જે તેનો ટ્રેડમાર્ક રહ્યો છે તે હવે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યો છે. અક્ષય ઘણીવાર સોશિયલ મીડિયા પર એ વાતને લઈને ટ્રોલ થયો છે કે તે એક વર્ષમાં ૪ ફિલ્મો કરે છે. હવે અક્ષયે આનો જવાબ આપ્યો છે. બોલિવૂડ સ્ટાર અક્ષય કુમારની પાછલી ફિલ્મ ‘સરફિરા’ હાલમાં જ રીલિઝ થઈ હતી. યોગ્ય સમીક્ષાઓ હોવા છતાં, અક્ષયની આ ફિલ્મ પણ લોકોને થિયેટરોમાં આકર્ષવામાં નિષ્ફળ ગઈ અને ફલોપ થઈ. ‘સરાફિરા’ સાથે અક્ષયે ૩ વર્ષમાં ૯ ફલોપ ફિલ્મો આપી છે. અક્ષયની કારકિદીમાં આટલો લાંબો ઠંડો તબક્કો ક્યારેય નહોતો રહ્યો અને કામ પ્રત્યે જે વલણ તેનો ટ્રેડમાર્ક રહ્યું છે તે જ વલણ હવે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યું છે. અક્ષયને સોશિયલ મીડિયા પર ઘણી વખત એ વાતને લઈને ટ્રોલ કરવામાં આવે છે કે તે એક વર્ષમાં ૪ ફિલ્મો કરે છે. હવે અક્ષયે આનો જવાબ આપ્યો છે. ‘સરફિરા’ના પ્રમોશનમાં વ્યસ્ત અક્ષયે ગઝલ અલગ સાથે વાતચીતમાં તેની કારકિદી વિશે વાત કરી. અક્ષયે કહ્યું કે લોકો તેને પૂછે છે કે તે એક વર્ષમાં ૪ ફિલ્મો કેમ કરે છે અને તે માત્ર એક ફિલ્મ પર કેમ ધ્યાન નથી આપતો. તેણે કહ્યું, ‘તેઓ મને કહે છે કે તે વર્ષમાં ચાર ફિલ્મો કેમ કરે છે... તેણે એક ફિલ્મ કરવી જોઈએ... મને એક પિક્ચર કરવા દો, બાકીના દિવસોમાં હું શું કરીશ? મારે તમારા ઘરે આવવું જોઈએ??’ અક્ષયે આગળ કહ્યું, ‘ઘણા લોકો બીજાને કહે છે કે તેઓ ખૂબ કામ કરે છે... દીકરા, યાદ રાખો, નસીબદાર છે એ લોકો જેમને કામ મળે છે. અહીં કોઈ કામ નથી. રોજ કોઈ કહે છે, બેરોજગારી ચાલે છે, આ ચાલે છે, તે ચાલે છે. જેને કામ મળતું હોય, તેને કરવા દો. લોકડાઉનથી, અક્ષયની ફિલ્મો બોક્સ ઓફિસ પર તે રીતે પ્રદર્શન કરી રહી નથી જે રીતે તેઓ પહેલા કરતા હતા. ‘સૂર્યવંશી’ સિવાય અક્ષયની મુખ્ય ભૂમિકામાં રહેલી એક પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી નથી. અક્ષય કુમારની લેટેસ્ટ ફિલ્મ ‘સરાફિરા’ તમિલ ફિલ્મ ‘સૂરરાઈ પોટ્રુ’ની રિમેક છે. તેની વાર્તા એરલાઈન સેવા એર ડેક્કનના સ્થાપક કેપ્ટન જીઆર ગોપીનાથના જીવન પર આધારિત છે. હવે અક્ષય ટૂંક સમયમાં ફિલ્મ ‘ખેલ ખેલ મેં’માં જોવા મળશે. આ ફિલ્મમાં તાપસી પન્નુ, ફરદીન ખાન, વાણી કપૂર અને એમી વિર્ક પણ જોવા મળશે. ‘ખેલ ખેલ મેં’ ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. અક્ષયની આ ફિલ્મ શ્રદ્ધા કપૂરની ‘સ્ત્રી ૨’ અને જ્હોન અબ્રાહમની ‘વેદ’ સાથે ટકરાશે.



‘શું હું બાકીના દિવસોમાં તમારા ઘરે આવું?’ જેને કામ મળતું હોય, તેને કરવા દો


### સુધાંશુએ કહ્યું કે બેન્ડનાં ઘણા નવા ગીતો આવી રહ્યા છે

# સુધાંશુ ૨૩ વર્ષે ફરી બેન્ડ ઓફ બોયઝમાં

## અમે બધાં અલગ અલગ નાના શહેરોનાં મિડલ ક્લાસ ફેમિલીમાંથી આવતા હતાં

એક ડબ આર્ટિસ્ટ, મોડેલ અને ટેલિવિઝન એક્ટર તરીકે કામ કર્યા બાદ સુધાંશુ બૅન્ડ ઓપ બોય્ઝમાં જોડાયો હતો. ૨૦૦૧માં આ બૅન્ડ શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં સુધાંશુ સાથે કરણ ઓબેરોય, સિદ્ધાર્થ હલદીપુર, શિરીન વગીઝ અને ચિંટુ ભ્રોંસલે હતા. જોકે, ૨૦૦૫માં આર્થિક કારણોસર તેણે બૅન્ડનો સાથે છોડી દીધો. ત્યાર બાદ દરેકના જીવનમાં ઘણી ઉથલ પાથલ થઈ અને બૅન્ડ વિખેરાઈ ગયું. પરંતુ ૨૦૧૮માં પરીથી બૅન્ડને પુનજીવન મળ્યું. ૨૦૧૮માં કરણ, શિરીન અને ચિંચુ પરી મળ્યા, તેમની સાથે ડેની ફર્નાન્ડીઝ પણ જોડાયો. પાછળથી સિદ્ધાર્થ પણ તેમની સાથે જોડાઈ ગયો. આ વર્ષની શરૂઆતમાં સુધાંશુએ એક વીડિયો પોતાના સોશિયલ





મીડિયા પર શેર કર્યો હતો, જેમાં તેની સાથે તેના બૅન્ડ મેમ્બર્સ પણ હતાં. બૅન્ડના ૨૩ વર્ષ પૂરાં થતાં તેમણે એક રીયુનિયન યોજ્યું હતું. હાલ તો સુધાંશુ ટીવી પર અનુપમા સિરીયલથી ઘર ઘરમાં જાણીતો થયો છે. ત્યારે તેના બૅન્ડમાં જોડાવા પર તેણે એક ઈન્ટરવ્યૂમાં વાત કરી છે. “અમે હવે આખરે બધાં જ ફરી મળી ગયા છીએ. હવે અમે બધાં જીવનમાં એવા પડાવ પર છીએ કે અમે કંઈ પણ કરીએ તો ચાલે એવું છે, તો અમે બૅન્ડ ફરી શરૂ કરવાનું વિચાર્યુ છે અને હવે ઘણા ગીતો લઈને આવી રહ્યા છીએ.” આ બૅન્ડની શરૂઆત બાબતે સુધાંશુએ જણાવ્યું હતું, “એ વખતે અમે બધાં ૨૦ વર્ષની આસપાસની ઉંમરના હતા અને એ વખતે અમે બધાં જ મુંબઈમાં અમારું સ્થાન બનાવવા પ્રયત્નો કરતા હતા. અમે બધાં અલગ અલગ નાના શહેરોનાં મિડલ ક્લાસ ફેમિલીમાંથી આવતા હતાં. કરોડોની સંપતિનો ટેકો કરનારું અને કોઈ ગોડફાધર પણ ન હતું.” સુધાંશુએ આગળ કહ્યું, “ત્યારે તમારે તમને જેવા અનુભવો મળે તેના આધારે જ જીવન જીવવાનું હોય છે. મને જીવને જ સૌથી વધુ શીખવ્યું છે. મારી કરિયરની શરૂઆત તો સારી થઈ, પણ હું કંઈ જ વિચાર્યા વિના બૅન્ડમાં જોડાવા કૂદી પડ્યો. ત્યારે હું યુવાન હતો, બધી સમજ નહોતી” બૅન્ડ સાથે ફરી જોડાવા અંગે સુદ્ધાંશુએ કહ્યું, “બૅન્ડ સાથે ત્રણ સાડા ત્રણ કે ચાર વર્ષ રહ્યાં પછી મને આ વાત સમજાઈ કે મેં બૅન્ડના કારણે કેટલી બધી તકો ગુમાવી છે. એ પહલાં હું એક્ટિંગ કરતો હતો.” સુધાંશુએ ૨૦૦૦માં અક્ષય કુમાર સાથે ‘ખિલાડી ૪૨૦’માં કામ કરીને ફિલ્મ કરિયરની શરૂઆત કરી હતી. આગળ સુધાંશુએ કહ્યું, “બોમ્બે જેવા શહેરમાં ટકી રહેવું સહેલું નહોતું અને મારે મારો ખર્ચો પણ કાઢવાનો હતો. હું મારી ભુલોમાંથી શીખ્યો અને એ મારા માટે પાઠ સમાન બની રહી. જોકે, મને કોઈ બાબતનો પસ્તાવો નથી.”

### ૨૦૨૫ના ઉનાળા સુધીમાં ‘કંતારા ૨’ને પડદા પર લાવવા માંગે છે

# ‘કંતારા ૨’નું શૂટિંગ પૂરું, રિષભ શેટ્ટી ફરી ધમાકો કરવા તૈયાર છે



જોરદાર સફળતા જોઈને મેકર્સે ૨૦૨૩માં ‘કંતારા’ની સિક્વલની જાહેરાત કરી હતી. ગયા વર્ષે, નિર્માતાઓએ વિસ્ફોટક ફર્સ્ટ લુક સાથે લોકો સાથે ‘કાંતારા ૨’ ની જાહેરાત શેર કરી હતી. અને હવે આને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ફિલ્મ ‘કંટારા’એ ૨૦૨૨માં લોકોને એક મોટું સરપ્રાઈઝ આપ્યું હતું. પૌરાણિક કથા સાથે જોડાયેલી અદભૂત વાર્તા સાથે આવેલી આ ફિલ્મમાં કન્નડ અભિનેતા ઋષભ શેટ્ટીના કામે લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ફિલ્મના ક્લાઈમેક્સમાં તેને મોટા પડદા પર જોઈને લોકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. આ ફિલ્મનું નિર્દેશન પણ ઋષભે કર્યું હતું. રિપોર્ટ્સ અનુસાર, માત્ર ૧૬ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી ‘કંતારા’એ દેશભરમાં એવો ક્રેઝ ઉભો કર્યો કે આ ફિલ્મનું વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન ૪૦૦ કરોડ રૂપિયાથી વધુ હતું. કન્નડની સાથે આ ફિલ્મ તેલુગુ અને હિન્દીમાં પણ બ્લોકબસ્ટર સાબિત થઈ હતી. જોરદાર સફળતા જોઈને મેકર્સે ૨૦૨૩માં ‘કંતારા’ની સિક્વલની જાહેરાત કરી હતી અને હવે તેના વિશે મોટા સમાચાર આવી રહ્યા છે. ગયા વર્ષે, નિર્માતાઓએ વિસ્ફોટક ફર્સ્ટ લુક સાથે લોકો સાથે ‘કાંતારા ૨’ ની જાહેરાત શેર કરી હતી. આ જોયા પછી લોકો નવી




ફિલ્મની આતુરતાથી રાહ જોવા લાગ્યા. આ માહિતી એ પણ શેર કરવામાં આવી હતી કે ‘કાંતારા ૨’ વાસ્તવમાં સિક્વલ નહીં, પરંતુ પ્રિક્વલ હશે. એટલે કે પહેલી ફિલ્મ પાછળ તેની વાર્તા હશે. હવે પિંકવિલાના રિપોર્ટ અનુસાર, ‘કંતારા ૨’નું શૂટિંગ મોટાભાગે પૂર્ણ થઈ ગયું છે. રિષભ શેટ્ટી અને ટીમે ફિલ્મનું આઉટડોર શૂટ પૂરું કર્યું છે. ફિલ્મ સાથે સંકળાયેલા એક સૂત્રએ કહ્યું, ‘એક ઈન્ડોર શૂટ છે, જેમાં લગભગ ૧૫-૨૦ દિવસનું કામ લાગે છે. ફિલ્મ ટૂંક સમયમાં પૂર્ણ થશે. જોકે, પોસ્ટ પ્રોડક્શનનું કામ શરૂ થઈ ગયું છે. પૌરાણિક કથાઓ અને પ્રિક્વલ્સની રજૂઆત સાથે, ‘કંતારા ૨’ પ્રથમ ફિલ્મ કરતાં ઘણી મોટી છે. રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ઋષભ શેટ્ટી અને તેમની ટીમ ૨૦૨૫ના ઉનાળા સુધીમાં ‘કંતારા ૨’ને મોટા પડદા પર લાવવા માંગે છે. સૂત્રએ કહ્યું, ‘જ્યારે મોટા ભાગનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે.

### ઋષિ કપૂર અને રાજીવ કપૂરના અવસાનથી બધા બરબાદ

# ઋષિ કપૂર અને રાજીવ કપૂર મૃત્યુની ખરાબ અસર, કપૂર પરિવાર તૂટી ગયો



ટૂંક સમયમાં જ ‘ફેબ્યુલસ લાઇવ્સ ઓફ બોલીવુડ વાઇવ્સ’થી તેના OTT ડેબ્યૂ કરશે

રિદ્ધિમા કપૂર ટૂંક સમયમાં જ ‘ફેબ્યુલસ લાઈવ્સ ઑફ બૉલીવુડ વાઈવ્સ’થી તેના OTT ડેબ્યૂ કરવા જઈ રહી છે. શો શરૂ થતા પહેલા તેણે પોતાના અંગત જીવન વિશે વાત કરી હતી. એવું પણ કહેવામાં આવ્યું હતું કે તેના પિતા અને કાકાના મૃત્યુ પછી કપૂર પરિવાર સંપૂર્ણપણે તૂટી ગયો હતો. ઋષિ કપૂર અને નીતુ કપૂરની દીકરી રિદ્ધિમા કપૂર Netflixની ‘ફેબ્યુલસ લાઈવ્સ ઑફ બૉલીવુડ વાઈવ્સ’ની ત્રીજી સીઝનથી OTT ડેબ્યૂ કરવા જઈ રહી છે. તેણીના OTT



ડેબ્યુ પહેલા, તેણીએ તેના અંગત જીવન વિશે ખુલીને વાત કરી હતી. તેણે એ પણ સ્વીકાર્યુ કે છેલ્લા ત્રણ વર્ષ તેના પરિવાર માટે ખૂબ જ મુશ્કેલ રહ્યા છે. યુકેના આરજે અનુષ્કા અરોરાને આપેલા એક ઈન્ટરવ્યુમાં રિદ્ધિમાએ જણાવ્યું કે તેના પિતા ઋષિ કપૂર અને કાકા રાજીવ કપૂરના અવસાનથી બધાને બરબાદ થઈ ગયા હતા. તે કહે છે- છેલ્લા ત્રણ વર્ષ પરિવાર માટે ખૂબ જ મુશ્કેલ હતા, પરંતુ આ જ અમને એકબીજાની નજીક લાવ્યા. અમે એકબીજાનું ધ્યાન રાખીએ છીએ. હવે અમે પહેલા કરતા એકબીજાની નજીક આવી ગયા છીએ. હવે અમે દર બીજા દિવસે એકબીજાને ફોન કરીએ છીએ. અમે ફેસટાઈમ પર છીએ. અમે દરરોજ અથવા દર બીજા દિવસે એકબીજાને મળવા જઈએ છીએ. ઓછામાં ઓછું આપણે જાણીએ છીએ કે આપણી સાથે શું થઈ રહ્યું છે. તેથી આ સમય ચોક્કસપણે અમને એકબીજાની નજીક લાવ્યો છે. અગાઉ એનિમલની રિલીઝ પર રણબીર કપૂરે તેના પિતા વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે- થોડા વર્ષો પહેલા મેં મારા પિતાને ગુમાવ્યા હતા. મને લાગે છે કે જે વ્યક્તિ તેના માતાપિતાને ગુમાવે છે તેને લાગે છે કે તેણે તેના માતાપિતા સાથે વધુ સમય વિતાવ્યો નથી. જ્યારે હું મોટો થઈ રહ્યો હતો ત્યારે મારા પિતા શૂટિંગમાં ખૂબ જ વ્યસ્ત હતા. તે ડબલ-ટ્રિપલ શિફ્ટ કરતો હતો. શૂટિંગના સંબંધમાં તે ઘણી મુસાફરી પણ કરતો હતો. એટલા માટે અમે ક્યારેય મિત્ર બની શક્યા નથી. અમે સાથે બેસીને વાત કરી શકતા ન હતા. મને આનો ખૂબ અફસોસ છે. હું ઈચ્છું છું કે હું શક્ય તેટલી મારા હૃદયની વાત તેની સાથે શેર કરી શકું. હું તેને માન આપું છું, પરંતુ અમે ક્યારેય મિત્ર બન્યા નથી. પરંતુ હું ખુશ છું કે મારી પાસે એક પુત્રી છે જે મને પ્રેમ કરે છે. જો ભગવાન તમારી પાસેથી કંઈક લે છે, તો તે તમને કંઈક આપે છે.

### રાજકુમાર સાથે જહાન્વીની આ ફિલ્મ થિયેટરોમાં તેની ત્રીજી હતી

# સોશિયલ મીડિયા પર તેના વખાણને ‘PR’ કહેવા બદલ જહાન્વીએ આપ્યો જવાબ

## જહાન્વી સાથે ગુલશન દેવૈયા, રોશન મેથ્યુ, રાજેશ તૈલાંગ અને આદિલ હુસૈન

જહાન્વીને લાગે છે કે લોકો સોશિયલ મીડિયા પર તેના વખાણને તેના ‘PR’નું પરાક્રમ માને છે. એક નવા ઈન્ટરવ્યુમાં આ વાત પર કટાક્ષ કરતા તેણીએ કહ્યું કે આ વખાણ એટલા માટે થઈ રહ્યા છે કારણ કે તે ‘પૈસા મેળવીને’ લોકોને આમંત્રિત કરી રહી છે. બોલિવૂડ એક્ટ્રેસ ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ લોકોને પસંદ પડી હતી અને આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ હિટ રહી હતી. રાજકુમાર રાવ સાથે જહાન્વીની આ ફિલ્મ થિયેટરોમાં તેની ત્રીજી રિલીઝ હતી. પરંતુ ‘ધડક’થી ડેબ્યૂ કર્યા બાદ જહાન્વી સતત ̐ પર ‘ગુંજન સક્સેના’, ‘મિલ્લી’ અને ‘ગુડ લક



જેરી’ જેવી ફિલ્મો સાથે દર્શકોની સામે દેખાઈ રહી છે. તેમની આ ફિલ્મોને પણ દર્શકો તરફથી ખૂબ પ્રશંસા મળી હતી. પરંતુ જહાન્વીને લાગે છે કે લોકો સોશિયલ મીડિયા પર તેના વખાણને તેના ‘PR’નો ચમત્કાર માને છે. એક નવા ઈન્ટરવ્યુમાં આ વાત પર કટાક્ષ કરતા તેણીએ કહ્યું કે આ વખાણ એટલા માટે થઈ રહ્યા છે કારણ કે તે ‘પૈસા મેળવીને’ લોકોને આમંત્રિત કરી રહી છે. પિંકવિલા સાથેના એક ઈન્ટરવ્યુમાં, જ્યારે જહાનવીને પૂછવામાં આવ્યું કે તે એક અભિનેતા તરીકે તેના વિકાસને કેવી રીતે જુએ છે? તેથી તેણીએ કહ્યું, ‘હું કેવી રીતે બેસીને મારા વિશે કહી શકું કે ‘હું ખૂબ જ આત્મવિશ્વાસુ થઈ ગઈ છું, હું ખૂબ જ સારું પ્રદર્શન આપી રહી છું!’ હું મારી જાતે કહી શકતો નથી. જ્યારે તેને કહેવામાં આવ્યું કે લોકો તેના વિશે સારી વાત કરે છે, ત્યારે તે કટાક્ષમાં હસ્યો અને કહ્યું, ‘મને આમ કહેવા માટે પૈસા આપવામાં આવ્યા છે.’ પોતાની વાત સમજાવતા જહાન્વીએ આગળ કહ્યું, ‘હું સોશિયલ મીડિયા પર જોઉં છું, જો કોઈ ભૂલથી પણ મારા વખાણ કરે તો લોકો કહેતા રહે છે કે ‘આ તેમનો PR હોવો જોઈએ.’ હું કહું છું, ‘ના, મારી પાસે એટલું બજેટ નથી કે લોકો પાસેથી વખાણ કરી શકું.’ જહાન્વી આ વર્ષે બે ફિલ્મોમાં જોવા મળી છે. અગાઉ તે શાહિદ કપૂર અને કૃતિ સેનનની ફિલ્મ ‘તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા’માં સરપ્રાઈઝ કેમિયો કરતી જોવા મળી હતી. તે પછી તેની ફિલ્મ ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી, જેની પ્રશંસા થઈ હતી અને તે બોક્સ ઓફિસ પર સફળ પણ થઈ હતી. હવે જહાન્વીની નવી ફિલ્મ ‘ઉલ્જ’ સિનેમાઘરોમાં રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં જહાન્વી સાથે ગુલશન દેવૈયા, રોશન મેથ્યુ, રાજેશ તૈલાંગ અને આદિલ હુસૈન કામ કરી રહ્યા છે. ફિલ્મમાં જહાન્વી ભારતીય વિદેશ સેવા અધિકારીની ભૂમિકા ભજવે છે, જે વિદેશમાં તેના દેશ વિરુદ્ધ ઘડવામાં આવી રહેલા ષડયંત્રનો ભાગ બની છે. ‘ઉલ્જ’ ૨ ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ પછી જહાન્વી જુનિયર એનટીઆર સાથે ‘દેવરા’માં જોવા મળશે.



પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતીય ખેલાડીઓને સપોર્ટ કરતું 'ચિયર ફોર ભારત' કેમ્પેઈન

# અમદાવાદના કાંકરિયા લેક ખાતે સ્કેટિંગ, બોક્સિંગ અને રસ્સાખેંચનું ડેમોસ્ટ્રેશન યોજાયું

**અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને ગુજરાત સરકારના રમતગમત વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજન**


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

પેરિસ ઓલિમ્પિકમાં શૂટિંગ સ્પર્ધામાં મનુ ભાકરે બ્રોન્ઝ મેડલ જીતીને દુનિયાભરમાં દેશનું નામ રોશન કર્યું છે. પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓને સપોર્ટ કરવા અને રમતગમત ક્ષેત્રે નવીન પ્રતિભાઓ તેમજ ઉભરતા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવાના હેતુસર દેશમાં ઓલિમ્પિક રમતો દરમિયાન 'ચિયર ફોર ભારત' કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું છે.

આવા જ એક અવેરનેસ કેમ્પેઈનના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સરકારના રમતગમત વિભાગ દ્વારા અમદાવાદના કાંકરીયા લેક ખાતે સ્કેટિંગ , બોક્સિંગ અને રસ્સાખેંચ રમતોનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ ડેમોસ્ટ્રેશનમાં સ્કેટિંગ , બોક્સિંગ અને રસ્સાખેંચ સાથે સંકળાયેલા ખેલાડીઓ, કર્મીઓ અને નાગરિકોએ ઉસ્તાહપૂર્વક ભાગ લીધો હતો. સૌ ઉપસ્થિતોએ રમતોના ડેમોસ્ટ્રેશનને રસપૂર્વક નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સ્કેટિંગ એસોસિયેશન, અમદાવાદ જિલ્લા ટગ ઓફ વોરના ઉષાબેન જાદવ સહિત બોક્સિંગ ખેલાડીઓનો વિશેષ ફાળો રહ્યો હતો. અત્રે



ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં સમર ઓલિમ્પિક અને પેરા ઓલિમ્પિક ગેમ્સ દરમિયાન વિવિધ રમતગમત પ્રવૃતિઓ અને સ્પોર્ટ્સ અવેરનેસ કેમ્પેઈન દ્વારા વધુને વધુ ખેલાડીઓ અને નાગરિકોની સહભાગિતા સુનિશ્ચિત કરવા માટે કામગીરી કરવા જણાવાયું છે. આ સ્પર્ધામાં અમદાવાદ મણીનગર વિધાનસભાના ધારાસભ્યશ્રી અમૂલ ભટ્ટ, મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રી ડો. ચંન્દ્રકાંત ચૌહાણ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી સમીર પંચાલ, જિલ્લા રમત ગમત અધિકારી શ્રી અમિત ચૌધરી તેમજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના અમદાવાદના કોચ વગેરેએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને માર્ગદર્શન અને પ્રત્સાહન પૂરું પાડ્યું હતું.

## ઝાલોદ મુનખોસલાથી હોળી પીપળા માર્ગ જોડતો માછણ નાળુ તુટી પડતા/ ગ્રામજનોને હાલાકી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ મુનખોસલા ખાતે હોળી પીપળાથી પટેલ ફળિયા તરફના નદી પાસે માછણ નાળાનુ લાખો કરોડોના ખર્ચે બનેલ નાળાનુ ઉદ્‌ઘાટન કર્યાના થોડા સમય બાદ ચોમાસાના પેહલા વરસાદમા જ તુટી ગયેલ અવસ્થામા જણાય આવ્યુ, જે હાલ ચાલુ સરકારની મિલીભગત કહો કે અધિકારીઓની મિલીભગત પોતાના મિળતાયોને એજન્સીઓ આપી પ્રજાના ટેક્સ પૈસાની વડે હલકી ગુણવત્તા વાળુ બાંધકામમા મટીરીયલ્સ વાપરીને લોકોના જીવ સામે જોખમ ઉભુ કરાતા કામો કરતા હોય તેવુ સ્પષ્ટ જણાય આવે છે,જયારે સામેની દિશાએ મુનખોસલા વર્ગ આવેલ જ્યા બાળકોને અભ્યાસ અર્થે જવા તેમજ ગ્રામજનોએ બજાર તરફ જવા તેમજ આરોગ્યલક્ષી કામગીરી અર્થે આવવા માટે આ માર્ગ અથવા નાળાને ટુટવાના કારણે સંપર્ક ટુટવા પામતા પ્રજાએ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે, જો ચોમાસા દરમિયાન કોઈ મોટી દુર્ઘટના સર્જાઇ તો જવાબદાર કોણ ...? ગ્રામજનોએ આ નાળાના બાંધકામ બાબતે યોગ્ય તપાસ કરવા તેમજ સારી ગુણવતાના કામ બાબતે ત્વરિત માગ કરી છે.

આરોગ્ય તંત્ર આ ગંદકીને દૂર કરવા તાત્કાલિક પગલાં લે તેવી સ્થાનિકોની માંગ

# ઝાલોદ ખાંટવાડા વિસ્તારમાં રોહિત સમાજના લોકો ગંદકીના વચ્ચે જીવન જીવવા મજબૂર

**ચાંદીપુરા વાયરસ અને અન્ય બીમારી ઓના ભય નીચે જીવતા રહેવાસીઓ**

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ ખાંટવાડા વિસ્તારમાં રોહિત સમાજના રહેવાસીઓની ચાલી આવેલ છે. આ વિસ્તાર સાંકડો છે આ વિસ્તારમાં એક ખુલ્લો પ્લોટ આવેલ છે આ પ્લોટની છેલ્લા કેટલાય સમયથી સફાઈ થયેલ નથી. આ પ્લોટ ખુલ્લો હોવાથી અહીંયાં ગંદકી અને ખુલ્લો કચરો વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહેલ છે. અહીંયા રોહિત સમાજના લોકો તેમના પરિવાર સાથે ગંદકી અને બીમારીના ભય હેઠળ જીવન જીવી રહેલ છે. અહીંયા આવેલ ખુલ્લાં પ્લોટમાં જીવ જાનવર વસવાટ કરે છે જેથી અહીં રમતા બાળકો તેમજ વસવાટ કરતા લોકોને કરડી ન જાય તેનો ભય સતાવી રહેલ છે.

ખુલ્લાં પ્લોટમા જણાયેલ ગંદકીના લીધે ચાંદીપૂરા બીમારી તેમજ અન્ય જીવલેણ બીમારીઓનો સતત ભય અહીં વસવાટ કરતા લોકોને સતાવી રહેલ છે. અહીંયા ખુલ્લાં પ્લોટ-મા આવેલ દિવાલ પડી જવાથી અહીંયાં પાર્ક કરેલ વાહન અને લોકોને ઈજા થઈ હોવાના આક્ષેપો સ્થાનિકો કરી રહેલ છે. તેમજ અહીં રહેતા સ્થાનિકો આક્ષેપો કરતા કહી રહેલ છે કે ગુજરાત સરકાર આરોગ્યને લઈ જાગૃતિ અભિયાન ચલાવી ગંદકી ન થાય તે રીતે રહેવા સુચન કરે છે પણ અહીંયાં ખુલ્લાં પ્લોટમા થયેલ ગંદકીને લીધે અહીં રહેતા સ્થાનિકો ગંભીર બીમારીમાં સપડાય તો તે માટે જવાબદાર કોણ..., પાલિકા તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાંય આ ખુલ્લાં પ્લોટ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ધરાવતા માલીકો પર કાયદેસર કાર્યવાહી કરવામાં કેમ નથી આવતી. અહીં રહેતા સ્થાનિકો દ્વારા માંગણી કરવામાં આવેલ છે કે પાલિકા તંત્ર અને આરોગ્ય તંત્ર આ ગંદકીને લઈ ગંભીર બની અહીંયાંની ગંદકી સાફ કરાવે તેવી માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવેલ છે.

જો આ ગંદકીને લઈ આરોગ્ય તંત્ર પાલિકા સાથે મળી જલ્દી સફાઈ કરાવે તેવી લોકમાંગ ઉઠવા પામેલ છે તેમજ સ્થાનિકોના કહેવા મુજબ જો કોઈ પણ વ્યક્તિ આ ગંદકીને લઈ ગંભીર બીમારીમાં પડશે તો તેના જવાબદાર અહીં આવેલ ખુલ્લાં પ્લોટના માલિક રહેંશે. અહીંયા રહેનાર રહીશો તંત્ર પર આક્ષેપ કરી રહેલ છે કે અમે ગરીબ પરિવારના લોકો છીએ એટલે જવાબદાર તંત્ર આ ગંદકી દૂર કરાવવા કડક રાહે કામગીરી કરી રહેલ નથી. આ ખુલ્લાં ગંદકી થી ભરેલા પ્લોટની જો ટૂંક સમયમાં સફાઈ નહીં થાય તો આ અંગે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ રહેવાસીઓ દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવેલ છે.

## વ્યારા ખાતે તાપી પોલીસ આયોજીત લોન/ધિરાણ કેમ્પ યોજાયો



। (માહિતી) સુરત, તા.૨૯ ।

વ્યારા ખાતે તાપી પોલીસ આયોજીત લોન/ધિરાણ કેમ્પ યોજાયો વ્યાજનું દુષણ એ સમાજનો સૌથી મોટો ગુનો છે.વ્યાજખોરોએ માનવતાનો ધર્મ બજાવવો જોઈએ ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવી તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા (શ્યામાપ્રસાદ મુખર્જી ટાઉન હોલ) ખાતે આજે તા.૨૭/૦૭/૨૦૨૪ ના રોજ તાપી જીલ્લા પોલીસ આયોજીત લોન-ધિરાણ કેમ્પ ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.આ વેળાએ વન અને પર્યાવરણ રાજયમંત્રી અને તાપી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા, સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા,ધારાસભ્યશ્રીઓ ડો.જયરામભાઈ ગામીત, મોહનભાઈ ઢોડિયા, મોહનભાઈ કોંકણી, પોલીસ મહાનિરીક્ષકશ્રી પ્રેમ વીર સિંહ, નગર પાલિકા પ્રમુખ રીતેશભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. લોન-ધિરાણ મેળામાં લાભાર્થીઓને સંબોધતા ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે તાપી પોલીસ ખૂબ સારૂ કામ કરી રહી છે. છેલ્લા એક વર્ષમાં ટ્રાફિક ડ્રાઈવ કરીને તેઓની પાસે અકસ્માત નિવારવા દંડ વસુલવાના ઈરાદો નહીં પરંતુ લોકોનું જીવન ફાઈન કરવાના ઉદદેશ્ય સાથે કામગીરી કરવામાં આવી છે. ૬ થી વધુ ડ્રગ્સના ગુનાઓ પકડી યુવાપેઢીનું ભવિષ્ય બચાવ્યું છે. જે ખરેખર અભિનંદનને પાત્ર છે.વ્યાજનું દુષણ એ સમાજનો સૌથી મોટો ગુનો છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ ગૃહ વિભાગે વ્યાજખોરો સામેની લડાઈ હાથમાં લીધી છે. દ્વારકા,અંબાજીથી લઈને ઉમરગામ સુધી હજારો લોકોને વ્યાજખોરોની ચુંગાલમાંથી છોડાવવાનું કામ ગુજરાત પોલીસે કર્યું છે. લોકો વિશ્વાસ રાખીને પોતાનું ઘર, સોનુ, મંગલસૂત્ર, કોરો ચેક વિગેરે ગિરવે મુકીને પોતાનું જીવન જીવવાનો પ્રયાસ કરે છે. ત્યારે વ્યાજખોરોએ માનવતાનો ધર્મ બજાવવો જોઈએ તેના બદલે દાનવતાનો ધર્મ બજાવે છે. સુરત શહેરમાં અનેક લોકોને પોતાના સપનાના ઘર પાછા અપાવ્યા છે. તાપી પોલીસ આજે દિકરાની ફરજ બજાવી રહી છે. સમાજમાં ગરીબ માણસો ફરિયાદ કરવા પણ નથી જતા ગુજરાતના પ્રત્યેક નાગરિકને ન્યાય મળવો જ જોઈએ. પોલીસ મહાનિરિક્ષકશ્રી પ્રેમ વીર સિંહે જણાવ્યું હતું કે આ શુભ અવસરે લોન/ધિરાણ મેળાની કામગીરીને બિરદાવું છું.

મંત્રીએ શિક્ષકમિત્રો દ્વારા ઊભા કરવામાં આવેલ વિવિધ સ્ટોલની મુલાકાત લીધી

# ઝાલોદ તાલુકામાં મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો 'ઉલ્લાસ મેળો' કાર્યક્રમ યોજાયો

**બિન સાક્ષરોને સાક્ષર કરી સમાજને યોગદાન આપીને શિક્ષણનું મહાદાન આપવાનો સરકારનો પ્રયાસનું બીજું નામ એટલે 'ઉલ્લાસ મેળો'**

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની નારાયણી પબ્લિક સ્કૂલ ખાતે નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત વરસાદી માહોલ વચ્ચે કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિ હેઠળ પ્રાર્થના ગીત દ્વારા રાજ્ય કક્ષાનો ઉલ્લાસ મેળો યોજવામાં આવ્યો હતો. બિન સાક્ષરોને સાક્ષર કરી સમાજને યોગદાન આપીને શિક્ષણનું મહાદાન આપવાનો સરકારનો પ્રયાસનું બીજું નામ એટલે 'ઉલ્લાસ મેળો'.

આ કાર્યક્રમની શરૂઆતમાં મંત્રીએ શાળા પ્રાંગણમાં નવ ભારત સાક્ષરતા હેઠળ તૈયાર કરાયેલા વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. ઉત્કર્ષ અને સ્વાવલંબનનું બીજું નામ એટલે શિક્ષણ. ગુજરાતના તમામ સ્વયંસેવી શિક્ષકો છે મક્કમ. કાર્યક્રમને દાહોદની સંસ્કૃતિની ઓળખ એવા આદિવાસી નૃત્યની સાથે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરએ પ્રાસંગિક વ્યક્તવ્ય આપતા કહ્યું હતું કે, સામાજિક ન્યાય, રાષ્ટ્રીય એકતા સાથે વૈશ્વિક સ્તરે ભારતની પ્રગતિ થઈ રહી છે ત્યારે આપણે બધાએ એક થઈને ભારતના આ પ્રગતિને આગળ વધારવા માટે આપણા તરફથી પણ ફાળો આપીને સમાજના ઉત્થાન માટેના અભિયાનને સફળ બનાવવા માટેના પ્રયત્નો કરીએ. સમાજના વિકાસનો મૂળ પાયો શિક્ષણ છે, જો પાયો જ મજબુત હશે તો સમાજનો વિકાસ નિશ્ચિત છે અને એને માટે આપણે સૌએ જાગ્રત થવાની જરૂર છે. એક નાગરિક તરીકેની આપની પહેલી ફરજ અને જવાબદારી એ બને છે કે, આપણે આપણા સમાજને શિક્ષિત બનાવીને આગળ લાવીએ. વધુમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ અને બાલ વાટિકા જેવા કાર્યક્રમો થકી સરકાર આપણા બાળકો નાનપણથી જ શિક્ષિત બનીને પોતાનો



પાયો મજબુત બનાવે એના પર વિશેષ ભાર મૂકી રહી છે, શિક્ષણ એ માનવીની મૂળભૂત જરૂરિયાત છે. સમાજને ઉપર લાવવા અંકજ્ઞાન, નાણાકીય સાક્ષરતા, વ્યવસાયિક કૌશલ્યોના વિકાસ માટે પ્રથમ તો સમાજનું શિક્ષિત હોવું ખુબ જ જરૂરી છે. એક શિક્ષિત વ્યક્તિ અન્ય અશિક્ષિત વ્યક્તિને શિક્ષિત કરવા માધ્યમ બનવા દરેક શિક્ષિત વ્યક્તિ સંકલ્પ લઈને પ્રૌઢ શિક્ષણના આ અભિયાનમાં જોડાઈને એને સફળ બનાવવા ભાગીદારી આપીએ. આમ ,આ રીતે જ આપણા સમાજના દિશા અને દશા બદલાશે. અને એને સાર્થક કરવામાં સરસ્વતીના ઉપાસકો એવા શિક્ષક મિત્રો વગર એ શક્ય નથી. આ કાર્યક્રમ દરમ્યાન જી. સી. આર. ટી. ના નાયબ નિયામકએ વાંચન - લેખન અને ગણનનું મહત્વ સમજાવતાંની સાથે સરકાર દ્વારા શરૂઆતથી અત્યાર સુધી કરવામાં આવેલ સામાજિક શિક્ષણ કાર્યક્રમનાં વિવિધ પાસાંઓની વર્ષવાર વિસ્તાર પૂર્વક જાણકારી આપીને ટેક્નોલોજીની મદદથી ઉલ્લાસ મેળાનો મૂળ હેતુ સાકાર કરવા માટેની સમગ્રતયા જાણકારી આપી હતી. આ કાર્યક્રમ નિમિતે દીક્ષા અને ઉલ્લાસની શિક્ષણ માટેની મોબાઈલ એપ અંગેની ઓનલાઈન માહિતી આપતી પી. પી. ટી. પ્રસ્તુત કરવામાં આવી હતી. જે દરમ્યાન ઓનલાઈન સાથે ઓફલાઈન પણ શિક્ષણ કઈ રીતે આપી શકાય તે માટેની સમજણ આપવામાં આવી હતી.

કલર્સ ગુજરાતી બે નવા શો સાથે

# 'અસલ ગુજરાતીનુ અસલ એન્ટરટેઈનમેન્ટ' લઈને આવે છે



। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ, આય હાલો રે હાલો! કલર્સ ગુજરાતી સાથે તેના જીવંત સારને સ્વીકારીને, ગુજરાતના હ્રદયમાં પગ મુકો. તમારા પગ પરથી ઉતરવા માટે તૈયાર થાઓ કારણ કે અમે તમારા માટે 'અસલ ગુજરાતી નુ અસલ એન્ટરટેઈનમેન્ટ' એકદમ નવા લૂક અને બે નવા શોની રજૂઆત સાથે લઈને આવ્યા છીએ જે તમારા ટેલિવિઝન અનુભવને ફરીથી વ્યાખ્યાયિત કરશે! આ નવા પ્રકરણની ઉજવણી કરવા માટે, કલર્સ ગુજરાતીએ એક નવી બ્રાન્ડ આઈડેન્ટ અને રાષ્ટ્રગીત ''રંગારા'' લોન્ચ કર્યું છે જેમાં આદિત્ય ગઢવી, ફાલ્ગુની પાઠક, અચિંત ઠક્કર, સૌમ્યા જોશી છે. રાષ્ટ્રગીત ગુજરાતની ભાવના અને મૂળને સુંદર રીતે કેપ્ચર કરે છે, જે પ્રદેશના સાંસ્કૃતિક ધબકારા સાથે પડઘો પાડે છે. ચેનલ પ્રસ્તુત કરે છે - 'યુનાઈટેડ સ્ટેટ ઓફ ગુજરાત', આ શો ગુજરાતના સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ અને વૈવિધ્યસભર પ્રદેશોમાં એક વાવંટોળની સફરમાં ડૂબકી મારશે, જ્યાં દરેક એપિસોડ હાસ્ય, નાટક અને હૃદયસ્પર્શી પળોનું વચન આપે છે જે તમને કહેશે, ''આપડે ટુ ગુજરાત. માજ રાધાયે!'' 'શ્યામ ધૂન લગી રે' સાથે તમારી સ્ક્રીન પર પરંપરા અને ભક્તિનો જાદુ જીવંત થવાનો અનુભવ કરો કારણ કે આ શો તમને પાર્થિવ ગોહિલ દ્વારા રચિત અને ગાયેલા મધુર ભજનો સાથે આધ્યાત્મિક સફર પર લઈ જશે જે તમારા આત્મા સાથે ગુંજી ઉઠશે અને તમને ગમશે, ''શ્યામ ની ધૂન તો બાઈ પ્રેમ થી વાગી!''

આ લોંચ વિશે આનંદિત, આલોક જૈન, જનરલ એન્ટરટેઈનમેન્ટ, Viacom18, પ્રેસિડેન્ટ, કહે છે, ''કલર્સ ગુજરાતીમાં અમે એક એવી ચળવળ શરૂ કરી રહ્યા છીએ જે આપણા સમૃદ્ધ વારસા, જીવંત સંસ્કૃતિ અને ગુજરાતના ગૌરવવંતા લોકોને ગુજરાતી મનોરંજનમાં એક નવો અધ્યાય ચિહ્નિત કરે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે। અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.

**સિંહ (મ,ટ) :**

આજે કોઈ ખાસ મિત્ર તમારો પરિચય કોઈક અગત્યના વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. તમારા સમસ્ત પરિવાર માટે સમૃદ્ધિ લાવે તેવા પ્રૉજેક્ટની તમારે પસંદગી કરવી જોઈએ. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. રૉમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે. વધારાનું જ્ઞાન તથા કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે જો તમે તમારો વધારાનો સમય તથા શક્તિ રોકશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે। ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજથી જો દરરોજ સવારે યોગ અને પ્રાણાયામ ની શરૂઆત કરો તો શારીરિક માંદગી જો કદાચ હોયતો તેમાંથી સાજા થવાની શક્યતા છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા બાળકનો દેખાવ અને વર્તન તમને અનહદ આનંદ આપશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. કોઈ સંયુક્ત સાહસમાં પ્રવેશતા નહીં.

**મકર (ખ,જ) :**

આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વધુ પડતો તેલ, ઘી વાળો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હૅલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે પોઝિટિવ વિચારશરણી કેળવીને ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે.

## ભાડૂતોની વિગતો ન આપવા બદલ ૧૧ મકાનમાલિકો સામે કેસ

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૨૯ ।

જમ્મુ-કાશ્મીરમાં સતત થઈ રહેલા આતંકી હુમલાઓને લઈને પોલીસ કડક થઈ ગઈ છે. આ અંગે પોલીસ હવે મકાન માલિકો પાસેથી ભાડૂતોની વિગતો માંગી રહી છે. સાથે જ વિગતો ન આપનાર સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં ૧૧ મકાનમાલિકો દ્વારા તેમના ભાડૂતોની વિગતો ન આપવા બદલ ફ્રૈંઈ દાખલ કરવામાં આવી છે. એક સત્તાવાર પ્રવક્તાએ સમાચાર એજન્સી પીટીઆઈને આ માહિતી આપી. પ્રવક્તાએ જણાવ્યું હતું કે જમ્મુમાં ભાડૂતો અને ઘરેલું સહાયકોના વેશમાં રહેણાંક વિસ્તારોમાં રહેતા રાષ્ટ્રવિરોધી તત્વોના ઘણા કેસો પ્રકાશમાં આવ્યા બાદ ચકાસણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.પ્રવક્તાએ કહ્યું કે આ અભિયાન દરમિયાન ભારતીય ન્યાય સંહિતા હેઠળ સાંબા, વિજયપુર અને રાજપુરા પોલીસ સ્ટેશનમાં ૧૧ કેસ નોંધાયા છે. સામ્બા જિલ્લા મેજિસ્ટ્રેટે પહેલાથી જ માલિકોને ભાડૂતોનું પોલીસ વેરિફિકેશન કરાવવાના આદેશો જારી કર્યા છે. તેમ છતાં કેટલાક મકાનમાલિકો તેમના ભાડૂતોની વિગતો આપતા નથી.તે જ સમયે, પોલીસે રહેવાસીઓને અપીલ કરી છે કે તેઓ આગળ આવે અને તેમના ભાડૂતો અને ઘરના સહાયકોની સંપૂર્ણ વિગતો તેમના નજીકના પોલીસ સ્ટેશનમાં પ્રદાન કરે અને સમયસર વેરિફિકેશન કરાવે.

## એક સપ્તાહમાં એપ્રુવલ રેટિંગ આઠ ટકા વધ્યું

। (એજન્સી) અમેરિકા, તા.૨૯ ।

અમેરિકામાં ૫ નવેમ્બરે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડેમોક્રેટ કમલા હેરિસ અને રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુકાબલો નિશ્ચિત છે. દરમિયાન, ડેમોક્રેટિક પાટીના ઉમેદવાર કમલા હેરિસના પ્રદર્શનમાં સુધારો જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રપતિ જો બિડેન ઉમેદવારીમાંથી ખસી ગયા પછી, કમલા હેરિસનું એપ્રુવલ રેટિંગ ગયા સપ્તાહની સરખામણીમાં ૮ ટકા વધ્યું છે. ઈપ્સોસ પોલને ટાંકીને, એબીસી ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે કમલા હેરિસની મંજૂરી રેટિંગ હવે ૪૩ ટકા છે. જ્યારે, તેમનું ડિસ-એપ્રુવલ રેટિંગ ૪૨ ટકા છે. એટલે કે, ૪૩ ટકા અમેરિકનો ઈચ્છે છે કે કમલા હેરિસ રાષ્ટ્રપતિ બને. ગયા સપ્તાહ સુધી, કમલા હેરિસનું એપ્રુવલ રેટિંગ ૩૫ ટકા અને ડિસપ્રુવલ રેટિંગ ૪૬ ટકા હતું.એટલે કે, બિડેન પ્રમુખપદની રેસમાંથી ખસી ગયા પછી, કમલા હેરિસનું એપ્રુવલ રેટિંગ વધ્યું છે એટલું જ નહીં, પરંતુ તેનું ડિસ-એપ્રુવલ રેટિંગ પણ ઘટ્યું છે.યુએસ પ્રમુખ જો બિડેને ૨૦ જુલાઈના રોજ રાષ્ટ્રપતિ પદની રેસમાંથી ખસી જવાની જાહેરાત કરી હતી. તેણે કમલા હેરિસને ટેકો આપ્યો. ત્યારથી કમલા હેરિસની લોકપ્રિયતામાં વધુ વધારો થયો છે. તાજેતરમાં પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને તેમની પત્ની મિશેલે પણ કમલા હેરિસની ઉમેદવારીને સમર્થન આપ્યું છે.

### ટ્રમ્પના નિવેદન પર હોબાળો

# 'ખ્રિસ્તીઓને વોટ આપવાની જરૂર નહીં પડે'

। (એજન્સી) અમેરિકા, તા.૨૯ ।

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે. બંને શક્તિશાળી પક્ષોના નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. મોટાપાયે રેલીઓ યોજવામાં આવી રહી છે અને મતદારોને રીઝવવા માટે એક પછી એક વચનો આપવામાં આવી રહ્યા છે. દરમિયાન, ટ્રમ્પે ખ્રિસ્તી મતદારોને આ વખતે તેમને બમ્પર વોટથી જીતાડવાની અપીલ કરી હતી. આ પછી તેમને ફરી ક્યારેય વોટ આપવાની જરૂર નહીં પડે. તેમના નિવેદન પરથી અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે. પરંતુ ડેમોક્રેટિક પાટીને તેમનું નિવેદન બિલકુલ પસંદ ન આવ્યું.ડેમોક્રેટિક પાટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કમલા હેરિસની પ્રચાર ટીમે તેમના ધ્રુવીકરણ નિવેદન માટે ટ્રમ્પ પર નિશાન સાધ્યું છે.

હેરિસની ટીમનું કહેવું છે કે ટ્રમ્પનો ઈરાદો લોકશાહીને નષ્ટ કરવાનો છે અને આ વાત તેમના નિવેદન પરથી સરળતાથી સમજી શકાય છે.



'હેરિસ ફોર પ્રેસિડેન્ટ' ઝુંબેશના પ્રવક્તા જેમ્સ સિંગર કહે છે કે જ્યારે કમલા હેરિસ કહે છે કે આ ચૂંટણી સ્વતંત્રતા વિશે છે, ત્યારે તે તેમાં વિશ્વાસ કરે છે. ગુનેગાર ટ્રમ્પથી આપણી લોકશાહી ખતરામાં છે. ટ્રમ્પ આ દેશને પછાત લઈ જવા માંગે છે. તે દેશની રાજનીતિને નફરત અને ડર તરફ ધકેલવા માંગે છે. આ નવેમ્બરમાં આપણે એક થવું જોઈએ અને ટ્રમ્પને રોકવા જોઈએ.રિપબ્લિકન પાટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે ફલોરિડામાં રૂઢિચુસ્ત જૂથ ટર્નિંગ પોઈન્ટ એક્શન દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યું હતું કે તેમણે ખ્રિસ્તીઓને કહ્યું હતું કે જો તેઓ નવેમ્બરમાં તેમને મત આપશે તો તેમને ફરીથી મતદાન કરવાની જરૂર નહીં પડે. ટ્રમ્પે કહ્યું હતું કે ખ્રિસ્તીઓએ મોટી સંખ્યામાં બહાર આવીને મતદાન કરવું જોઈએ. માત્ર આ વખતે.

આ પછી તમારે વોટ કરવાની જરૂર નહીં રહે. ચાર વર્ષમાં બધું ઠીક થઈ જશે. આ પછી મતદાન કરવાની જરૂર રહેશે નહીં.તેણે કહ્યું, "ખ્રિસ્તીઓ, હું તમને પ્રેમ કરું છું." હું એક ખ્રિસ્તી છું. તમારે બહાર જઈને મતદાન કરવું પડશે. તમારે ચાર વર્ષ સુધી મતદાન કરવાની જરૂર નથી. અમે તેને બનાવીશું જેથી તમારે મતદાન ન કરવું પડે.અગાઉ ડિસેમ્બરમાં, ફોક્સ ન્યૂઝ સાથેની મુલાકાતમાં, ટ્રમ્પે કહ્યું હતું કે જો તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણી જીતશે, તો તેઓ સરમુખત્યાર બની જશે પરંતુ માત્ર એક દિવસ માટે જેથી તેઓ મેક્સિકો સાથેની દક્ષિણ સરહદ બંધ કરી શકે અને તેલ ડ્રિલિંગનો વિસ્તાર કરી શકે. જો કે આ નિવેદન પર વિવાદ વધતાં ટ્રમ્પે તેને માત્ર મજાક ગણાવી હતી.

### તમામ વપરાશકર્તાઓને 5GB ફ્રી ડેટા મળશે

## હિંસા બાદ બાંગ્લાદેશમાં ઈન્ટરનેટ પુનઃસ્થાપિત

### દેશભરમાં હિંસા વધ્યા બાદ બાંગ્લાદેશ સરકારે ૧૮ જુલાઈના રોજ મોબાઈલ ઈન્ટરનેટ બંધ કરી દીધું હતું



। (એજન્સી) બાંગ્લાદેશ, તા.૨૯ ।

દસ દિવસના પ્રતિબંધ બાદ રવિવારે બાંગ્લાદેશમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. શેખ હસીનાની સરકારે ક્વોટા સિસ્ટમ સંબંધિત હિંસક વિરોધ વચ્ચે સોશિયલ મીડિયા દ્વારા ખોટી માહિતીને રોકવા માટે ઈન્ટરનેટ પર પ્રતિબંધ મૂક્યો હતો. આઈટી મંત્રી જુનૈદ અહેમદે પણ પ્રતિબંધ હટાવ્યા બાદ તમામ યુઝર્સને ૫ જીબી ફ્રી ઈન્ટરનેટ આપવાની જાહેરાત કરી છે. બાંગ્લાદેશના IT મંત્રી જુનૈદ અહેમદ પલકએ જણાવ્યું હતું કે તમામ મોબાઈલ વપરાશકર્તાઓને પુનઃસ્થાપિત કનેક્ટિવિટી માટે સંકેત તરીકે ત્રણ દિવસ માટે પપ્ મફત ઈન્ટરનેટ મળશે. સ્થાનિક સમય અનુસાર બપોરે ૩:૦૦ વાગ્યે ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે. રોબી, ગ્રામીણફોન અને બાંગ્લાલિંક સહિત વિવિધ ટેલિકોમ ઓપરેટર્સે પણ આ માહિતી આપી છે.બાંગ્લાદેશમાં હાઈકોર્ટના આદેશ બાદ, સિવિલ સર્વિસમાં ૩૦ ટકા સીટો સ્વતંત્રતા સેનાનીઓના બાળકો માટે અનામત રાખવામાં આવી હતી. આ પછી વિદ્યાર્થીઓએ ઢાકા સહિત દેશભરમાં વિરોધ પ્રદર્શન કર્યું, જે પાછળથી હિંસક બની ગયું. આ કારણે ૧૮ જુલાઈના રોજ ઈન્ટરનેટ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો, જેથી સોશિયલ મીડિયા દ્વારા ખોટી માહિતી ફેલાવતા અટકાવી શકાય.હિંસક વિરોધ વચ્ચે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ બિલ્ડિંગને આગ લગાડવામાં આવી હતી, જ્યાં એવું કહેવાય છે કે ડેટા સેન્ટર પણ હાજર હતું. આ આગના કારણે સ્થાનિક ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર એસોસિએશને જણાવ્યું હતું કે આના કારણે બેન્ડવિડ્થની ખોટ થઈ હતી અને બેન્ડવિડ્થ સપ્લાયમાં ૩૦-૪૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એક કલાકની અંદર, સમગ્ર દેશમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેક્શન્સ અટકી ગયા.બાંગ્લાદેશમાં ક્વોટા સિસ્ટમના વિરોધ વચ્ચે શેખ હસીનાની સરકારે સાર્વજનિક સંપત્તિના રક્ષણ માટે શૂટ-એટ-સાઈટનો આદેશ આપ્યો છે. ઉદાહરણ તરીકે, શેખ હસીનાની સરકારે કર્ફ્યુ વચ્ચે વહીવટીતંત્રને જોતાં જ ગોળી મારવાના આદેશો જારી કર્યા. વિરોધ વચ્ચે ૧૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

### જો સરકાર મંત્રણા શરૂ નહીં કરે તો...

## સોનમ વાંગચુકે ફરી આપી આંદોલનની ચેતવણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

લદ્દાખની સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે ફરી એકવાર આંદોલનની ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે જો સરકાર વાતચીત શરૂ નહીં કરે તો તેઓ ૧૫ ઓગસ્ટથી ફરી એકવાર ઉપવાસ શરૂ કરશે. આ ઉપ વાસ ૨૮ દિવસ સુધી રહેશે. સોનમ વાંગચુક લદ્દાખને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો અને બંધારણીય સુરક્ષાની માંગ કરી રહી છે. તેમનું કહેવું છે કે જો કેન્દ્ર સરકાર આ માંગણીઓ પર વાતચીત માટે લદ્દાખના પ્રતિનિધિઓને આમંત્રણ નહીં આપે તો તેઓ સ્વતંત્રતા દિવસે ૨૮ દિવસના ઉપવાસ શરૂ કરશે.તેમણે જણાવ્યું કે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કારગિલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ પર દ્રાસ આવ્યા હતા, ત્યારે એપેક્સ બોડી લેહ (ABL) અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (KDA)એ તેમને આ માંગણીઓ પર એક મેમોરેન્ડમ સુપરત કર્યુ હતું. તેમણે કહ્યું કે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે મેમોરેન્ડમ સબમિટ કર્યા પછી, અમને વાતચીત માટે આમંત્રણ આપવામાં આવશે, પરંતુ જો આમ નહીં થાય તો અમે ફરીથી વિરોધ શરૂ કરીશું.આ પહેલા આ વર્ષે માર્ચમાં પણ સોનમ વાંગચુકે ૨૧ દિવસના ઉપવાસ કર્યા હતા. પછી તેણે માત્ર મીઠું અને પાણી પીને ઉપવાસ કર્યો. વાંગચુકે સરકાર પર લદ્દાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો અને બંધારણીય સુરક્ષા આપવાના વચનનો ભંગ કરવાનો આરોપ લગાવ્યો છે.ABL અને KDAની લદ્દાખને લઈને ઘણી માંગણીઓ છે. સૌથી મોટી માંગ એ છે કે લદ્દાખને બંધારણની છઠ્ઠી સૂચિમાં સામેલ કરવામાં આવે, જેથી તેને બંધારણીય સુરક્ષા મળી શકે. આ સાથે લદ્દાખને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવો જોઈએ. આની પાછળનો તર્ક એ છે કે અગાઉ લદ્દાખને કલમ ૩૭૦ના કારણે બંધારણીય રક્ષણ મળ્યું હતું, પરંતુ હવે એવું નથી.છઠ્ઠી અનુસૂચિમાં બંધારણની કલમ ૨૪૪(૨) અને કલમ ૨૭૫(૧) હેઠળ વિશેષ જોગવાઈઓ છે. આ કારણે આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમમાં આદિવાસી વિસ્તારોનો વહીવટ છે. છઠ્ઠી અનુસૂચિ હેઠળ આદિવાસી વિસ્તારોમાં સ્વાયત્ત જિલ્લાઓ બનાવવાની જોગવાઈ છે.છઠ્ઠી અનુસૂચિમાં સ્વાયત્ત જિલ્લા પરિષદોની રચના કરવાની જોગવાઈ છે. આ સ્વાયત્ત જિલ્લા પરિષદો પાસે જમીન મહેસૂલ એકત્રિત કરવાની, કર લાદવાની, વ્યાપારનું નિયમન કરવા, ખનિજોના ખાણકામ માટે લાઈસન્સ અથવા લીઝ જારી કરવાની તેમજ શાળાઓ, બજારો અને રસ્તાઓ બનાવવાની સત્તા છે.આ ઉપરાંત, ABL અને KDA એ લદ્દાખમાં પબ્લિક સર્વિસ કમિશન (PSC) ની રચના કરવાની પણ માંગ કરી છે, જેથી સ્થાનિક લોકો માટે રોજગારીની તકો ઊભી કરી શકાય.

## પાકિસ્તાન સરકાર જમાત-એ-ઈસ્લામીના ૩૫ સભ્યોને મુક્ત કરશે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પાકિસ્તાન સરકારે રવિવારે જમાત-એ-ઈસ્લામીના ૩૫ અટકાયત સભ્યોને મુક્ત કરવાની જાહેરાત કરી હતી. સરકારના આ નિર્ણય પાછળનો હેતુ જમણેરી ઈસ્લામિક પાટીને આકાશને આંબી રહેલા વીજળીના બિલ અને વધતા ટેક્સ સામેના વિરોધને સમાપ્ત કરવા માટે સમજાવવાનો છે. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, સરકારે જમાત-એ-ઈસ્લામીની માંગણીઓ પર ધ્યાન આપવા માટે એક તકનીકી સમિતિની પણ રચના કરી છે.જમાત-એ-ઈસ્લામી વીજળી અને કર વધારાના મુદ્દાઓ પર રાવલપિંડીના ગેરિસન સિટીમાં મુરી રોડ પર લિયાકત બાગ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે. માહિતી મંત્રી અતાઉલ્લા તરારે કહ્યું કે, JI સાથેની વાતચીતના પ્રથમ રાઉન્ડ બાદ સરકાર પાટીની માંગ પ્રમાણે તેના ૩૫ સમર્થકોને મુક્ત કરી રહી છે. તેમણે કહ્યું કે સરકાર જેઆઈ પ્રતિનિધિમંડળ દ્વારા રજૂ કરવામાં આવેલી માંગણીઓ માટે પહેલાથી જ સંમત થઈ ગઈ છે કારણ કે તે જનતા પરનો બોજ ઘટાડવા માટે પ્રતિબદ્ધ છે.ડેપ્યુટી ચીફ લિયાકત બલોચના નેતૃત્વમાં ત્રૈં પ્રતિનિધિમંડળ સાથેની બેઠક બાદ તરારએ આ જાહેરાત કરી હતી. જમાત-એ-ઈસ્લામી સાથે વાતચીત માટેના સરકારી પ્રતિનિધિમંડળમાં અતાઉલ્લાહ તરાર, કાશ્મીર બાબતોના મંત્રી ઈજનેર અમીર મકમ, પીએમએલ-એનના વરિષ્ઠ નેતા તારિક ફઝલ ચૌધરી અને વડાપ્રધાનના મીડિયા સંયોજક બદર શાહબાઝનો સમાવેશ થાય છે.

## રોકાણ પર ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સની પ્રથમ બેઠક યોજી

### ટેલિકોમ્યુનિકેશન, ઇનોવેશન વગેરે સહિત જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં વિવિધ ક્ષેત્રોમાં વિવિધ દ્વિપક્ષીય રોકાણની તકો પર રચનાત્મક ચર્ચાઓ કરવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ભારત અને સાઉદી અરેબિયાએ રવિવારે રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ પ્લાન્ટ્સ, નવી અને રિન્યુએબલ એનર્જી અને પાવર સહિત જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં દ્વિપક્ષીય રોકાણના વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી હતી. આ દરમિયાન, રોકાણ પર ભારત-સાઉદી અરેબિયા ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સની પ્રથમ બેઠકમાં, પરસ્પર ફાયદાકારક રીતે દ્વિ-માર્ગીય રોકાણને પ્રોત્સાહન આપવાના પગલાંની સમીક્ષા કરવામાં આવી હતી. વડા પ્રધાનના મુખ્ય સચિવ પીકે મિશ્રા અને સાઉદીના ઉર્જા પ્રધાન પ્રિન્સ અબ્દુલાઝીઝ બિન સલમાન બિન અબ્દુલાઝીઝ અલ સઉદે વર્ચ્યુઅલ મોડમાં તેની સહ-અધ્યક્ષતા કરી હતી.વડા પ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને પક્ષોએ ટાસ્ક ફોર્સની તકનીકી ટીમો વચ્ચે થયેલી ચર્ચાની સમીક્ષા કરી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ પ્લાન્ટ્સ, નવી અને રિન્યુએબલ એનર્જી, પાવર, ટેલિકોમ્યુનિકેશન, ઈનોવેશન વગેરે સહિત જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં વિવિધ ક્ષેત્રોમાં વિવિધ દ્વિપક્ષીય રોકાણની તકો પર રચનાત્મક ચર્ચાઓ કરવામાં આવી હતી. બંને પક્ષોએ રોકાણને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવેલા પગલાંની વિગતવાર સમીક્ષા કરી હતી. પીકે મિશ્રાએ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને વડા પ્રધાનની મુલાકાત દરમિયાન કરવામાં આવેલા US$ ૧૦૦ બિલિયનના રોકાણને સમર્થન આપવાના ભારત સરકારના મજબૂત ઈરાદાનો પુનરોચ્ચાર કર્યો હતો.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને પક્ષો ચર્ચાને આગળ વધારવા અને ચોક્કસ રોકાણો પર સર્વસંમતિ સુધી પહોંચવા માટે બંને પક્ષોની તકનીકી ટીમો વચ્ચે નિયમિત પરામર્શ કરવા માટે સંમત થયા હતા. તેમાં કહેવામાં આવ્યું છે કે પેટ્રોલિયમ સચિવના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ તેલ અને ગેસ ક્ષેત્રમાં પરસ્પર લાભદાયી રોકાણો પર ફોલો-અપ ચર્ચા માટે સાઉદી અરેબિયાની મુલાકાત લેશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સાઉદી અરેબિયાને ભારતમાં સાર્વભૌમ સંપત્તિ ભંડોળ PIF ની ઓફિસ સ્થાપવા માટે પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# વિશેષ

### ફર્સ્ટ ટાઇમ વોટર બનનારા નિરમા યુનિ.ના યુવાનોએ લીધા અચૂક મતદાનના શપથ

# સખીમંડળની ૮૫૦૦ બહેનોએ ત્રણ મહિનામાં ૫ હજાર મે. ટન લીંબોળી એકત્ર કરીને ૪ કરોડની આવક મેળવી

### ૨૮ જિલ્લાઓમાં તાલીમ સંસ્થાઓ દ્વારા ૩.૧૩ લાખથી વધુ મહિલાઓને આત્મનિર્ભર બનવાની તાલીમ મળી







। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના વિકાસના વિઝનમાં ભારતની નારી શક્તિનું ઉત્થાન કેન્દ્રસ્થાને રાખ્યું છે. ખાસ કરીને, ગામડામાં રહેતી મહિલાઓના સશક્તિકરણ પર તેમણે વિશેષ ભાર મૂક્યો છે જેથી તેઓ દેશના અર્થતંત્રમાં યોગદાન આપે અને આત્મવિશ્વાસ સાથે જીવન જીવી શકે. રાજ્યમાં મિશન મંગલમ અંતર્ગત શરૂ કરવામાં આવેલા મહિલા સ્વસહાય જૂથો આ દિશામાં સાર્થક નિવડ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, સ્વસહાય જૂથોને વધુ મજબૂત કરવામાં આવ્યા છે. ૩૧ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સ્વસહાય જૂથની મહિલાઓ સાથે "સખી સંવાદ કાર્યક્રમ" માં સામેલ થશે. ગુજરાતના ગામડાઓની મહિલાઓની સાફલ્યગાથાઓ આજે સૌ માટે પ્રેરણા બની છે. એક ઉદાહરણ જોઈએ તો વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યની ૮૫૦૦ મહિલાઓએ, ત્રણ મહિનામાં ૫ હજાર મેટ્રિક ટન લીંબોળી એકત્ર કરીને ૪ કરોડની આવક મેળવી છે.

GNFC દ્વારા નીમ પ્રોજેક્ટ અન્વયે લીંબોળીનો ઉપયોગ નીમ કોટેડ યુરિયા માટે, દવાઓ, નીમ ઓઈલ તેમજ અન્ય ઉત્પાદનો બનાવવામાં થાય છે. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની (GLPC) હસ્તક સ્વ સહાય જૂથની મહિલાઓ લીંબોળી એકત્ર કરીને, તેના વેચાણથી આવક મેળવી રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં મે થી જુલાઈ માસ દરમિયાન (લીંબોળી પરિપક્વ થવાનો સમયગાળો) રાજ્યના ૧૫ જિલ્લાના સ્વ સહાય જૂથોની ૮૫૦૦ મહિલાઓએ લીંબોળી એકત્ર કરીને ૪ કરોડની આવક મેળવી છે.

**૩.૧૩ લાખથી વધુ મહિલાઓને આત્મનિર્ભર બનવાની તાલીમ મળી**

વર્ષ ૨૦૧૦માં મિશન મંગલમ શરૂ થયા બાદ અત્યારસુધીમાં ગુજરાતના ૨૮ જિલ્લાઓમાં તાલીમ સંસ્થાઓ દ્વારા ૩.૧૩ લાખથી વધુ મહિલાઓને આત્મનિર્ભર બનવા માટે વિવિધ વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવી છે. તાલીમના લીધે મહિલાઓના આત્મવિશ્વાસમાં વધારો થયો છે અને તેમણે પોતાના વ્યવસાય શરૂ કર્યા છે. તેના લીધે તેમના પરિવારની આર્થિક સ્થિતિ સુધરી છે.

**૨૩ લાખથી વધુ મહિલાઓને વીમા કવચ**

રાજ્યમાં ૨.૭૯ લાખથી વધુ સ્વ સહાય જૂથોમાં ૨૭ લાખથી વધુ પરિવારો જોડાયેલા છે. આ પૈકી પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત ૨૩ લાખથી વધુ મહિલાઓને જીવન વીમા અને સ્વાસ્થ્ય સુરક્ષાનો લાભ મળ્યો છે.

**એક લાખથી વધુ જૂથોને ૪૩૩૮ કરોડની લોન**

રાજ્યના ૧૧૮,૦૦૦ જૂથોને માઈક્રોફાઈનાન્સ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ માટે ૪૩૩૮ કરોડની લોન આપવામાં આવી છે. રાજ્યમાં ૧૧૩,૨૮૭ નવા સ્વ સહાય જૂથો બનાવવામાં આવ્યા છે અને ૧૫૬,૨૧૪ જૂથોને ફરીથી સક્રિય કરવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યારે કુલ ૨૬૯,૫૦૭ સ્વ સહાય જૂથો કાર્યરત છે.

**૭ લાખથી વધુ ઘરોમાં ન્યૂટ્રી ગાર્ડન, મેળાઓના આયોજનથી મહિલાઓને ૧૦ કરોડથી વધુની વાર્ષિક આવક**

કુપોષણને દૂર કરવા તેમજ મહિલાઓ માટે આવકના સ્ત્રોત વધારવાના હેતુથી, એગ્રી ન્યૂટ્રી ગાર્ડનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેમાં સ્વસહાય જૂથોને ઉત્તમ ગુણવત્તાના બીજ આપીને ન્યૂટ્રી ગાર્ડન બનાવવા માટે મદદ કરવામાં આવે છે. અત્યાર સુધી ૭,૨૬,૪૯૫ ઘરોને ન્યૂટ્રી ગાર્ડનમાં આવરી લેવામાં આવ્યા છે. તે સિવાય સરસ મેળા, પ્રાદેશિક મેળા, રાખી મેળા, અને નવરાત્રિ જેવા અલગ અલગ વાર્ષિક ૧૦થી ૧૨ મેળાના આયોજનથી મહિલાઓને તેઓ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના વેચાણ થકી આજીવિકા ઊભી કરવામાં એક માર્કેટ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે.

## ન્યૂઝ બ્રિફ

### અરવલ્લીમાં ધોધમાર વરસાદ, રસ્તાઓ પર પાણી વહ્યા

। (એજન્સી) અરવલ્લી, તા.૨૯ ।

વહેલી સવારથી જ ભારે વરસાદ મોડાસા અને મેઘરજ વિસ્તારમાં વરસ્યો છે. બપોરે ૨ વાગ્યા સુધીમાં મોડાસામાં સવા ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે મેઘરજમાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત ભિલોડામાં બે ઈંચ, ધનસુરા અને માલપુરમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. બાયડમાં પણ બે ઈંચ વરસાદ વરસતા રાહત સર્જાઈ હતી. અરવલ્લી જિલ્લામાં વહેલી સવારથી જ ભારે વરસાદ મોડાસા અને મેઘરજ વિસ્તારમાં વરસ્યો છે. બપોરે ૨ વાગ્યા સુધીમાં મોડાસામાં સવા ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે મેઘરજમાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત ભિલોડામાં બે ઈંચ, ધનસુરા અને માલપુરમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. બાયડમાં પણ બે ઈંચ વરસાદ વરસતા રાહત સર્જાઈ હતી. મોડાસાના દધાલીયા અને આસપાસના વિસ્તારમાં ભારે વરસાદને લઈ રસ્તાઓ પર પાણી વહ્યા હતા.

### દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકામાં આવેલો માછણનાળા ડેમ ૭૦% ભરાયો જેને પગલે હાઈ એલર્ટ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

વરસાદની આગાહીના પગલે તાજેતરમાં અવિરત પડી રહેલા વરસાદના કારણે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના માછણનાળા ડેમમાં ૭૦% ટકા પાણીની આવક થતાં અગમચેતીના ભાગરૂપે સાત ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. આ ડેમની પૂર્ણ સપાટી ૨૭૫.૯૦૦ મીટરની છે. આજે તા.૨૯/૦૭/૨૦૨૩ના રોજ ૭૦% પાણી ભરાયા છે. ડેમ પાણીથી હાલ છલોછલ ભરેલો છે ઉપરાંત હજી પણ પાણીની આવક વધવાની શકયતાએ હાલની સપાટી હાઈ એલર્ટ સ્ટેજના લેવલે થયેલ છે. આ શક્યતાઓને ધ્યાને લઈને જિલ્લા કલેક્ટરશ્રી ડો યોગેશ નિરગુડે અને ડિઝાસ્ટર શાખા મામલતદાર દ્વારા ડેમના નીચવાસના ઝાલોદ તાલુકાના ભાનપુર, ચિત્રોડિયા, ધાવડીયા, મહુડી, માંડલીખુટા, મુનખોસલા અને થેરકા એમ મળી કુલ સાત ગામોને સાવચેતીના પગલા લેવા સબંધિત સ્થાનિક લોકોને, ગ્રામ પંચાયત તેમજ તલાટી કમ મંત્રી, મામલતદાર, પ્રાંત અધિકારી તેમજ તાલુકા વિકાસ અધિકારીને સૂચના આપવામાં આવી છે તેમ મામલતદાર ડિઝાસ્ટરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# અડધા ઈંચ વરસાદમાં જ અમદાવાદ શહેરમાં ઠેકઠેકાણે ભરાયા પાણી ગયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

લાંબા વિરામ બાદ અમદાવાદમાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો હતો અને અડધો ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જો કે આગે સે ચલી આતેએની જેમ આ વખતે પણ થોડા વરસાદમાં જ અમદાવાદના અનેક માર્ગો જળમગ્ન બન્યા છે અને નાગરિકોએ એ જ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. અમદાવાદમાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો હતો અને શહેરમાં અડધો ઈંચ જેટલો વરસાદ વરસી ગયો છે. જો કે અડધા ઈંચ વરસાદમાં જ અમદાવાદના અનેક માર્ગો પર પાણી ભરાયા છે. મકરબા વિસ્તારની વાત કરીએ તો મકરબા પોલીસ હેડ ક્વાર્ટર નજીકનો સમગ્ર રસ્તો જળમગ્ન બન્યો છે. અહીં વરસાદી પાણીની સાથે ગટરના પાણી પણ બેક મારતા રસ્તા પર ગટરના પાણી પણ ફરી વળ્યા હતા. વરસાદી પાણી અને ગટરના પાણી ભળતા સમગ્ર માર્ગ જાણે જળમગ્ન બન્યો હતો. જેના કારણે રસ્તો બંધ કરવાની ફરજ પડી હતી.

કલાકો સુધી વરસાદી પાણીનો નિકાલ ન થતા વાહનચાલકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. સમગ્ર માર્ગ પર



પાણી ભરાઈ જતા અનેક ટુવ્હીલર વાહનો બંધ થઈ જતા લોકોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો. પાણી વચ્ચે વાહનો બંધ થઈ જતા દુર્ગંધ મારતા પાણીમાંથી લોકો ચાલવા મજબુર બન્યા છે. વેજલપુરથી મકરબા સુધીના આ રોડ પર દર ચોમાસે આ જ પ્રકારે પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે અને લોકોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. દર વર્ષે પ્રિમોન્સુન કામગીરીના નામે મસમોટા દાવા કરતી મહાનગરપાલિકા શહેરમાં પાણીના નિકાલનું યોગ્ય આયોજન કરી શક્તી નથી.

## અમદાવાદના ડેવલપ્ડ વિસ્તારોમાં ગણાતા શેલા વિસ્તારમાં ફરી રસ્તો ધોવાયો

અમદાવાદના ડેવલપ્ડ વિસ્તારોમાં ગણાતા શેલા વિસ્તારમાં ફરી રસ્તો ધોવાયો છે. રસ્તા પર ઠેર ઠેર કમરતોડ ખાડા પડ્યા છે જેના કારણે વાહનચાલકોને ભારે સમસ્યાનો સામનો કરવો પડે છે. આ જ રસ્તે અગાઉ પણ વિશાળકાળ ભુવો પડ્યો હતો.અમદાવાદમાં ફરી શેલા વિસ્તારમાં રસ્તો ધોવાયો છે. સવારથી શરૂ થયેલા થોડા વરસાદમાં જ શેલામાં રોડ ધોવાઈ ગયો છે. હજુ મહિના પહેલા જ આ વિસ્તારમાં વિશાળકાય ભુવો પડ્યો હતો અને રસ્તા પર ઠેકઠેકાણે પાણી ભરાયા હતા. અનેક જગ્યાએ રોડ પર ખાડા પડ્યા હતા. શહેરના ડેવલપ્ડ વિસ્તારમાં ગણાતો આ રોડ થોડા વરસાદમાં જ ધોવાઈ જાય છે અને ઠેકઠેકાણે કમરતોડ ખાડા પડ્યા છે. વાહનચાલકો આ ખાડામાંથી પસાર થવા મજબુર બન્યા છે. શેલા વિસ્તારના રસ્તાઓને જોતા તો એવુ લાગે કે અમ્યુકો ના અધિકારીઓ જાણે નાગરિક શાસ્ત્ર ભણ્યા જ નથી. જે લોકો ટેક્સ ભરે છે તેમને સારી સુવિધા સુવિધા પણ મળી રહે તે જોવાની ફરજ અમ્યુકો.ની છે પરંતુ રોડ રસ્તાના કામમાં માનીતા અને મળતિયા કોન્ટ્રાક્ટ્રરોને કોન્ટ્રાક્ટ ફાળવી દઈ ભાગબટાઈનો ખેલ ચાલે છે.



નડિયાદથી ખાત્રજ મહેમદાવાદને જોડતા રોડ વરસાદમાં ધોવાઈ ગયો. રોડ પર બનેલ પ્રોટેક્શન વોલ સહિત ૮૦ મીટર જેટલું મસ મોટું ગાબડું પડ્યું.

### આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા જાહેર

## મેલેરિયા સહિત વિવિધ રોગોને અટકાવવા માર્ગદર્શિકા જાહેર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

સમગ્ર રાજ્યમાં ભારે વરસાદના પગલે ચોમાસામાં મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા વગેરેનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેનાથી બચવા આપણે સૌએ તકેદારી રાખવી જરૂરી છે. મેલેરિયા રોગ ચેપી માદા એનોફીલીસ મચ્છર દ્વારા જ્યારે ડેન્ગ્યુ અને ચિકનગુનિયા માદા એડીસ મચ્છરોના કરડવાથી થાય છે. જેથી આ રોગના નિયંત્રણ માટે આપણે સૌએ સહિયારા પ્રયાસો કરવા અનિવાર્ય છે.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગથી બચવા નાગરિકો માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે, જેમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છરો ઘરમાં ન ફેલાય તે માટે ઘરમાં અને ઘરની આજુબાજુમાં પાણી સંગ્રહના પાત્રોને ખુલ્લા ના રાખવા, ઘરની આજુબાજુમાં પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી જોઈએ. મેલેરિયા થયો હોય તેવા વ્યક્તિઓને પૂરેપૂરી સારવાર લેવી જરૂરી છે. વરસાદી સિઝન દરમિયાન બોટલ, ટીન, ટાયર, અને નાળીયેરની કાછલી, ભંગારનો નાશ કરવો. ડેન્ગ્યુ અને ચિકનગુનિયાની કોઈ ખાસ કોઈ દવા ઉપલબ્ધ નથી જેથી નાગરિકોને ડોકટરની સલાહ વિના દવા લેવી નહિ તેમાં પણ એસ્પીરીન જેવી દવાઓનો ઉપયોગ ટાળવો જોઈએ.

મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા રોગના નિયંત્રણ માટે નાગરિકોને તાવ હોય ત્યારે લોહીની તપાસ કરાવી જોઈએ. સાદો મેલેરિયા હોય તો ૧૪ દિવસની અને ઝેરી મેલેરિયા હોય તો ત્રણ દિવસની સંપૂર્ણ સારવાર નાગરિકોએ લેવી જોઈએ. મચ્છરથી બચવા મચ્છર વિરોધી ક્રીમ, કોઈલ અને અગરબત્તીનો ઉપયોગ કરવો જોઈએ. ઘરમાં અને ઘરની આજુબાજુમાં પાણી સંગ્રહના પાત્રોને હવાચુસ્ત ઢાંકણાંથી બંધ રાખવા જોઈએ.

### કર્ણાટક સંઘ અમદાવાદની મહિલા આયામ દ્વારા

## મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું

### મોટી સંખ્યામાં સ્પર્ધકોએ વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો





। અમદાવાદ, તા.૨૯ ।

"અપરાજિતે" કર્ણાટક સંઘ અમદાવાદની મહિલા આયામ દ્વારા આજે મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સ્પર્ધકોએ વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો. આ પ્રસંગમાં ૧. ચિત્રકામ અને કલરકામ ૨. હસ્તકલા (ક્રોશેટ, પેપર આર્ટ, મંડલા, ક્લે મોડેલિંગ) ૩. આગ વગર રસોઈ જેવી વિવિધ સ્પર્ધા કરવામાં આવી હતી.

નીચેના નિર્ણાયકોએ અંતિમ વિજેતા જાહેર કર્યા છે

શ્રીમતી. રેંજુ અશોક, શ્રીમતી. દીપાલી કુલાબકર, શ્રીમતી. સાઈ લક્ષ્મી અને શ્રીમતી દિવ્યા સંગમ. સંઘના મહામંત્રી શ્રીમતી શશી રાવ અને શ્રીમતી. શીલા બેનુર અને શ્રીમતી. વિદ્યા એ.આર.એ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

સંઘના પ્રમુખ શ્રી હણમંત બેન્નુર, સેક્રેટરી શ્રી સુમનલાલ કોડિયાલબેલ, જોઈન્ટ સેક્રેટરી શ્રી સુનિલ કોપ્પર અને સહખજાનચી શ્રી ચંદ્રેશ માડી પણ ઉપસ્થિત રહ્યા હતા. વિજેતાઓને ઈનામ વિતરણ સમારોહ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

શ્રી એચ. વી. બેન્નુર (પ્રમુખ, કર્ણાટક સંઘ અમદાવાદ)
શ્રી સુમનલાલ કોડિયાલબેલ (મંત્રી, કર્ણાટક સંઘ અમદાવાદ)

### નવયુવાન ઓનલાઈન ગેમમાં દેવું થતા ચોરીના માર્ગે

## મોબાઈલનું વળગણ શિક્ષિત યુવા પેઢીને ગેરમાર્ગે દોરે છે

### એક શિક્ષિત સાધન સંપન્ન પરિવારનો દીકરો મોબાઈલના વળગણને પરિણામે ચોરી કરવા લાગ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

મોબાઈલનું વળગણ કેટલી હદે લઈ જાય છે તેનો જીવંત નમૂનો તાજેતરમાં જ સામે આવ્યો છે. આજની યુવા પેઢી બીજા કામો કરતાં પોતાનો વધારે સમય મોબાઈલ પાછળ જ વ્યતીત કરતી જોવા મળે છે. તેના પરિણામના કિસ્સા રોજે સામે આવતા હોય છે. તાજેતરમાં જ શહેરમાં વધુ એક બનાવ સામે આવ્યો હતો જેમાં એક શિક્ષિત સાધન સંપન્ન પરિવારનો દીકરો મોબાઈલના વળગણને પરિણામે ચોરી કરવા લાગ્યો હોવાનું સામે આવ્યું હતું. બનાવની વિગત મુજબ બીએ પાસ થયેલો નવયુવાન ઓનલાઈન ગેમમાં દેવું થતા ચોરી કરવાના માર્ગે દોરાયો હોવાની માહિતી સામે આવી હતી.

શહેરના વસ્ત્રાપુર જેવા પોશ વિસ્તારમાં છેલ્લા કેટલાય દિવસોથી ચોરીની ઘટના સામે આવી રહી છે, જેમાં અત્યાર સુધી ત્રણ દિવસમાં કુલ રૂ. ૪.૪૫ લાખની ચોરીઓની ઘટનાને લઈને વસ્ત્રાપુર પોલીસ એક્શનમાં આવી ગઈ હતી.પોલીસને આ ત્રણે બનાવોની સીસીટીવી ફુટેજ મળી આવતા આરોપીની ઓળખાણ કરવામાં પણ સફળતા મળી હતી. અને પોલીસ દ્વારા તરતજ એક્શન લઈને એક નવયુવાનની ધરપકડ પણ કરવામાં આવી હતો. પકડાયેલો આરોપી મહિલા ASIનો પુત્ર હોવાની વિગતો મળી છે.જેને ઓનલાઈન ગેમ રમવામાં દેવું થઈ જતા તેણે વેબ સિરિઝ જોઈને ચોરીને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. બોડકદેવમાં અકીક ટાવરની પાછળ આવેલા શુભ શાંતિ વિભાગમાં રહેતા દર્શકભાઈ સોની પ્રિન્ટિંગનો વેપાર કરે છે. તેઓ. ૨૫મીએ ઓફિસ ગયા હતા અને પત્ની પણ કામે બહાર ગયા હતા. રાત્રે બંને ઘરે આવ્યા ત્યારે ફલેટનું તાળું તુટેલું હતું, મકાનમાંથી સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૨ લાખની ચોરી થઈ હતી. જ્યારે અન્ય બનાવ વસ્ત્રાપુરના પલક એવન્યુમાં રહેતા હેતલબેન નાયક ઘરને તાળું મારીને માતા-પિતાને મળવા માટે ગોતા ગયા હતા. એ સમયે તેમના મકાન માંથી ચોરે લોખંડની તિજોરીનું લોકર તોડીને રૂ. ૧.૧૧ લાખની ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું. અન્ય એક ઘટનામાં રાજકોટના મયુરભાઈ નાગરેચા બોડકદેવમાં આવેલા શાલીગ્રામ એપાર્ટમેન્ટમાં રહીને સ્કીનની દવાનો વેપાર કરે છે. ૨૫મીએ બંને પતિ પત્ની કામે ગયા હતા તે સમયે કબાટમાંથી તસ્કરો સવા બે તોલાના સોના અને ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૧.૩૨ લાખની મતા ચોરી ફરાર થઈ ગયા હતા. આ ત્રણે મામલે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ કરતા એક આરોપીની ધરપકડ કરી છે. વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એલ. એલ. ચાવડા અને પીએસઆઈ આર. એલ. પટેલની ટીમે યુવરાજ ભટ્ટ (ઉ.૨૧, રહે. જીવરાજપાર્ક)નામના આરોપીની ધરપકડ કરી આ ત્રણેય ચોરીનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે તપાસ કરતા યુવરાજની માતા શહેર પોલીસમાં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હોવાનું સામે આવ્યું છે. અને આરોપીએ બીએ પાસ હોવાનું સામે આવ્યું હતું. પણ ઓનલાઈન ગેમ રમવામાં દેવું થઈ જતા તેણે આ ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું.

આરોપી યુવરાજ ભટ્ટ જીવરાજપાર્ક વિસ્તારમાં રહે છે. જ્યારે તેની માતા પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે. વેબસાઈટ પર ઓનલાઈન ગેમ રમવામાં દેવું થઈ જતા તેણે મની હાઈસ્ટ સિરિઝ જોઈને ચોરીનું પ્લાનિંગ કર્યું હતું. જે અંતર્ગત બપોરે જે બંધ ઘર હોય તેને ટાર્ગેટ કરવા માટે મોઢે રૂમાલ બાંધીને પાનાથી તાળા તોડીને ચોરીની ઘટનાને અંજામ આપતો હતો. તે મુજબ હાલ ત્રણ ચોરીના ભેદ ઉકેલાયા છે, જ્યારે વધુ ચોરી કરી છે કે કેમ તેની તપાસ હજી પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે .

### વડોદરાના અલકાપુરીમાં ડ્રેસ મટીરીયલની દુકાનમાં આગ

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

વડોદરાના અલકાપુરી વિસ્તારમાં આજે સવારે ડ્રેસ મટીરીયલની દુકાનમાં આગ લાગતા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. વડોદરાના બી.પી.સી રોડ પર આવેલા એરીઝ બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ડ્રેસ મટીરીયલ અને સાડીની સંસ્કૃતિ નામની દુકાનમાંથી સવારે ધુમાડા નીકળતા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડે આગ કાબુમાં લઈ આસપાસની દુકાનો બચાવી લીધી હતી. પોલીસે બનાવ અંગે માહિતી મેળવી હતી.

### વડોદરામાં ઓફિસમાં એસીમાં બ્લાસ્ટ થતાં ભારે આગ લાગી

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

વડોદરાના ઓપી રોડ વિસ્તારમાં આવેલી ઈન્સ્યોરન્સ ઓફિસમાં એસીમાં બ્લાસ્ટ થતા આગ લાગી હતી, જેમાં છ લોકોને ઈજા થઈ છે. વડોદરાના ચિત્રા કોમ્પ્લેક્ષના ત્રીજા માળે આવેલી શ્રીરામ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીની ઓફિસમાં આજે સવારે કામકાજ શરૂ થયા બાદ એકાએક એસીમાં બ્લાસ્ટ થતાં આગ લાગી હતી. આગને કારણે કોમ્પ્યુટર, ફર્નિચર તેમજ મહત્વની ફાઈલો આગની ચપેટમાં આવી જતાં બળી ગઈ હતી. જ્યારે બારીઓના કાચ ઉડીને રસ્તા પર ફેંકાયા હતા. ભયંકર બ્લાસ્ટના લીધે લોકો ડરી ગયા હતા અને થોડીવાર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવ બન્યો ત્યારે ઓફિસમાં છ લોકો હાજર હોવાથી તેઓ દાઝ્યા હતા. ફાયર બ્રિગેડ તત્કાલ આવી જતાં આગ કાબુમાં લેવામાં આવી હતી. જ્યારે ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

## કાવતરાં કરનારા સફળ થશે નહીં : જયેશ રાદડિયા

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

ધારાસભ્ય જયેશ રાદડિયાએ ફરી નામ લીધા વિના સંદેશ આપ્યો છે. તેમણે સુરતમાં વિઠ્ઠલભાઈ રાદડિયાની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા રક્તદાન કેમ્પમાં હાજરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મેં કહ્યું હતું ને કે સમાજનો મજબૂત આગેવાન હોય એને સ્વીકારજો, માઈકાંગલાંઓની સમાજને જરૂર નથી. એ પોતે તો તૂટી જશે અને સમાજને પણ તોડી નાંખશે. તાકાતવાળો હોય એને આગળ કરજો. કોઈ પાડી દેવાના કાવતરા કરતા હશે તો તે સફળ થશે નહીં. જયેશ રાદડિયાએ જણાવ્યું હતું કે, મારી એન્ટ્રી સમયે તમે પ્રેમ બતાવ્યો એ સુરતના આંગણે જ પ્રેમ મળી શકે, કામ કરવાની એ શક્તિ દિવસે ને દિવસે અમારામાં કામ કરવાનું બળ પૂરું પાડે છે. વિઠ્ઠલભાઈના આ વારસામાં સામાજિક, રાજકીય કે સહકારી ક્ષેત્ર હોય તો તે કામમાં આપણે વધારો કરી શક્યા છીએ. રાજકીય માણસનું કામ માત્ર રાજનીતિનું હોય. પરંતુ રાજનીતિથી ઉપર ઊઠીને આજે ઉલ્લેખ થયો સમાજની વાતનો. કોણે ક્યાં શું કર્યું? ક્યાં કેટલી ખાનદાની હોય ક્યાં કેટલી વફાદારી હોય, એ ટૂંક સમયમાં સમય આવ્યે મારી બતાવવાની તૈયારી છે.મેં કહ્યું હતું ને કે સમાજનો મજબૂત આગેવાન હોય એને સ્વીકારજો, માઈકાંગલાંઓની સમાજને જરૂર નથી. એ પોતે તો તૂટી જશે અને સમાજને પણ તોડી નાંખશે. રાજકીય રીતે મજબૂત આગેવાન મળે ત્યારે જયેશ રાદડિયાની નીચે બેસવાની તૈયારી છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજનીતિ, સહકારી ક્ષેત્ર કે સમાજમાં અમે હાથ અમારા ચોખ્ખા રાખ્યા છે અને પેટમાં પાપ નથી. અમે કોઈનું સારું ના કરી શકીએ તો કોઈને પાડી દેવાની અમારામાં ક્યારેય નીતિ આવી નથી. સારું ન કરી શકીએ તો અમે કહી દઈએ કે આ અમારાથી નથી થાય એમ. પણ મારાથી નથી થાય એમ તો કોઈ ન કરી જવો જોઈએ અને કોઈને કરવા દેવાની વૃત્તિ અમારામાં નથી કારણ કે આ વિઠ્ઠલભાઈનું લોહી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨